**આજનો સુવિચાર**

વિશ્વાસથી વિશ્વાસ જન્મે છે અને અવિશ્વાસથી અવિશ્વાસ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૮ જૂનાગઢ તા.૧૩-૦૧-૨૦૨૫ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 28, Junagadh : Date : 13 January, 2025, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# મહાકુંભનો ભવ્ય પ્રારંભ : ૧ કરોડ શ્રધ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું





પ્રયાગરાજ તા.૧૩ મહાકુંભનો શુભારંભ થઈ ગયો છે. આજે પોષ પૂર્ણિમાનું પ્રથમ સ્નાન છે. આ પ્રસંગે ૧ કરોડ ભક્તો સંગમમાં સ્નાન કરી રહ્યા છે. દર કલાકે બે લાખ લોકો સંગમ ઘાટે સ્નાન કરી રહ્યા છે. ભક્તો આજથી જ ૪૫ દિવસના કલ્પવાસનો પ્રારંભ કરશે. સંગમ ઘાટ સહિત લગભગ ૧૨ કિમી વિસ્તારમાં સ્નાનઘાટ બનાવવામાં આવ્યા છે. સંગમમાં પ્રવેશના તમામ માર્ગો પર ભક્તોની ભીડ છે. મહાકુંભમાં વાહનોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે ભક્તો ૧૦-૧૨ કિલોમીટર ચાલીને સંગમ પહોંચે છે.

૧૪૪ વર્ષમાં દુર્લભ ખગોળીય સંયોગમાં મહાકુંભ યોજાઈ રહ્યો છે. મુખ્યમંત્રી યોગીએ પોષ પૂર્ણિમાની શુભેચ્છા પાઠવી છે.

ગૂગલે પણ મહાકુંભને લઈને એક ખાસ ફીચર શરૂ કર્યો છે. મહાકુંભ ટાઈપ કરતાની સાથે જ પેજ પર વર્ચ્યુઅલ ફૂલોનો વરસાદ થઈ રહ્યો છે. એપલના કો-ફાઉન્ડર સ્ટીવ જોબ્સની પત્ની લોરેન પોવેલ જોબ્સ પણ મહાકુંભમાં પહોંચ્યા છે. તેમણે નિરંજની અખાડામાં ધાર્મિક વિધિઓ કરી હતી. તેઓ કલ્પવાસ પણ કરશે.

## આજથી ૪૫ દિવસ સુધી ચાલનારા કુંભમેળામાં ૪૦ કરોડ શ્રધ્ધાળુઓ આવશે : ૨૫૦૦૦ કરોડની કમાણી : ૨૦૦ અબજનું ટર્નઓવર

પ્રયાગરાજ, તા.૧૩: પ્રયાગરાજમાં સંગમ નદીના કિનારે ૪૫ દિવસનો મહા કુંભ મેળો આજથી પ્રારંભ થયો છે અને ૪૫ દિવસ સુધી ચાલશે. મહાકુંભના આજે પહેલા દિવસે લગભગ ૧૦ લાખ શ્રદ્ધાળુઓ આવવાની અપેક્ષા છે. ઉત્તર પ્રદેશ સરકારે ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી વચ્ચે ૪૦ કરોડ મુલાકાતીઓના આગમનનો અંદાજ લગાવ્યો છે. એવો અંદાજ છે કે મહાકુંભ ૨૦૨૫ સરકાર માટે ૨૫,૦૦૦ કરોડ રૂપિયાની આવક પેદા કરી શકે છે, જે ઉત્તર પ્રદેશના અર્થતંત્રને ૨ ટ્રિલિયન રૂપિયા એટલે કે ૨૦૦ અબજ રૂપિયાનો આર્થિક લાભ આપી શકે છે. આ કાર્યક્રમથી સ્થાનિક સ્વસહાય જૂથો, કારીગરો, હોટેલિયરો, હોમસ્ટે માલિકો, રેસ્ટોરન્ટ સંચાલકો અને ખાદ્ય વિક્રેતાઓને લાભ થવાની અપેક્ષા છે, જેમાં ડાબર, મધર ડેરી અને ITC જેવી મુખ્ય બ્રાન્ડ્સ રૂ. ૩,૦૦૦ કરોડ ખર્ચ કરશે એવો અંદાજ છે.

સત્તાવાર અંદાજ મુજબ ૨૦૧૯ના કુંભમાં ૨૪ કરોડ ભક્તોએ હાજરી આપી હતી, જ્યારે ૨૦૧૩ના પૂર્ણ કુંભ, જે તે સમયે અલ્હાબાદ તરીકે ઓળખાતું હતું, તેમાં ૧૨ કરોડ ભક્તોએ હાજરી આપી હતી. ૨૦૧૬ના ઉજ્જૈન કુંભ (સિંહસ્થ)માં ૭.૫ કરોડ ભક્તોએ હાજરી આપી હતી.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**
(જૂનાગઢ આવૃતિ)
**અંક બંધ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય (જૂનાગઢ આવૃતિ) મકરસંક્રાંતિ પર્વ નિમિતે રજા પાળતું હોય, તા. ૧૪-૧-૨૦૨૫નો અંક પ્રસિધ્ધ થશે નહી. તા. ૧૫-૧-૨૫ બુધવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપન દાતાઓ, ફેરીયાઓએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

## ડોલર સામે રૂપિયાનું ઐતિહાસીક ધોવાણ : ૮૬.૩૩નું નવું તળીયું

મુંબઈ,તા.૧૩ કરન્સી માર્કેટમાં કેટલાંક વખતથી સતત દબાણ હેઠળ રહેલા ભારતીય રૂપિયાએ પણ આજે ડુબકી લગાવી હતી. આજે પ્રારંભીક કલાકમાં જ ૩૬ પૈસાના ધરખમ કડાકાથી ડોલર સામે રૂપિયો ૮૬.૩૩ નવા તળીયે ઘસી પડયો હતો. શેરબજારમાં પણ ગાબડુ પડયુ છે.

અર્થતંત્ર સંબંધી અનિશ્ચિતતાનો સંકેત આપતા આંકડા તથા વિકાસદર અનુમાન કરતાં નીચો રહેવાના રીપોર્ટ વચ્ચે કરન્સી માર્કેટમાં આજે જોરદાર કડાકો નોંધાયો હતો. ઈતિહાસમાં પ્રથમ વખત ડોલર સામે રૂપિયો ૮૬ ના સ્તરને વટાવી ગયો હતો.

રૂપિયાની નબળાઈને પગલે આયાતી ચીજો મોંઘી થવા, મોંઘવારી ભડકવા સાથે આર્થિક મોરચે નવો પડકાર સર્જાઈ શકે છે અને રૂપિયાની નબળાઈથી તેના આયાત વધુ મોંઘી થઈ શકે છે. આ સિવાય ખાતર સહીત આયાત થતી તમામ ચીજવસ્તુઓનું ભાવમાં વધારાનું જોખમ રહેશે.

## શેરબજાર કડડભૂસ : સેન્સેક્સમાં ૮૦૦ પોઈન્ટનું ગાબડું

મુંબઈ, તા.૧૩: શેરબજારમાં ચાલી રહેલ ઘટાડો અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યો નથી. આજે ફરી એકવાર મોટા ઘટાડા સાથે શરૂઆત થઈ છે. બંને મુખ્ય શેરબજાર સૂચકાંકો, BSE સેન્સેક્સ અને નિફ્ટી, લાલ રંગમાં ખુલ્યા અને તૂટી પડયા. શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ ૮૪૩.૬૭ પોઈન્ટ ઘટીને ૭૬,૫૩૫.૨૪ પર ખુલ્યો. તે જ સમયે, નિફ્ટી ૨૫૮.૮ પોઈન્ટ ઘટીને ૨૩,૧૭૨.૭૦ પોઈન્ટ પર ટ્રેડ થતો જોવા મળ્યો.આ ઘટાડાને કારણે, BSE લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૪.૫૩ લાખ કરોડ રૂપિયા ઘટીને ૨૨૫.૧૪ લાખ કરોડ રૂપિયા થયું છે. ડીમાર્ટનું સંચાલન કરતી કંપની એવન્યુ સુપરમાર્ટ્સના શેર લગભગ છ ટકા ઘટયા છે.ભારતીય રૂપિયાનો ઘટાડો અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યો નથી. આજે શરૂઆતના કારોબારમાં ડોલર સામે તે ૮૬ ની સપાટીથી નીચે આવી ગયો. પહેલી વાર રૂપિયો આટલા નીચે ગયો છે. શરૂઆતના કારોબારમાં રૂપિયો યુએસ ડોલર સામે ૨૭ પૈસા ઘટીને ૮૬.૩૧ ના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચી ગયો. અમેરિકાના તાજેતરના જોબ રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે ફેડરલ રિઝર્વ આ વર્ષે વ્યાજ દરમાં વધુ ઘટાડો કરશે નહીં. આનાથી ડોલર મજબૂત થયો છે.

## ગુજરાતમાં વધુ એક કાતિલ શીતલહેર

અમદાવાદ તા.૧૩ ગુજરાતમાં બેથી ત્રણ દિવસના ઠંડીમાંથી વિરામ બાદ ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે. રાજયના વિવિધ જિલ્લાઓનું લઘુતમ તાપમાન ૨થી ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટતા ગુજરાતવાસીઓ કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હજુ પણ આગામી બે દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેવાની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે જે ઉત્તરાયણ સુધી યથાવત્ રહેવાની સંભાવના છે.

## લોસ એન્જલસમાં ફાટી નીકળેલી આગનો મૃત્યુઆંક ૨૪
## ૧૨૦૦૦ ઈમારતોનો નાશ : આગ હજી વિકરાળ બનશે



ન્યુયોર્ક, તા.૧૩: અમેરિકાનો સૌથી પોશ વિસ્તાર લોસ એન્જલસ છેલ્લા ૬ દિવસથી સળગી રહ્યો છે. જંગલોમાંથી ફેલાઈ રહેલી આગ રહેણાંક વિસ્તારો સુધી પહોંચી ગઈ છે. આ આગ અમેરિકાના ઈતિહાસમાં સૌથી વિનાશક આગ છે. જે લગભગ ૪૦ કિલોમીટરના વિસ્તારને આવરી લેતું હતું. આમાં ૧૨ હજારથી વધુ ઈમારતો બળીને રાખ થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે, લોસ એન્જલસ ફિલ્મ સ્ટાર્સના રહેઠાણ માટે પ્રખ્યાત છે. તે જ સમયે, ભારે પવનોએ લોસ એન્જલસમાં જંગલની આગને વધુ વિનાશક બનાવી દીધી છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે આગમાં ઓછામાં ઓછા ૨૪ લોકો માર્યા ગયા છે.

વાસ્તવમાં, અગ્નિશામકો આગને કાબુમાં લેવા માટે ખૂબ જ પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ જોરદાર પવન તેમના કામને મુશ્કેલ બનાવી રહ્યો છે. દરમિયાન, હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આ અઠવાડિયે ફરીથી જોરદાર પવન ફૂંકાતા આગ વધુ વિકરાળ બની શકે છે.

## અમરેલી લેટરકાંડના ઉગ્ર પડઘા : સુરતમાં પોલીસ સાથે ઘર્ષણ
## ધાનાણી-દુધાતની અટકાયત : ત્રણ પોલીસ કર્મી સસ્પેન્ડ

સુરત / અમરેલી તા.૧૩ હાલમાં ગુજરાતમાં સળગી રહેલા અમરેલી લેટરકાંડ મામલે આજે સુરતમાં પરેશ ધાનાણીએ ધરણાં પ્રદર્શનનું આયોજન કર્યું હતું. વરાછા ખાતે મીની બજારના માનગઢ ચોક ખાતે પરેશ ધાનાણી સહિતના કોંગ્રેસના આગેવાનો ધરણાં કરે તે પહેલાં જ પોલીસે તમામની અટકાયત કરી લીધી હતી. પોલીસે વહેલી સવારથી જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. વગર મંજૂરીએ ધરણાં કરવા આવતા પોલીસે પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત સહિત ૪૦થી ૫૦ કોંગી આગેવાનોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત મોડીરાત્રે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા ત્રણ પોલીસકર્મીઓને ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કર્યા હતા. સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં હેડ કોન્સ્ટેબલ કિશન આસોદરીયા, પોલીસ કોન્સ્ટેબલ વરજાંગ મૂળીયાસીયા અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ હીનાબેન મેવાડાનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે અને આગામી સમયમાં વધુ અધિકારીઓ સામે કાર્યવાહી થવાની શક્યતા છે.


સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**

**મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.**

સીંગતેલ લેવા માટેનું સ્થળ :
**ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

**ધમાકા એક્ષચેન્જ ઓફર**
**તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ**
**આ ઓફર ટુંક સમયમાં માટે જ છે**

PARDAWALA

બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

**સી.સી. પડદાવાલા**

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત**
**(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )**
**અન્યો માટે રાહતદરે સારવાર**

**હરિ-કલા**
**યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
**જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન**

**ઉપલબ્ધ સેવાઓ :**

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ. LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર બ્રીજ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
**શંખ બ્રાન્ડ મસાલા**
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો

# બેટ દ્વારકા વિસ્તારમાં ત્રીજા દિવસે પણ ડિમોલિશનનો ધમધમાટ : બે દિવસમાં ૧૧૧ દબાણો ધ્વસ્ત થયા





## કુલ રૂા.૧૩.૧૩ કરોડની જગ્યા ખુલ્લી કરાઈ : અનધિકૃત મકાનોમાં વીજ જોડાણો કઈ રીતે ? : ચર્ચાતો સવાલ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દ્વારકા પંથકમાં શનિવારથી શરૂ થયેલા ઓપરેશન ડિમોલીશનના બીજા રાઉન્ડમાં ગઈકાલે રવિવારે પણ તંત્રએ દબાણ હટાવ ઝુંબેશ જારી રાખી હતી. ત્યાર પછી આજે સોમવારે પણ સવારથી બેટ દ્વારકાના બાલાપર વિસ્તારમાં તંત્ર દ્વારા અનઅધિકૃત અતિક્રમણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. છેલ્લા બે દિવસના સમયગાળામાં દ્વારકાના રેવન્યુ તંત્ર તેમજ જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા કરવામાં આવેલી કામગીરીમાં આશરે રૂપિયા ૧૩.૧૩ કરોડ જેટલી કિંમતના ૧૧૧ જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા છે. ઐતિહાસિક મહત્વ ધરાવતા દ્વારકા તેમજ બેટ દ્વારકામાં વધી ગયેલા અનઅધિકૃત બાંધકામ ઉપર દ્વારકા રેવન્યુ તંત્રએ લાલ આંખ કરી અને આયોજનબદ્ધ રીતે કરેલી કાર્યવાહીના અંતે શનિવારે અનિવાર્ય જણાતા વધુ એક વખત બેટ દ્વારકાના બાલાપર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. દ્વારકાના પ્રાંત અધિકારી આઈ.એ.એસ. અમોલ આવટે તથા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની ટીમ દ્વારા કોઈપણ અનિચ્છનીય બનાવના બને તે અંગેની પૂરી તકેદારી સાથે શનિવારે જુદા જુદા રહેણાંક વિસ્તારના ગેરકાયદેસર બાંધકામને હટાવવાની કામગીરી શરૂ કરાઈ હતી. જેમાં શનિવારે પ્રથમ દિવસે રૂ. ૬.૭૨ કરોડની કિંમતની ૧૨૫૦૦ ચોરસ મીટર ગૌચર સહિતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. અનેક દબાણકર્તા આસામીઓને તેઓના દબાણ અંગેની નોટિસ ફટકારવામાં આવી છે. ત્યારે શનિવારે અધૂરી રહેલી કામગીરી ગઈકાલે રવિવારે સવારથી પુનઃ આદરવામાં આવી હતી. જેમાં પોલીસ કાફલાના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રેવન્યુ તંત્રએ બાલાપર વિસ્તારમાં જ ડિમોલિશન અંગેની કામગીરી કરી હતી. જાહેર કરવામાં આવેલી વિગત મુજબ રવિવારે વધુ ૪૫ રહેણાંક દબાણોને ખુલ્લા કરવામાં આવ્યા છે. બે દિવસમાં અંદાજિત ૨૪,૪૦૦ ચોરસ મીટર જમીન ઉપરના બાંધકામો હટાવાયા છે. આ જગ્યાની કુલ બજાર કિંમત ૧૩.૧૩ કરોડથી વધુ આંકવામાં આવે છે. બેટ દ્વારકા વિસ્તારમાં તંત્રની કામગીરીમાં કોઈ અડચણ ન થાય તે માટે સમગ્ર પંથકને જાણે કોર્ડન કરી દેવામાં આવ્યો હોય તેમ બહારથી યાત્રાળુઓની અવરજવર મહદ અંશે બંધ થઈ ગઈ છે. આટલું જ નહીં, અહીં કોઈ તોફાની તત્વો માથું ન ઊંચકે અને કાયદાનો અહેસાસ થાય તે માટે પોલીસની ટીમ દ્વારા સમગ્ર વિસ્તારમાં વાહનોના કાફલા સાથે ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ પણ કરવામાં આવ્યું હતું.

લાખો ફૂટ જગ્યામાં ઉભા કરાયેલા અનઅધિકૃત મકાનોમાં વીજ કનેક્શન કેવી રીતે ? : ચર્ચાતો સવાલ

બેટ દ્વારકા પંથકમાં અનેક લોકોએ "સબ ભૂમિ ગોપાલ કી" સમજીને સરકારી જગ્યા વણાંકી લીધી છે. એટલું જ નહીં, અહીં આ વિશાળ મકાનો પણ બની ચૂક્યા છે, ત્યારે મૂળ પાયાનો સવાલ એ થાય છે કે આવડા મોટા મકાનોમાં દબાણકર્તાઓએ વીજ કનેક્શનનો લીધા કયા મુદ્દે..? જો અહીં પૂરતી તકેદારી રાખીને વિજ જોડાણ ન આપવામાં આવ્યા હોય કે આવા બાંધકામ થાય તે પૂર્વે જ સ્થાનિક જવાબદારોએ કાર્યવાહી કરી હોય તો આટલા મોટાપાયે દબાણ ન થાય તે મુદ્દો પણ સ્થાનિકોમાં ચર્ચા રહ્યો છે. હાલ બેટ દ્વારકામાં ઓપરેશન ડિમોલિશનનો બીજો રાઉન્ડ શરૂ થયો છે અને છેલ્લા દિવસના આ સમયગાળામાં કુલ રૂપિયા ૧૩.૧૩ કરોડની કિંમતની ૨૪,૪૦૦ ચોરસ મીટર જગ્યા પરના ૧૧૧ દબાણો દૂર કરવામાં આવ્યા છે. અનેક પાકા મકાનો ખંઢેર બની ચૂક્યા છે અને આ તમામ કામગીરીના ડ્રોન વિડીયો પણ સામે આવ્યા છે. ત્યારે આ ઝુંબેશ હજુ પણ જારી રહેશે. તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

**કોરિડોર પ્રોજેક્ટ તેમજ વિકાસ કાર્યોને ધ્યાનમાં લઈને હાથ ધરાયુ ડિમોલીશન : એસ.ડી.એમ.**

દેવભૂમિ દ્વારકામાં સરકાર દ્વારા હાલ કોરિડોર પ્રોજેક્ટની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેને અનુલક્ષીને દ્વારકા તેમજ બેટ દ્વારકામાં ચાલતા ડેવલોપમેન્ટ પ્રોજેક્ટને ધ્યાનમાં લઈને આ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા છેલ્લા ૧૫ દિવસમાં આશરે ૨૫૦ જેટલી નોટિસ ઈસ્યુ કરવામાં આવી હતી. તાજેતરમાં દ્વારકાના લાઈટ હાઉસ વિસ્તારમાંથી આશરે રૂપિયા દોઢ કરોડની કિંમતની ૧૫૦ સ્કવેર મીટર જમીન તેમજ દ્વારકાના મેઈન રોડ વિસ્તારમાં રૂપિયા પાંચ કરોડ જેટલી કિંમતના ૫૦૦ સ્કવેર મીટર તેમજ હાથી ગેટ વિસ્તારમાં પણ ૨૦૦ સ્કવેર મીટર ગેરકાયદેસર દબાણો દૂર કરી, બાલાપર બેટ દ્વારકા વિસ્તારમાં ઓપરેશન ડિમોલીશન હાથ કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા અહીં કરવામાં આવેલા સરવેમાં ગૌચરની જમીન પર ખડકી દેવામાં આવેલા રહેણાંક મકાનોને આજરોજ ધ્વસ્ત કરવામાં આવ્યા છે. આ પૂર્વે સ્થાનિક તંત્ર દ્વારા સમયાંતરે નોટિસો તેમજ ગત તારીખ ૮ તથા ૯ ના રોજ જન સુનાવણી કરી અને અરજદારોના ડોક્યુમેન્ટ વેરીફાઈ કરવા અંગેની ધોરણસર કાર્યવાહી કરાઈ હતી. જેમાં ગૌચર સહિતની સરકારી જગ્યાને ખુલ્લી કરવામાં આવી હોવાનું પ્રાંત અધિકારી અમોલ આવટેએ જણાવ્યું હતું.

**બેટ દ્વારકા વિસ્તારમાં તંત્રના ઓપરેશન ડિમોલેશનમાં પોલીસનો કડક બંદોબસ્તઃ એસ.પી. પાંડેય**

આ વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા સંપૂર્ણપણે સાવચેતી તેમજ સીસી ટીવી અને ડ્રોન કેમેરાની મદદથી બાજ નજર રાખવામાં આવી રહી છે. આ દબાણ હટાવ ઝુંબેશમાં પોલીસ તંત્ર સાથે રેવન્યુ તંત્ર, પી.જી.વી.સી.એલ. તેમજ સ્થાનિક નગરપાલિકાનો સ્ટાફ પણ જોડાયો છે. તેમ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જણાવાયું છે. અહીં હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે એસ.આર.પી., એમ.ટી.એફ.ના જવાનોને સ્ટેન્ડ ટુ રાખવામાં આવ્યા છે. દરિયાઈ વિસ્તારમાં કોઈ ઈસ્યુ ન થાય તે માટે દરિયાઈ પેટ્રોલિંગ તેમજ ડ્રોન પેટ્રોલિંગ પણ હાથ ધરવામાં આવ્યું છે. તેમ પોલીસ વડા દ્વારા વધુમાં જણાવાયું છે. બેટ દ્વારકા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશમાં મંદિર તેમજ અન્ય નિત્યક્રમ જારી રાખવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં રહેતા લોકોને તમામ જીવન જરૂરી ચીજ વસ્તુઓ મળી રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા જરૂરી સાથ સહકાર આપવામાં આવી રહ્યો છે. જ્યારે આ વિસ્તારમાં બહારના લોકોની અવર-જવર અટકાવી દેવામાં આવી છે અને બજારોમાં લોકોના ટોળા એકત્ર ન થાય તે માટેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. અહીં અનેક આસામીઓને દબાણ હટાવવાની નોટિસો આપવામાં આવી ચૂકી છે. ત્યારે આ ઝુંબેશ હજુ આગામી દિવસોમાં પણ જારી રહેશે તેઓ સંકેત સૂત્રો દ્વારા આપવામાં આવ્યો છે.

**સવા બે પૂર્વે સાડા ત્રણ લાખ ફૂટ જગ્યા ઉપરનું દબાણ હટાવાયું હતું**

અત્રે ઉલ્લેખનીય છે કે ગત ઓક્ટોબર ૨૦૨૨ માસમાં બેટ દ્વારકા વિસ્તારમાં તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન ડિમોલિશનમાં કોમર્શિયલ તેમજ અન્ય મળી કુલ ૨૬૨ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેમાં રૂા.૭.૫૯ કરોડની કિંમતની આશરે સાડા ત્રણ લાખ ફૂટ જેટલી જગ્યા ખુલી કરવામાં આવી હતી.

# અબોલ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને કલ્યાણના હેતુસર જનજાગૃતિ માટે રાજ્યભરમાં તા.૧૪ થી ૩૦ જાન્યુઆરી સુધી "પ્રાણી કલ્યાણ પખવાડીયું" ઉજવાશે

ગાંધીનગર તા.૧૩ : રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આગામી તા.૧૪ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધી "પ્રાણી કલ્યાણ પખવાડીયા"ની ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહ દરમ્યાન રાજ્યભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે તે સંલગ્ન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, રાજ્યની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત નાગરિકો દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ કેમ્પ એંટીરેબીસ કંટ્રોલ પ્રોગ્રામ તથા તાલીમ શિબિર જેવા પ્રાણી કલ્યાણના વિવિધ કાર્યક્રમો યોજાશે. આ પખવાડીયા દરમિયાન "ઓક્સીટોસીન" ઈંજેક્શનના દુરૂપયોગ બાબતે લોક જાગૃતી કેળવવી, મોટા પ્રમાણમાં પક્ષીઓ માટે સાનુકુળ વૃક્ષો જેવા કે જાંબુ, લીમડો, પીપળ, શીમળના વાવેતર માટે નાગરિકોને અનુરોધ કરાશે. પશુ પક્ષીઓને પુરતા પ્રમાણમાં ખોરાક અને પાણી મળી રહે તે માટે માટીના વાસણ-કુંડાનું વિતરણ કરાશે. આ ઉપરાંત સમગ્ર પખવાડિયા દરમિયાન જનજાગૃતિને લગતા કાર્યક્રમોનું આયોજન કરીને શાળા, કોલેજ, કન્યા કેળવણી મંડળો તેમજ ગ્રામ પંચાયતો અને નગરપંચાયતો તરફથી પ્રાણી કલ્યાણ અને પ્રાણી પ્રત્યે પ્રેમ, દયા વિશે ચર્ચાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ પણ યોજાશે. ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા જનજાગૃતિ માટે વિવિધ પોસ્ટરો છપાવવા ઉપરાંત પ્રાણી કલ્યાણ પખવાડિયા દરમિયાન ગ્રામ્ય કક્ષાએ યોજાતી શિબિરો દરમિયાન ગૌવંશ હત્યાના પ્રતિબંધ ધારો અમલમાં છે તેની જનજાગૃતિ કેળવવા માટે પ્રચાર કરાશે. છમ્ઝ રૂલ્સ-૨૦૨૩ના ચુસ્ત અમલીકરણ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થા સાથે સંકલન કરી એનીમલ બર્થ કન્ટ્રોલ પ્રોગ્રામના અમલીકરણ દરમ્યાન શ્વાનો ઉપર ક્રુરતા ન થાય તે બાબત અંગે ધ્યાન રાખવા સૂચના આપવી તેમ યાદીમાં વધુમાં જણાવ્યું હતું.

# અદાણી વિદ્યામંદિરના પ્રયાસોથી સમીનાના અંધકારમય જીવનમાં પ્રકાશ પાથર્યો




(પ્રતિનિધિ દ્વારા)

મુંદ્રા તા.૧૩

'તમસો મા જ્યોતિર્ગમય' મુંદ્રાના દરિયાકિનારે વસતા લુણીગામમાં આજીવિકા માટે લોકોને અસામાન્ય સંઘર્ષોનો સામનો કરવો પડે છે. તેમાંય માછીમાર સમુદાયના લોકો વિશે તો કહેવું જ શું ? અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વર(AVMB) આ વંચિત સમુદાયના બાળકોને શિક્ષણ થકી આત્મનિર્ભર બનાવવા ભરસક પ્રયાસો કરી રહ્યું છે. જન્મથી અંશતઃ જોઈ શકતી એક દિકરીના જીવનમાં અજવાળા પાથરવા અદાણી વિદ્યામંદિરએ કરેલા પ્રયાસો આજે રંગ લાવ્યા છે. ત્રણ બહેનોમાં સૌથી નાની રેલિયા સમીના રફીકભાઈ એવા પરિવારમાં જન્મી જ્યાં સપનાઓ રોજિંદા જીવનના સંઘર્ષમાં ભૂલાઈ જતા હોય છે. માછીમાર પિતા અને ગૃહિણી માતાના સંસાધનો પરિવારનું ભરણપોષણ કરવામાં ટૂંકા પડતા હતા. વળી જન્મજાત મોતિયાથી ઢંકાયેલી સમીનાની આંખોએ તેની દુનિયા જાણે અંધકારમય બનાવી દીધી હતી. જોકે તેના અંધકારમયમાં પ્રકાશ પાથરવા અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વરે કમર કસી લીધી. પહેલા ધોરણમાં સમીનાએ અદાણી વિદ્યામંદિરમાં પગ મૂક્યો ત્યારથી જ સમીનાનું જીવન બદલાવા લાગ્યું. સમીના માટે AVMB એ માત્ર એક પગથિયું નહોતું પણ ઉજ્જવળ અને આશાસ્પદ ભવિષ્યનો પાયો હતો. AVMB એ સમીનાના સંઘર્ષોને પોતાના બનાવી તેના જીવનમાં પરિવર્તન લાવવાનું મિશન હાથ ધરી લીધું. AVMB દ્વારા આયોજિત આરોગ્ય શિબિરોમાં સમીનાની શારિરીક અને માનસિક સ્થિતિનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવતું. તેના માતાપિતાને આંખની સર્જરીની જરૂરિયાત વિશે શંકા-કુશંકાઓ દૂર કરવા સલાહ આપવામાં આવી હતી. શિક્ષકોએ સંઘર્ષના સૌથી મુશ્કેલ તબક્કા દરમિયાન પણ તેનું શિક્ષણ ચાલુ રાખ્યું. આખરે નવેમ્બર- ૨૦૨૪માં મોતિયાની શસ્ત્રક્રિયા માટે તેના પરિવારે મંજૂરી આપી અને પછી જે બન્યું એ જાણે ચમત્કાર જ હતો. મોતિયાની સફળ સર્જરી બાદ સમીનાની આંખો સામેના અંધારા દૂર થયા, હવે તે નરી આંખે રંગીન દુનિયાનો નજારો માણી શકે શકે છે. દિકરીનું દર્દ દૂર થતા સમીનાના માતા-પિતાનો હરખ સમાતો નહતો. કરૂણા, સમર્પણ અને અવિરત પ્રયાસો અંધકારમાં ડૂબેલ જીવનમાં કેવી રીતે પ્રકાશ ફેલાવી શકે છે તેનું આ ઉત્તમ અને ઉમદા ઉદાહરણ છે. સાતમા ધોરણની વિદ્યાર્થિની સમીના આજે તેનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહી છે. પ્રથમ સર્જરીની સફળતાથી પ્રોત્સાહિત અદાણી વિદ્યામંદિર એ સમીનાની બીજી આંખના મોતીયાનું ઓપરેશન કરાવવા પણ માર્ગદર્શન આપ્યું અને તે આગામી દિવસોમાં એ પાર પડાશે. શાળાએ સમીનાને મફત ગણવેશ, પાઠયપુસ્તકો, નોટબુક, પૌષ્ટિક ભોજન અને પરિવહન-સુનિશ્ચિત કર્યું જેના થકી તેનું શિક્ષણ અવિરત અને સુલભ બન્યું છે. અદાણી વિદ્યામંદિરનો આભાર માનતા સમીનાના માતા-પિતા જણાવે છે કે, "અદાણી વિદ્યામંદિર માત્ર એક શાળા જ નથી; તે એક એવો પરિવાર છે જે સપનાઓને પોષે છે અને જીવનમાં પરિવર્તન લાવે છે," તેની માતા કૃતજ્ઞતાના આંસુ સાથે શાળાના પ્રયાસોને બિરદાવી રહી છે. અંધકારથી પ્રકાશ તરફની તેની આ ગાથા અદાણી વિદ્યામંદિરના સર્વાંગી શિક્ષણની ફિલસૂફીનું પ્રમાણપત્ર છે. સાતમા ધોરણની વિદ્યાર્થિની સમીના આજે તેનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહી છે.

# પુણ્ય શ્લોકા દેવી શ્રી અહલ્યાબાઈ હોલકર ત્રીશતાબ્દી સમારોહ સમિતિ તથા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત યુવા સંમેલન યોજાયું




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૩

જય સોમનાથ, પુણ્ય શ્લોકા દેવી શ્રી અહલ્યાબાઈ હોલકરની ૩૦૦ મી જન્મ જયંતી નિમિત્તે શ્રી પ્રભાસ પાટણ મુકામે, દિનાંક ૧૨ ૧ ૨૦૨૫ ને રવિવારે સવારે ૧૦ વાગ્યાથી ૧૨ જ્યોર્તિલિંગોમાંના પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પુણ્ય શ્લોકા દેવી શ્રી અહલ્યા બાઈ હોલકર ત્રીશતાબ્દી સમારોહ સમિતિ તથા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવા સંમેલનમાં સમગ્ર ભારત વર્ષમાંથી ૫૦૦ જેટલા યુવાનો અને યુવતીઓ કે જેઓ પોતપોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કામ કરી રહ્યા છે, તેઓને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. આ યુવાનો અને યુવતીઓ રમત ગમત ,ઉદ્યોગ, પ્રાકૃતિક ખેતી શિક્ષણ, વિજ્ઞાન, રક્ષા વગેરે ક્ષેત્રોમાંથી અપેક્ષિત હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રીમાન ભાગ્યેશ જહા-અધ્યક્ષ ગુજરાત સાહિત્ય અકાદમી, નિવૃત્ત IAS અધિકારી હતા. વિશેષ ઉસ્થિતિમાં કેપ્ટન ડો. મીરાબેન દવે - નિવૃત્ત શેના અધિકારી, પ્રીતિબેન પટેલ - શસ્ત્ર ઉદ્યોજક-રાજકોટ, મનીષાબેન કોઠેકર - પ્રાધ્યાપક આયુર્વેદિક કોલેજ નાગપુર હતા. કાર્યક્રમ દરમ્યાન સૌપ્રથમ દીપ પ્રાગટ્ય લોકમાતા અહલ્યાબાઈજીની ડોક્યુમેન્ટરી દર્શન વક્તાઓ દ્વારા અહલ્યાબાઈ જીની જીવની વિશેની વાત થઈ. મુખ્ય વક્તા દ્વારા લોકમાતા પુણ્ય શ્લોકા દેવી અહલ્યાબાઈના ગુણોનું દર્શન અને અત્યારના આધુનિક સમયમાં એની પ્રાસંગિકતા વિશે વાત થઈ. કાર્યક્રમના અંતે બધા જ વક્તાઓ દ્વારા ઉપસ્થિત યુવા શક્તિને સાંપ્રત સમયમાં મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન થયું. કાર્યક્રમમાં ગૌ આધારિત વસ્તુઓનો વિતરણનો સ્ટોલ રાખવામાં આવ્યો હતો સાથે સાથે લોક માતા અહલ્યાબાઈની જીવનના પુસ્તકો અને અન્ય ઉપયોગી પુસ્તકો અને સાહિત્યનો સ્ટોલ પણ રાખવામાં આવ્યો હતો. સેલ્ફી પોઈન્ટ, પ્રદર્શનની વગેરેની ગોઠવણ થઈ હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત બધા જ લોકોએ સ્વરૂચિ ભોજન સાથે લીધું હતું.

# શ્રી સોમનાથ મંદિર પરિસરમાં આંતરરાષ્ટ્રીય કલાકાર કથ્થક નૃત્યથી શિવ આરાધના કરશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૩

પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મંદિર કરોડો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. દેશવિદેશના કરોડો ભક્તો મહાદેવને પૂજા અર્ચન અને પ્રાર્થના કરી એમની કૃપા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા હોય છે. ત્યારે શિવજી તો નટરાજ છે. નૃત્ય કલા અને સંસ્કૃતિના આરાધ્ય દેવ એટલે મહાદેવ. કલાકારો એમની કલાનું પુષ્પ એમના ચરણોમાં અર્પણ કરતા હોય છે. ત્યારે શ્રીમતી સુસ્મિતા બેનર્જી કે જેઓ કથક નૃત્ય કોરિયોગ્રફર છે અને તેમણે UNESCO, ભારતીય સંસ્કૃતિ મંત્રાલય, અને અન્ય ઘણા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય માધ્યમો ઉપર પોતાના નૃત્યનું પ્રદર્શન કરેલ છે. ત્યારે આજરોજ તા.૧૩/૦૧/૨૦૨૫ ના રોજ સાંજના ૬ થી ૭ વાગ્યે શ્રી સોમનાથ મંદિર પરિસરમાં એક વિશેષ નૃત્ય આરાધના સ્વરૂપે કાર્યક્રમ યોજવામાં આવશે. નટેશ્વરની નૃત્ય આરાધનાની સાથે-સાથે શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવનાર શ્રદ્ધાળુઓ માટે આ નૃત્ય કાર્યક્રમ અલભ્ય લાભ થશે મળશે. આ નૃત્ય આરાધના થકી શ્રી સોમનાથ મહાદેવ સાથે ભારતીય ભવ્ય સંસ્કૃતિના દર્શનનો લાભ લેવા સોમનાથ શ્રદ્ધાળુઓને આમંત્રિત કરે છે.

# વિક્રમ સવંત ૨૦૮૧ મકરસંક્રાંતિની વિગત

વિક્રમ સંવત ૨૦૮૧ ૫૫ વદ એકમને મંગળવાર તા.૧૪ના રોજ સવારના ૮:૫૪ કલાકે સુર્યગ્રહણ ધન રાશીમાંથી મકર રાશીમાં પ્રવેશ કરશે અને કમુહુર્તાની પુર્ણાહુતિ થશે તે સમયે પુનવસું નક્ષત્ર વિકુંભયોગ, બાલવ કરણ અને ચંદ્ર કર્ક રાશીમાં છે.

**સંક્રાંતિની વિગત :** (૧) વાહન :વાઘ, (૨) ઉપવાહન : અશ્વ, (૩)વસ્ત્ર : પીળુ, (૪)તિલકઃ કેશર, (૫)જાતિ : સર્પ, (૬)વારનામ : મોહદરી, (૭) ભક્ષણ : દુધ પાક, (૮)આભુષણ : મોળી, (૯)પાત્ર :રૂપુ, (૧૦)આગમન : પર્વથી, (૧૧)મુખ : દક્ષિણ, (૧૨)ગમન : પશ્ચિમ. સંક્રાંતિ જેજે વસ્તુ સાથે સબંધ ધરાવે તે મોંઘી થાય તથા જે પ્રાણી તથા દિશા સાથે સંબંધ ધરાવે તેને હાની થાય આ વર્ષે સંક્રાંતિ નું વાહન વાઘ છે. ઉપવાહન અશ્વ છે.આથી વાઘ તથા અશ્વ પ્રાણીને હાની થાય રોગચાળો ફેલાઈ હળદળ ચણાની દાળ સોનાની ભાવ વધે પાત્ર પુરુષ હોવાથી ચાંદીના ભાવ પણ વધે. યુવાન લોકોએ પોતાની તંદુરસ્તી જાળવી રાખવી જરૂરી બને મકર સંક્રાંતિમાં મુહુર્ત સમર્થ છે. આથી વરસાદ સારો થાય.મકર સંક્રાંતિના દિવસે સવારે ઉઠી અને નિત્યકર્મકરી સ્નાનના પાણીમાં લાલ તલ પધરાવી સ્નાન કરવું ત્યાર બાદ સુર્યની અર્ધે આપવું આ દિવસે પિતૃતર્પણ કરાવું પણ શુભ છે. સાતપ્રકારે તલનો ઉપયોગ કરવો આ દિવસ શુભ છે. (૧)તલ ખાવા,(૨) તલના તેલનો શરીરે લેપ કરવો,(૩) તલનો હોમ કરવો, (૪)તલવાળુ પાણી પીવું,(૫) તલવાળા જળથી સ્નાન કરવું,(૬) તલનું દાન દેવું (૭) કાળા તલ પાણીમાં પધરાવી અને પીપળે પાણી રેડવું. આ દિવસે દુધ, પાણી, સાકર અને કાળા તલ મીક્સ કરી અને શિવલિંગ ઉપર ચડાવાથી શની-રાહુ પીડા દુર થાય છે. આ દિવસે ગાયોને ઘાસ નાખવું પણ ઉત્તમ ગણેલ છે.

**રાશી પ્રમાણે દાનની વિગત :** ૧. મેષ, સિંહ, ધન : કાળાતલ કાળુ અથવા બ્લુ કાપડ, સ્ટીલનું વાસણ દાન કરવું, ૨. વૃષભ, તુલા, મકર : ઘઉં, ગોળ, લાલતલ, લાલ કાપડ તાંબાનું વાસણ, ૩. મિથુન, વૃશ્ચિક, મીન : ઘી, ખાંડ, સફેદ તલ, ચોખા, સફેદ કાપડ, ૪. કન્યા, કર્ક, કુંભ : ચણાની દાળ, પીળુ કાપળ, પીત્તળનું વાસણ, મકર સંક્રાંતિના દાનનો શુભ સમય સવારે ૮:૪૫થી સાંજે ૬:૨૩ સુધી.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# સ્વસ્થ ભવિષ્ય માટે પ્રાકૃતિક કૃષિ અનિવાર્ય છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી




**● દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધંધુસર ગામે ખેડૂતો સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ**

**● જિલ્લાના ધરતીપુત્રોને રાસાયણિક કૃષિનો ત્યાગ કરી પ્રાકૃતિક કૃષિ અપનાવવાનું આહવાન કરતાં રાજ્યપાલ :પ્રાકૃતિક ખેત પેદાશો આરોગ્ય માટે ખૂબ જ લાભદાયી : મંત્રી મુળુભાઈ બેરા**

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ધંધુસર ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ધરતીપુત્રો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, માનવજીવનનું સૌથી કિંમતી અંગ મનુષ્યનું મગજ છે, જેનો ઉપયોગ માનવ કલ્યાણ માટે થવો જોઈએ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાતમાં ૧૦ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે. ઉત્પાદન ઘટી જશે તેવા ડરથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવવામાં ખચકાટ અનુભવે છે, પરંતુ પ્રાકૃતિક કૃષિથી રાસાયણિક ખેતી કરતાં પણ વધુ ઉપજ મેળવવી શક્ય છે. જેના ઉદાહરણ રૂપે તેમણે હરિયાણામાં પોતાના ખેતર વિશેના અનુભવને વિગતવાર વર્ણવીને ખેડૂતોને પ્રેરિત કર્યા હતાં. રાજ્યપાલએ જણાવ્યું હતું કે, ખેડૂતોના ઉત્કર્ષ માટે ખેતીનો ખર્ચ ઓછો થાય તે જરૂરી છે, તે માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. મોંઘા ખાતર અને બિયારણના ઉપયોગને પરિણામે ખેતીનો ખર્ચ વધી જાય છે. તેને લીધે જમીનના પોષકતત્ત્વો નાશ પામે છે. ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગને લીધે ખેતીની જમીન પણ એકદમ સખત થઈ જાય છે, જેને લીધે ખેતરમાં-જમીનમાં પાણી ઉતરતું નથી. ઉપરની માટીનું ધોવાણ થાય છે. જંતુનાશકો અને ખાતરોના વધુ પડતા ઉપયોગને લીધે ખેડૂતોના મિત્ર એવા અળસિયા અને કીટકો નાશ પામે છે. અળસીયા એ મજૂરી ન માંગે તેવા મજૂર છે અને પરમાત્માના ધરતીપુત્રોને આશીર્વાદ છે. પરંતુ તેનો જ નાશ આપણે રાસાયણિક ખેતી દ્વારા કરી રહ્યા છીએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો આપણે સારૂ સ્વાસ્થ્ય જાળવવું હશે તો સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવો પડશે. સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન પ્રાકૃતિક કૃષિ દ્વારા જ પ્રાપ્ત થશે. જંગલમાં જે વૃક્ષો હોય છે, તેમાં તમામ પ્રકારના ખનીજતત્વો હોય છે. કુદરતી રીતે જ તેમાં તમામ પ્રકારના તત્વો ઉમેરાય છે. આ જ પ્રકારના તત્વો આપણી ખેતીમાં અને આપણા ખેત ઉત્પાદનમાં ઉમેરાય તે અંગેનું અભિયાન આપણે ચલાવી રહ્યાં છીએ. આ પ્રાકૃતિક કૃષિથી જ આપણી જમીનની ફળદ્રુપતા ટકી શકશે તેવું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. પ્રકૃતિની ગોદમાં પ્રાકૃતિક ખેતી વિશે વાત કરવાનો અવસર આપવા બદલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જિલ્લા વહીવટી તંત્રની સરાહના કરી હતી. આ પ્રસંગે મંત્રી મુળુભાઈ બેરાએ ખેડૂતોને સંબોધતાં જણાવ્યું હતું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સમગ્ર રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરવા તરફ પ્રેરિત થાય તે માટે અભિયાન ચલાવી રહ્યા છે. પ્રાકૃતિક ખેત પેદાશો આરોગ્ય માટે ખૂબ જ લાભદાયી હોય છે. દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યાવરણ સંરક્ષણ તેમજ ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેના પરિણામે ઘણા ધરતીપુત્રો આજે પ્રાકૃતિક કૃષિ કરી અન્ય ખેડૂતોને આ માટે પ્રેરિત કરી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પધારી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે અમૂલ્ય માર્ગદર્શન આપવા બદલ તેમણે રાજ્યપાલશ્રીનો આભાર માન્યો હતો. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર વિક્રમસિંહ ચૌહાણે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અંગેની કામગીરીની માહિતી આપી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિના વિવિધ ઉત્પાદનોના સ્ટોલનું નિરીક્ષણ કરી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરી ખેતરમાં વાવેતર કરવામાં આવેલા વિવિધ પાકો ડ્રેગન ફ્રુટ, પપૈયા વગેરેનું નિરીક્ષણ કરીને ઉપજની માવજત માટે ખેડૂત રામભાઈ આંબલીયાની સરાહના કરી હતી, તેમજ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યું હતું. ઉલ્લેખનિય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૯૬૮૮ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે તબક્કામાં કુલ ૭૮૦ તાલીમનું આયોજન કરી ૩૧,૬૪૯ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અપાઈ છે.

# કેશોદના તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત સરોડ ગામે ખોખો સ્પર્ધાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૩

કેશોદ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ ૩.૦ ખોખો ભાઈઓ અને બહેનો સ્પર્ધાનું આયોજન ઘેડ પંથકમાં સરોડ ગામ મુકામે કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરના માર્ગદર્શનમાં જૂનાગઢ જિલ્લા કક્ષા ગ્રામ્યની સ્પર્ધાઓનું આયોજન જુદા જુદા વિસ્તારમાં રમત ગમતને પ્રાધાન્ય આપવા માટે થઈ રહ્યું છે ત્યારે કેશોદ તાલુકા કક્ષાની ખો ખો ભાઈઓ અને બહેનોના જુદા જુદા વય જૂથની સ્પર્ધા જિલ્લા રમત વિકાસ અધિકારી જૂનાગઢના માર્ગદર્શનમાં ઘેડ વિસ્તારના પ્રોત્સાહન સ્વરૂપે સરોડ ગામ મુકામે ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.





આ સ્પર્ધામાં ઉપસ્થિત તાલુકા સંગઠન પ્રમુખ જયદીપસિંહ સોલંકી, તાલુકા પંચાયતના સદસ્ય નારણભાઈ કરંગીયા,પૂર્વ સરપંચ જીવાભાઈ રાજતીયા, બી.આર.સી ડો.ભરતભાઈ નંદાણીયા, જિલ્લા રમત વિકાસ અધિકારી ભૂષણ કુમાર યાદવ, જીલ્લા રમત ગમત અધિકારી વિશાલભાઈ દિહોરા, ટી.એમ.નરેશભાઈ ગોહિલ, શાળાના આચાર્ય પીઠાભાઈ સોલંકી સહ કન્વીનર જે.એસ.ભારવાડીયા, વિરમભાઈ ચોચા, નારણભાઈ સોલંકી, આરોગ્ય સેન્ટરના વિરમભાઈ પીઠીયા, સરોડ ગામના અગ્રણીઓ અને યુવાનોની ઉપસ્થિતિમાં છેલ્લા બે દિવસની ભાઈઓ અને બહેનોની આ સ્પર્ધામાં કુલ ૬૫ ટીમોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધાના પ્રારંભે કન્વીનર ડોકટર હમીરસિંહ વાળાએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને કેન્દ્રીય રમત ગમત મંત્રી મનસુખભાઈ માંડવીયા દ્વારા રમત ગમતના પ્રોત્સાહન અને ઓલમ્પિકની તૈયારી સ્વરૂપે થઈ રહેલ યોજનાઓ અને પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી હતી.આ તકે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી જૂનાગઢ દ્વારા શિક્ષણ સાથે રમત ગમત ક્ષેત્રે કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સરોડ ગામ મુકામે યોજાયેલ. આ બે દિવસની સ્પર્ધામાં ૯૦૦ જેટલા સ્પર્ધકો અને ઉપસ્થિત લોકો માટે અલ્પાહારની વ્યવસ્થા આ ગામના યુવાનો અને અગ્રણીઓ દ્વારા સુંદર રીતે કરવામાં આવી હતી. આ સ્પર્ધાના સફળ આયોજન માટે શાળાનો સમગ્ર સ્ટાફ ગામના યુવાનો,વડીલો, તાલુકાનાં વ્યાયામ શિક્ષક,ખેલ સહાયક અને ટ્રેનરોનો સહયોગ રહ્યો હતો.

# શ્રી શેરિયાજ પ્રાથમિક શાળાના બાળકો શીખ્યા પ્રાકૃતિક ખેતીના પાઠ





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૩

પ્રિ - વોકેશનલ કાર્યક્રમના ભાગરૂપે બેગલેસ ડે દિવસ અંતર્ગત શ્રી શેરિયાજ પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના બાળકો અને શિક્ષકોએ કુકસવાડા મુકામે મોહનભાઈ પંડિતના ગૌ કૃપા પ્રાકૃતિક ફાર્મ હતી મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સૌપ્રથમ મોહનભાઈ પંડિત દ્વારા તમામ બાળકોને પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત, પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ અને પંચગવ્ય આધારિત વિવિધ વસ્તુઓ જેવી કે સાબુ શેમ્પૂ અગરબત્તી વગેરે અને વિવિધ ઔષધીઓ વિશે વિગતવાર સમજ આપી હતી. જીવામૃત બનાવવાની રીત પણ સમજાવી હતી. ત્યારબાદ તેમના ફાર્મમાં ગાય આધારિત ખેતીથી ઉગાડવામાં આવેલ વિવિધપાકનું નિદર્શન કર્યું હતું અને જીવામૃત બનાવવાનો ડેમો પણ બતાવ્યો હતો તેમજ તમામ બાળકોને ઔષધિય અર્જુન ચા પીવડાવવામાં આવી હતી આ કાર્યક્રમના આયોજનમાં શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલક નાથાભાઈ નંદાણીયા મદદરૂપ થયા હતા અને સાથે જોડાયા હતા

આ ઉપરાંત માટીમાંથી બનતા કલાત્મક વાસણોથી બાળકોને માહિતગાર કરવા માટે આરેણા ગામના પ્રજાપતિ રામજીભાઈ જેઠવાના ઘરની મુલાકાત લેવડાવવામાં આવી હતી જેમાં કિર્તીભાઈ જેઠવાએ માટીમાંથી બનતા વિવિધ વાસણો જેવા કે તાવડી, ચકલી ઘર, ગલ્લો, ચુલો, કોડિયું, મોરિયો, કુલડી વગેરે જેવા વાસણોનું પ્રત્યક્ષ નિદર્શન કરી સમજ આપી હતી.વાસણો બનાવવા માટે ઉપયોગમાં લેવાતા ચાકડાનું પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાં આવ્યું હતું. ચાકડામાંથી બનતા માટીના વાસણોએ આપણી વર્ષો જુની પરંપરા છે તેમજ માટીના વાસણોમાં તૈયાર થતો ખોરાક પૌષ્ટિક હોય છે જેના વિશે બાળકોએ ખુબ સારી રીતે જ્ઞાન મેળવ્યું હતું.

# ભારતની સર્વ પ્રથમ સાયકોડ્રામા કોન્ફરન્સ આદિ-એ ન્યુ બિગીનીંગ અમદાવાદમાં તા. ૧૮ અને ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ નાં રોજ યોજાશે

## આદિ - એ ન્યુ બિગીનીંગ વિયેનાથી લઈને યુનાઈટેડ સ્ટેટ્સ સુધીની સાયકોડ્રામાની અકલ્પનીય યાત્રા-શતાબ્દીની ઉજવણી અને તેની વિશ્વમાં પરિવર્તનશીલ અસરની ઉજવણી છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા. ૧૩

આદિ - એ ન્યુ બિગીનીંગ ભારતની સર્વપ્રથમ સાયકોડ્રામા કોન્ફરન્સ અમદાવાદમાં તા. ૧૮ અને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ યોજાશે. આ કોન્ફરન્સનું આયોજન સાયકોડ્રામા ઈન ઈન્ડિયા (પીઆઈઆઈ) દ્વારા કરવામાં આવ્યું છે, જે માનસ ધ ઈનસાઈડ સ્ટોરી (એમટીઆઈએસ)નું એક પગલું છે. આ સિમાચિન્હરૂપ કાર્યક્રમ સાયકોડ્રામાનાં પ્રણેતા ડો. જે. એલ. મોરેનોને હૃદયસ્પર્શી સ્મરણાંજલિ છે, કે જેમણે માનસિક સ્વાસ્થય સંભાળવામાં પાયાનું અભિગમ પ્રદાન કર્યું છે. તેની ૧૦૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ કાર્યક્રમું આયોજન કરવામાં આવ્યું છે.

બે દિવસના આ કાર્યક્રમમાં વિશ્વનાં જાણીતા સાયકોડ્રામેટિસ્ટ દ્વારા ૧૩ પ્રયોગશીલ વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું છે. તેનાથી આ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા લોકોને સાયકોડ્રામાનાં ગ્રુપથેરાપી અભિગમ સાથે જોડાવાની અજોડ તક મળશે. સાયકોડ્રામા થેરાપી તેની વિશેષ લાક્ષણિકતાઓ જેમકે લાગણીશીલ માવજત, સ્વજાગૃતિ અને આંતર-અંગત સંબંધ માટે જાણીતી છે. ભારતની સંસ્કૃતિ અને માનસિક સ્વાસ્થ્ય જરૂરીયાતોનાં સંદર્ભમાં સાયકોડ્રામા થેરાપી વિશેષપણે અનુકૂળ છે.

આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય તજજ્ઞો ભાગ લેશે જેમાં ડો. માર્સિયા કાર્પ અને સુશ્રી ઈવા ફલસ્ટોર્મબોર્ગ (ફેડરેશન ઓફ યુરોપિયન સાયકોડ્રામા ટ્રેનીંગ ઓર્ગેનાઈઝેશન્સનાં સ્થાપક સભ્યો), ડો. કલાર્ક બેઈમ (બ્રિટિશ સાયકોડ્રામા એસોસીએશનના બૂતપૂર્વ પ્રેસિડેન્ટ), ડો. યોખેન બેકર - એબલ, સુશ્રી સવિતા ધવન અને શ્રી કલોસ અર્ન્સટ હાર્ટર (જર્મની) તેમજ સુશ્રી જુલિયા વિન્કલર નનાક્રુ (એસ્ટોનિયા) નો સમાવેશ થાય છે. ડો. જે.એલ. મોરેનોના પુત્ર ડો. જોનાથન મોરેનો આ ઈવેન્ટમાં યુનાઈટેડ સ્ટેટસથી વર્ચ્યુઅલી જોડાશે અને શતાબ્દી શ્રદ્ધાંજલિને અંગત સ્પર્શ આપશે.

આ ઈવેન્ટમાં ભારતમાંથી ભાગ લઈ રહેલા નિષ્ણાતોમાં, ડો. ટીટી શ્રીનાથ (ચેન્નાઈ), સુશ્રી રશ્મિ દત્ત (વેદાડ્રામા, દિલ્હી), સુશ્રી મેગડલીન જયરથનમ (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયકોડ્રામા, (આઈઆઈપી) ચેન્નાઈના સ્થાપક) અને સુશ્રી મીનાક્ષી કીર્તને (સ્થાપક ડિરેક્ટર, સાયકોડ્રામા ઈન ઈન્ડીયા (પીઆઈઆઈ), અમદાવાદ) અને સુશ્રી સરિતા શાહ (સાયકોડ્રામેટીસ્ટ, અમદાવાદ) નો સમાવેશ થાય છે. સાયકોડ્રામા તે માત્ર સમય અને ખર્ચમાં જ અસરકારક છે તેવું નથી. આઘાત, ઉચાટ અને સંબંધોનાં પડકારોને અસરકારક ગાઢ રીતે સંબોધવામાં સાયકોડ્રામા અગત્યની ભૂમિકા ભજવે છે. સાયકોડ્રામામાં ગ્રુપ થેરાપી અને વ્યક્તિગત અનુભવો પર વધારે ભાર મુકવામાં આવે છે. જેનાથી લાગણીશીલ અને મનોવૈજ્ઞાનિક સારસંભાળ માટે સાયકોડ્રામા શક્તિશાળી પદ્ધતિ પુરવાર થયું છે. અમદાવાદમાં કાર્યરત સાયકોડ્રામા ઈન ઈન્ડીયા (પીઆઈઆઈ) નો હેતુ ભારતની તમામ સાયકોડ્રામા - સંસ્થાઓને સમાન પ્લેટફોર્મ પર લાવીને વૈશ્વિક ધોરણો પ્રમાણે તાલીમ અને પ્રમાણપત્રનું ધોરણ અપનાવે તેવો છે. ભારતની વૈવિધ્યકૃત વસ્તીને અસરકારક રીતે સંબોધવામાં સાયકોડ્રામા માટે આ કોન્ફરન્સ અગત્યનું પગલું પુરવાર થશે.



# નવી શાળા શરૂ કરવાની અરજી માટે ૬૦ દિવસનો સમય આપવા રજૂઆત

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રથી નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવા માટે અરજીની મુદત વધારવામાં આવે તેવી માગણી સંચાલક મંડળ દ્વારા કરવામાં આવી છે. નવી શાળા શરૂ કરવા માટે ચેક લિસ્ટ અને દસ્તાવેજો માટે સમય જતો હોવાથી ૬૦ દિવસની, ૧૫ જાન્યુઆરી સુધી અરજી કરવાની મુદતમાં વધારો કરવાની માગણી કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, સંચાલક મંડળ દ્વારા જણાવાયું છે કે, રાજ્યમાં નવી પ્રાથમિક શાળા શરૂ કરવા માટેની મુદત ઓછામાં ઓછી ૬૦ દિવસની હોવી જોઈએ. વર્તમાન અને નવી ખાનગી પ્રાથમિક શાળામાં અરજી કરવા અંગે ચેક લિસ્ટ તથા વિવિધ પુરાવા અને દસ્તાવેજો જોડવાના હોય છે, જે એકત્ર કરવામાં સમય જતો હોવાથી મુદત લંબાવવા માટે રજૂઆત કરવામાં આવી છે. જે ટ્રસ્ટ સોસાયટી કે ફાઉન્ડેશન નવી શાળા શરૂ કરવા માગતી હોય અને તેમની પાસે માલિકીનું બિલ્ડિંગ હોય તો ત્યાં મંડળોને નવી શાળા માટે અરજી કરવામાં કોઈ મૂંઝવણ આવતી નથી. પરંતુ જે ટ્રસ્ટ પાસે માલિકીનું મકાન નથી અને ભાડાના મકાનમાં શાળા શરૂ કરવા માગે છે તેવા મંડળો ૧૫ વર્ષનો રજિસ્ટર ભાડા કરાર કરાવવો અને ભાડાનું મકાન મેળવવું ખૂબ મુશ્કેલ બને છે. ૧૫ વર્ષના ભાડા કરારમાં તેમ ડ્યૂટી ૧૨% લાગતી હોવાથી બમણો ખર્ચ થાય છે. જેથી નવી શાળા માટે ભાડાના મકાન ઉપલબ્ધ થતા નથી. નવી શાળા માટે ફાયર એનઓસી અંગે પણ રજૂઆત કરવામાં આવી છે. જેમાં ફાયર એનઓસીની જોગવાઈ સંદર્ભે શાળા મંડળ અરજી કરે અને સત્તા મંડળ અરજી જમા કરે તેની પહોંચને નવી શાળાની અરજી વખતે માન્ય રાખવા માટે પણ માગણી કરવામાં આવી છે.સંચાલક મંડળ દ્વારા માગણી કરવામાં આવી છે કે, નવા શૈક્ષણિક વર્ષ એટલે કે ૨૦૨૫-૨૬ માટે નવી શાળાઓ શરૂ કરવા માટેની અરજીઓ કરવાની મુદત ૩૦ દિવસ લંબાવી ૧૫ જાન્યુઆરી સુધી છૂટ આપવી જોઈએ.

# વર્ષ ૨૦૨૫ની મકરસંક્રાંતિ અને તેનું ફળ

વિક્રમ સં. ૨૦૮૧, પોષ વદ-૧, તા.૧૪-૧-૨૦૨૫, મંગળવારની સવારે ૮:૫૪ કલાકે ભગવાન શ્રી સૂર્યનારાયણ ધન રાશી છોડી પોતાના પુત્ર શનિદેવની મકર રાશીમાં પ્રવેશ કરશે તેથી મકરસંક્રાંતિનો પૂણ્યકાળ એટલે કે દાન-પૂણ્ય માટેનો શુભ સમય તા.૧૪-૧-૨૦૨૫ના મંગળવારે સવારે ૮:૫૪ કલાકથી સૂર્યાસ્ત સુધી રહેશે.

**મકરસંક્રાંતિનો મહિમા**

ભારતમાં મકરસંક્રાંતિનું પર્વ દેશના બધા જ પ્રદેશોમાં ભારે ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. મકરસંક્રાંતિનું પર્વ ભગવાન શ્રી સૂર્યનારાયણ સાથે સંબંધ ધરાવે છે. સામાન્ય રીતે સૂર્યનારાયણ ભગવાન એક રાશી છોડી બીજી રાશીમાં પ્રવેશ કરે છે તેને જ્યોતિષ અને ખગોળની ભાષામાં સંક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે ૧૪મી જાન્યુઆરીના દિવસે સૂર્ય ગુરુની રાશી ધન રાશી છોડી અને શનિની રાશી મકર રાશીમાં પ્રવેશ કરે છે. શનિદેવ ભગવાન શ્રી સૂર્યનારાયણ દેવના પુત્ર છે. શ્રીમદ્ ભાગવત્ અને દેવી ભાગવત્ આ બન્ને પુરાણો મુજબ એક એવી કથા છે કે શનિદેવને પોતાના પિતા પ્રત્યે વેરભાવ ઉત્પન્ન થયો હતો કારણ કે, સૂર્યનારાયણ દેવના બે પત્ની સંજ્ઞાદેવી અને છાયાદેવી છે. છાયાદેવીના પુત્ર શનિદેવ છે. એક વખત સૂર્યનારાયણ ભગવાને જોયું કે, છાયાદેવી સંજ્ઞાદેવીના પુત્ર યમરાજા સાથે ભેદભાવ રાખી અને અન્યાય કરે છે તેથી નારાજ થઈ સૂર્યનારાયણ ભગવાને છાયાદેવી અને પુત્ર શનિદેવને પોતાનાથી અલગ કરી દીધા તેથી છાયાદેવી અને શનિદેવે સૂર્યનારાયણ ભગવાનને કુષ્ઠ રોગ થાય તેવો શ્રાપ આપ્યો.

પરિણામે પિતા ભગવાન શ્રી સૂર્યનારાયણને કુષ્ઠ રોગ થયો. પિતાની પીડા જોઈ યમરાજા અત્યંત દુઃખી થઈ ગયા. પિતાને કુષ્ઠ રોગમાંથી મુક્ત કરાવવા માટે તેમણે ઉગ્ર તપ આદરી દીધું. બીજી બાજુ ભગવાન સૂર્યનારાયણ અત્યંત ક્રોધે ભરાયેલા હોઈ તેની અસરના ભાગરૂપે તેમના પત્ની છાયાદેવી અને પુત્ર શનિદેવને અત્યંત કષ્ટ પડવા માંડ્યું તે પણ યમરાજાથી ન જોવાયું અને તેઓ વધુ દુઃખી થઈ ગયા તેથી પિતા સૂર્યનારાયણ ભગવાનને ખૂબ સમજાવ્યા આથી સૂર્યનારાયણ ભગવાન પુત્ર શનિદેવના ઘરે મકર રાશીમાં જવા તૈયાર થયા. તેઓએ મકર રાશીમાં પ્રવેશ કરતાં છાયાદેવી અને શનિદેવે શ્રી સૂર્યનારાયણ ભગવાનને શ્રાપમાંથી મૂક્ત કર્યા અને માતા-પુત્ર પણ કષ્ટમાંથી મુક્ત થયા. આ પ્રસંગે પ્રસન્ન થયેલા શનિદેવે કહ્યું કે, આજના દિવસે એટલે કે મકરસંક્રાંતિના દિવસે મારા પિતા સૂર્યનારાયણની જે પૂજા કરશે તેને હું કષ્ટ નહીં આપું.

મુહૂર્ત શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્ર માટે પણ આ "ઉતરાયણ" તરીકે ઓળખાતા સમયે યજ્ઞ, દેવ પ્રતિષ્ઠા, નૂતન ભવન નિર્માણ, નૂતન ગૃહપ્રવેશ, અનુષ્ઠાન જેવા ઉત્તમ કાર્યો કરવાથી તેનું ખૂબ જ સારું ફળ પ્રાપ્ત થાય છે તેવા શાસ્ત્રોક્ત મત છે.

વાત માત્ર એટલેથી જ નથી અટકતી, આ સમય દરમ્યાન મૃત્યુ આવે તો તેને પણ મંગલમય માનવામાં આવ્યું છે. શાસ્ત્રોએ ઉતરાયણમાં મૃત્યુ થાય તો તે મૃત્યુને શ્રેષ્ઠ કહ્યું છે. તેનું ઉદાહરણ મહાભારતમાં આપ્યું છે. બાણશૈયા પર લાંબા સમયથી પોઢેલા ભીષ્મ પિતામહે ઉતરાયણના દિવસો આવવાની રાહ જોઈ હતી અને પોતાના તપના બળે ત્યાં સુધી પોતાના મૃત્યુને રોકી રાખ્યું હતું. મકરસંક્રાંતિના દિવસે બ્રહ્મ મુહૂર્તમાં ગંગાજી, યમુનાજી, નર્મદાજી કે કોઈપણ જળાશયમાં સ્નાન કરવાનું અનેરું મહત્વ છે. આ દિવસે શેરડી, રીંગણા, ચોખા, તલ, ગોળ, મોગરી, બોર, ખીચડી, તલના લાડુ, ચીકી વગેરે ખાવા કે તેનું દાન કરવાનું વિશેષ મહત્વ છે. આ દિવસે ભગવાનને પણ ખીચડી રાંધી અને ધરવામાં આવે છે. આ પદાર્થોનું આ ઋતુમાં સેવન કરવાથી શરીરમાં ગજબની સ્ફૂર્તિ પેદા થાય છે તેથી દાનની સાથે-સાથે આ બધી વસ્તુનું સેવન પણ લોકો કરે છે. આ ઉપરાંત આ દિવસે વસ્ત્રોનું દાન કરવાનું પણ વિશેષ મહત્વ ગણાવાયું છે.

વૈદિક કાળમાં આ પવિત્ર પર્વના દિવસથી જ ગુરુકુળનું વેદાધ્યયનનું સત્ર શરૂ થતું હતું અને બાળકને "ઉપનયન સંસ્કાર" કરવામાં આવતો હતો. આ મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે તલ-ગોળના પદાર્થોની એક-બીજાને ભેટ આપવાનું તેમજ પૂજા-પાઠ, યજ્ઞ વગેરે કરવાનું પણ મહત્વ બતાવાયું છે. શિવપુરાણમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે શ્રધ્ધાળુ ભક્તોએ ઘી, પંચામૃત, શેરડીનો રસ વગેરેનો અભિષેક કરવો જોઈએ. તેમજ તલ, બિલીપત્ર, કમળના ફૂલ વગેરે ચડાવવાનો મહિમા છે. તેમજ પૂજા દરમ્યાન "ૐ નમઃ શિવાય" એ મંત્રનો જાપ કરતા રહેવું તેથી સુખ-સમૃધ્ધિની વૃધ્ધિ થાય છે.

એક માન્યતા પ્રમાણે મકર સંક્રાંતિના પર્વના દિવસે દેવતાઓના દિવસોનો પ્રારંભ થાય છે. ધાર્મિક માન્યતા પ્રમાણે આ દિવસે સ્વર્ગના દરવાજા ખૂલે છે તેથી આ દિવસે કરેલા પૂજા-પાઠ, દાન-પૂણ્યનું વિશેષ ફળ પ્રાપ્ત થાય છે.

આ દિવસનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ મહત્વ છે. સૂર્ય આ દિવસે દક્ષિણાયનમાંથી ઉતરાયણમાં પ્રવેશ કરતો હોઈ સમગ્ર પ્રકૃત્તિમાં પરિવર્તન શરૂ થાય છે. કડકડતી ઠંડીમાંથી રાહત મળવાની શરૂઆત થતાં વાતાવરણ ખુશ્નુમા બનવા લાગે છે. ભારત દેશ કૃષિપ્રધાન દેશ છે. જેના મોટા ભાગના તહેવારો અને પર્વ સીધા જ કૃષિ સાથે સંબંધ ધરાવે છે. મકરસંક્રાંતિ પર્વના સમયમાં ખરીફ પાકના મકાઈ, મગફળી, અડદ, ચણા, શેરડી ઘરે લાવે છે અને ઘર અન્નથી ભરાઈ જાય છે.

| રાશી | અક્ષર | ફળ | રાશી પ્રમાણે ઉત્તમ ફળ મેળવવા માટે દાનની વિગત |
|---|---|---|---|
| વૃષભ<br>તુલા<br>મકર | બ, વ, ઉ<br>ર, ત<br>ખ, જ | અતિ ઉત્તમ | ત્રાંબાનું પાત્ર, લાલ તલ, લાલ વસ્ત્ર, ગોળ, ઘઉં, લાલ ફૂલ વગેરે |
| મિથુન<br>વૃશ્ચિક<br>મીન | ક, છ, ઘ<br>ન, ય<br>દ, ચ, ઝ, થ | ઉત્તમ | રૂપાનું (ચાંદીનું) પાત્ર, સફેદ વસ્ત્ર, સફેદ તલ, સાકર, ખાંડ, સફેદ ફૂલ, દૂધ, દહીં વગેરે |
| કર્ક<br>કુંભ<br>કન્યા | ડ, હ<br>ગ, શ, ષ, સ<br>પ, ઠ, ણ | મધ્યમ | પીત્તળ-કાંસાનું વાસણ, ચણાની દાળ, પીળું વસ્ત્ર, મધ, કેસર, ગાયનું ઘી, સૂવર્ણ વગેરે |
| મેષ<br>સિંહ<br>ધન | અ, લ, ઈ<br>મ, ટ<br>ભ, ધ, ફ, ઢ | કનિષ્ઠ | સ્ટીલનું વાસણ, કાળા તલ, કાળું વસ્ત્ર, કાળા અડદ, કાળી વસ્તુ, લોખંડની વસ્તુ વગેરે |

મકરસંક્રાંતિનું રાશી પ્રમાણે ફળ

મેષ (અ, લ, ઈ) : આરોગ્ય ન કથળે તેની તકેદારી રાખવી. આકસ્મિક ધનલાભની પ્રાપ્તિ થાય. ભાગીદારીમાં સંભાળ રાખવી. યાત્રા-પ્રવાસ સફળ થાય.

વૃષભ (બ, વ, ઉ) : આવકમાં વધારો થાય. નવિન આયોજન કરી શકશો. નવી સ્ફૂર્તિ અને તાજગી અનુભવી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય.

મિથુન (ક, છ, ઘ) : વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. ખર્ચનું પ્રમાણ વધતું જણાય, કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય.

કર્ક (ડ, હ) : તમારા કાર્યક્ષેત્રમાં વિશેષ પ્રગતિદાયક અવસરની પ્રાપ્તિ થાય. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. સુખમાં વધારો થાય.

સિંહ (મ, ટ) : વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડશે. વાદ-વિવાદથી દૂર રહેવું. વિદ્યાર્થીવર્ગ માટે આ સમય સારો છે. જીવનસાથીનો ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થાય.

કન્યા (પ, ઠ, ણ) : યશ-માન-કીર્તિમાં વધારો થાય. નવી ઓળખાણ દ્વારા મહત્વના કાર્યમાં સફળતાની પ્રાપ્તિ થાય. યાત્રા-પ્રવાસ વિશેષ રહે.

તુલા (ર, ત) : ધાર્મિક કાર્યો કરવાનો લાભ પ્રાપ્ત થાય. આરોગ્ય ન બગડે તેની તકેદારી રાખવી. નોકરી-વ્યવસાયમાં પ્રગત્તિ થાય.

વૃશ્ચિક (ન, ય) : મનની ઈચ્છાઓ પૂરી થાય. આકસ્મિક ધનલાભની પ્રાપ્તિ થાય. આર્થિક સ્થિતિ મજબુત બને. નોકરી-વ્યવસાયમાં પ્રગતિ થાય.

ધન (ભ, ધ, ફ, ઢ) : નવિન શુભ સમાચાર મળે. મિત્રાચારીમાં સંભાળ રાખવી. કાર્યક્ષેત્રમાં પ્રગત્તિ થાય. વડિલ વર્ગનો શુભ સહકાર પ્રાપ્ત થાય.

મકર (ખ, જ) : ગૃહસ્થિજીવન કે વિદ્યાભ્યાસને લગતા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય. જમીન-જાયદાદને લગતા કાર્યોમાં સફળતા મળે.

કુંભ (ગ, શ, ષ, સ) : તમારા ધંધાકીય નવા આયોજનોમાં સફળતા પ્રાપ્ત થાય. નવી ઓળખાણ દ્વારા લાભની પ્રાપ્તિ થાય. પારિવારીક જીવનમાં આનંદમાં વધારો થાય.

મીન (દ, ચ, ઝ, થ) : યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય. જૂની બિમારી હશે તો તેનો ઉકેલ મળશે. શત્રુવર્ગ પર વિજય પ્રાપ્ત કરી શકશો.

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

- દેવેન કનકચંદ્ર વ્યાસ

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# નવા વર્ષમાં રાજનીતિની રંગત

નવા વર્ષનું સ્વાગત અનેક આશાઓ સાથે અવશ્ય કરાય છે, પરંતુ વીતેલું વર્ષ જણાવી રહ્યું છે કે આ નવા વર્ષમાં ટકરાવની રાજનીતિ ચાલુ જ રહેવાની છે. કદાચ પરસ્પર કડવાશ હજુ ય વધી જાય. ૨૦૨૪ રાજકીય વારસો જ એવો છોડી ગયું છે. જોકે રાજકીય ટકરાવના પાયો ત્યારે જ નખાઈ ગયો હતો જ્યારે ૨૦૨૪માં બે ડઝન વિપક્ષી દળોએ ઈન્ડી ગઠબંધન બનાવ્યું અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગૌતમ અદાણી દ્વારા સીધા વડાપ્રધાન મોદી પર પ્રહાર કર્યા, જેમની સાખ ભાજપની સૌથી મોટી મૂડી રહી છે. વચ્ચે-વચ્ચે ઉજાગર અંતર્વિરોધો છતાં ઈન્ડી ગઠબંધન ૧૮મી લોકસભા ચૂંટણીમાં ભાજપને એકલા હાથે બહુમત મેળવવાથી દૂર રાખવામાં સફળ પણ રહ્યું, પરંતુ નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુ જેવા મિત્રોને કારણે મોદી સતત ત્રીજી વાર વડાપ્રધાન બની ગયા. તેમ છતાં સતત બે લોકસભા ચૂંટણીમાં મરણાસન્ન રહેલા વિપક્ષને સંજીવની તો મળી જ ગઈ. તેની અસર પણ નવી સંસદના પહેલા સત્રમાં જોવા મળી. જ્યારે વિપક્ષ વધુ આક્રમક દેખાયો, પરંતુ પછી સમીકરણ બદલાઈ ગયાં. પહેલાં હરિયાણા અને પછી મહારાષ્ટ્રમાં પ્રચંડ જીતથી ભાજપે વિપક્ષના ઉત્સાહની હવા કાઢી નાખી. સંસદના શિયાળુ સત્રમાં ભાજપના આક્રમક તેવર પણ જોવા મળ્યા તો ઈન્ડીમાં તકરાર તિરાડોમાં તબદિલ થતી દેખાઈ. સંસદના છેલ્લા સત્રમાં ભીમરાવ આંબેડકરનો મુદ્દો પણ ઉમેરાઈ ગયો.

એ નક્કી છે કે નવા વર્ષમાં વક્ફ બોર્ડ અને એક દેશ-એક ચૂંટણી વિધેયક પર પણ જોર ચાલુ રહેશે અને સમાન નાગરિક સંહિતા મુદ્દે પણ રાજનીતિ ગરમાશે. આ બધાની છાયા નવા વર્ષ૨૦૨૫ પર પડશે જ. આંબેડકર મુદ્દે પ્રદર્શન દરમ્યાન ભાજપ-કોંગ્રેસ સાંસદોમાં થયેલ ધક્કામુક્કી મામલે રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆર નોંધાઈ ચૂકી છે. આ મામલો પાછલી લોકસભામાં માનહાનિ મામલે રાહુલ ગાંધીની સદસ્યતા સમાપ્તિ બાદ ભાજપ-કોંગ્રેસમાં ચાલેલા ટકરાવના બીજા સંસ્કરણનું રૂપ લઈ શકે છે. જોકે અદાણી અને ઈવીએમ મુદ્દે કોંગ્રેસ ઈન્ડી ગઠબંધનમાં એકલી પડતી દેખાયછે, પરંતુ આંબેડકરના મુદ્દાને તે ફરી ‘ગેમ ચેન્જર’ બનાવવા માગશે. સહિયારો લાભ જોઈને ઈન્ડી પણ આંબેડકરના મુદ? એક સૂરે બોલતું જોવા મળશે. તેની પુષ્ટિ એનાથી થાય છે કે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના ભગવાનનું અપમાન ગણાવતાં આંબેડકરના નામે સ્કોલરશિપનું એલાન કરી દીધું! નિઃસંદેહ ભાજપ પણ શાંત નથી બેસવાની. દેખીતું છે કે આ મુદ્દે વધુ ટકરાવ આગળ પણ જોવા મળશે.

નવું વર્ષ શરૂ થતાં જ ફેબ્રુઆરીમાં દિલ્હી વિધાનસભા ચૂંટણી . દેશની રાજધાનીમાં સત્તાની ‘હેટ્રિક’ કરનારી આપ ચોથી વાર જનાદેશ માગશે, જ્યારે ૨૭ વર્ષથી વિપક્ષમાં બેઠેલી ભાજપ દિલ્હીવાસીઓનું દિલ જીતવામાં કોઈ કસર નહીં છોડે. આ રાજકીય શોધનો વિષય છે કે પાછલી ત્રણ લોકસભા ચૂંટણીમાં ભાજપને તમામ સાત સીટો જીતાડનારું દિલ્હી તેને વિધાનસભા ચૂંટણીઓમાં કેમ નકારી રહી છે? નવા વર્ષમાં દિલ્હીના દિલમાં કોના માટે શું છે તે તો ચૂંટણી પરિણામો જ જણાવશે, પરંતુ એટલું સ્પષ્ટ ચે કે ભાજપ અને આપ વચ્ચે રાજકીય ટકરાવ ચરમ પર પહોંચશે. ટકરાવ કોંગ્રેસ અને આપ વચ્ચે પણ વધવાનો છે. લોકસભા ચૂંટણી મળીને લડેલા કોંગ્રેસ અને આપ વિધાનસભા ચૂંટણી એકલા જ લડશે, એકબીજા પર ભારે આરોપો પણ લગાવશે. તેની શરૂઆત થઈ ચૂકી છે. દિલ્હી કોંગ્રેસના મોટા નેતા અજય માકને આપ સાથે દોસ્તીને ભૂલ માનતાં કેજરીવાલને દેશવિરોધી ગણાવી દીધા છે. આપે માકન વિરુદ્ધ કાર્યવાહી ન કરાય તો ગઠબંધનમાંથી કોંગ્રેસને જ હાંકી કાઢવા માટે અન્ય ઘટક પક્ષો સાથએ વાત કરવાની ચેતવણી આપી છે.

ઈન્ડી ગઠબંધનને કારણે જ ૯૯ સીટો પર પહોંચી શકેલી કોંગ્રેસ માટે ગઠબંધનનો રસ્તો સતત મુશ્કેલ થતો દેખાઈ રહ્યો છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં તેને કોઈ ઘટક પક્ષે ભાવ ન આપ્યો તો મહારાષ્ટ્રમાં મોટાભાઈ બની બેઠી. એવામાં હારનું ઠીકરું સૌથી વધારે તેના પર જ ફૂટ્યું. મમતા બેનર્જીએ ગઠબંધનના નેતૃત્વ માટે દાવેદારી વ્યક્ત કરી તો શરદ પવારથી લઈને લાલુ યાદવ સુદ્ધાંએ તેમનું સમર્થન કરવામાં વાર ન લગાડી. ઉત્તર પ્રદેશની નવ વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસને એક પણ સીટ નહીં આપીને અખિલેશ યાદવ પણ પોતાની દાનત છતી કરી ચૂક્યા છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા ઈવીએમ મુદ્દે કોંગ્રેસને ચૂંટણી પરિણામ સ્વીકાર કરવાની સલાહ આપી ચૂક્યા છે, તો ઉપમુખ્યમંત્રી પદ માગી રહેલી કોંગ્રેસથી ઝારખંડના મુખ્યમંત્રી પણ ખુશ નથી. પાછલી વખત ૭૦ સીટો પર લડનારી કોંગ્રેસ ૧૯ સીટો જીતીને ગઠબંધનમાં સૌથી કમજોર સાબિત થઈ હતી. તેથી ૨૦૨૫ના ઓક્ટોબરમાં થનારી બિહાર વિધાનસભા ચૂંટણીમાં લાલુ-તેજસ્વી પણ તેને હદમાં રાખવા માગશે. અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ૨૦૨૫ને કોંગ્રેસના સશક્તીકરણનું વર્ષ ગણાવ્યું છે, પરંતુ મિત્ર પક્ષો સાથે તેના વધતા ટકરાવને જોતાં તો ગઠબંધનમાં ફાટફૂટની આશંકા વધી રહી છે.


### ખેલ મહાકુંભ ૩.૦ : રાજકોટ શહેર કક્ષાની કરાટે સ્પર્ધા પૂર્ણ

# અંડર- ૧૪ ભાઈઓ-બહેનો, અંડર ૧૭ અને ઓપન ભાઈઓની સ્પર્ધાઓ યોજાઈ

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૧૩

રાજકોટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગત તા. ૪ જાન્યુઆરીના રોજ ખેલ મહાકુંભને ખુલ્લો મુક્યો હતો. ત્યારબાદ ઝોન, શહેર અને જિલ્લા કક્ષાની વિવિધ સપર્ધાઓ રાજકોટ ખાતે યોજાઈ રહી છે. જેમાં શહેર કક્ષાની કરાટે સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં અંડર ૧૪ ભાઈઓ-બહેનો, અંડર-૧૭ અને ઓપન સ્પર્ધામાં ભાઈઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે અંડર ૧૪માં ભાઈઓમાં ૨૦ કિલોથી ઓછા ૨૦થી ૨૫, ૨૫થી ૩૦ કિલો અને ૩૦ કિલોથી લઈને ૬૦ કિલોથી વધુ વજન સુધીના ભાઈઓની કેટેગરી વાઈસ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ૨૦ કિલોથી ઓછામાં હર્ષવર્ધનસિંહ ચુડાસમા, ૨૦ થી ૨૫ કિ.ગ્રા.માં રૂદ્ર તારપરા, ૨૫થી ૩૦ કિ.ગ્રા.માં પ્રયાગ ભંડેરી, ૩૦થી ૩૫ કિ.ગ્રામાં ધ્રુવરાજ ગોહેલ, ૩૫થી ૪૦ કિ.ગ્રા.માં સોહમ કુવાડીયા, ૪૦થી ૪૫ કિ.ગ્રા.માં રીશ્મિત કુશારી, ૪૫થી ૫૦ કિ.ગ્રા.માં જીત મારકણા, ૫૦થી ૫૫ કિ.ગ્રા.માં વ્રજ સોલંકી, ૫૫થી ૬૦ કિ.ગ્રા.માં ડેનિલ રોજીવાડીયા અને ૬૦થી વધુ કિ.ગ્રા.ની કેટેગરીમાં માન નિર્મલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. અંડર-૧૪ બહેનોની સ્પર્ધામાં ૧૮ કિ.ગ્રા.થી ઓછાથી લઈને ૫૦થી વધુ કિ.ગ્રા. વજનની કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ૧૮થી ૨૨ કિ.ગ્રા.માં દ્રષ્ટિ પટેલ, ૨૨થી ૨૪ કિ.ગ્રા.માં કાવ્યા પીઠવા, ૨૪ થી ૨૬ કિ.ગ્રા.માં ક્રીયા સંઘવી, ૨૬થી ૩૦ કિ.ગ્રા.માં હિરવા મેહતા, ૩૦થી ૩૪ કિ.ગ્રા.માં બ્લેસી ભાડજા, ૩૪થી ૩૮ કિ.ગ્રા.માં નિષ્ઠા ધરસાણિયા, ૩૮થી ૪૨ કિ.ગ્રા.માં હિરલ ચૌહાણ, ૪૨થી ૪૬ કિ.ગ્રા.માં જીયા વેકરીયા, ૪૬થી ૫૦ કિ.ગ્રા.માં રાહી ઝાલાવડીયા અને ૫૦થી વધુ કિ.ગ્રા.ની કેટેગરીમાં ભૂમિ ચાવડા વિજેતા જાહેર થયેલા હતા. અંડર ૧૭ ભાઈઓમાં ૩૫ કિ.ગ્રા.થી ઓછા વજનની કેટેગરીમાં વિયાન્શુ તલસાણીયા, ૩૫થી ૪૦ કિ.ગ્રા.માં નિર્મય દોશી, ૪૦થી ૪૫ કિ.ગ્રા.માં યશ સેજપાલ, ૪૫થી ૫૦ કિ.ગ્રા.માં રાવલ માન, ૫૦થી ૫૪ કિ.ગ્રા.માં પર્વ શિંગાળા, ૫૪થી ૫૮ કિ.ગ્રા.માં સમીર સાઉદ, ૫૮થી ૬૨ કિ.ગ્રા.માં ઉત્સવગીરી ગોસ્વામી, ૬૨થી ૬૬ કિ.ગ્રા.માં પુષ્કર સાઉદ, ૬૬થી ૭૦ કિ.ગ્રા.માં વાસુ મિશ્રા, ૭૦થી ૭૪ કિ.ગ્રા.માં અકીલ વાસા, ૭૪થી ૭૮ કિ.ગ્રા.માં નમ્ર દોશી તેમજ ૮૨ કિલોગ્રામથી વધુની કેટેગરીમાં સુહાન વિઠલાણી વિજેતા જાહેર થયા હતા. આ સાથે ભાઈઓની ઓપન કેટેગરીમાં ૪૦થી ૫૦ કિ.ગ્રા.માં હાર્દિક જેઠવા, ૪૫થી ૫૦ કિ.ગ્રા.માં સુશીલ પીપરોતર, ૫૦થી ૫૪ કિ.ગ્રા.માં દર્શિલ સખીયા, ૫૪થી ૫૮ કિ.ગ્રા.માં દર્શક કાલરીયા, ૫૮થી ૬૨ કિ.ગ્રા.માં અભય કારેણા, ૬૨થી ૬૬ કિ.ગ્રા.માં માધવ વાગડીયા, ૬૬થી ૭૦ કિ.ગ્રા.માં અનન્ય પારેખ, ૭૦થી ૭૪ કિ.ગ્રા.માં સોહમ ડોડીયા, ૭૪થી ૭૮ કિ.ગ્રા.માં અનંત વૈઠા તેમજ ૭૮થી ૮૨ કિ.ગ્રા.ની કેટેગરીમાં ધર્મેન્દ્ર ગૌરાંગ પ્રથમ ક્રમાંકે વિજેતા જાહેર કરવામાં આવ્યા હોવાનું જિલ્લા રમતગમત વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# સંવત ૨૦૮૧ મકર સંક્રાંતિની કુંડલી : જયોતિષી દિનેશકુમાર અનંતરાય ભટ્ટનું અવલોકન



મકરસંક્રાંતિનો પ્રારંભ મકર લગ્નમાં છે. રાશી સ્વામી શનિ શુક્ર સાથે યુતિમા છે. મકર લગ્નમાં સુર્ય આઠમાં ભુવનના માલિક તરીકે છે તેમજ સાતમાં ભુવનમાં મંગળ ચંદ્રની રાશિમાં તેમજ સુર્ય મંગળની પ્રતિ પ્રતિ હોવાથી દેશ વિદેશમાં સખત ગરમી પડે. અહી સંક્રાંતિ સમયની કુંડલીમાં શનિ-શુક્ર સાથે વાયુતત્વની રાશીમાં છે. તેમજ ચંદ્રની મકર લગ્નમાં દ્રષ્ટી તેથી ઠંડીનું પ્રમાણ સારૂ રહે. પવનોનું જોર વધુ રહે. જાન્યુઆરી-ફેબ્રુઆરી માસમાં ઠંડીનું પ્રમાણ સારૂ રહે. ગુરૂદેવ વૃષભ રાશીમાં વક્રી હોવાથી મંદીનું પ્રમાણ વધુ રહે. જાન્યુઆરી મહિનામાં સંક્રાંતિ પછી કમોસમી વરસાદ પડે. ફેબ્રુઆરી માસમાં કમોસમી વરસાદ પડે.(શરૂઆતના દિવસોમાં)

સુર્ય, મંગળની પ્રતિ યુતિ હોવાથી દેશ વિદેશમાં કુદરતી આપતિઓ કરાવે. યુધ્ધ જેવા બનાવો બને. સંક્રાંતિ પુર્વે દિશામાંથી આવે છે. પશ્ચિમ દિશામાં ભય છે. તેનું મુખ દક્ષીણ તરફ છે તેમજ તેની દ્રષ્ટી વાયવ્ય ખુણા તરફ છે. તેથી દેશ વિદેશના દક્ષિણ તેમજ વાયવ્ય ખુણાની અંદર તકલીફો વધુ કરાવે.

**દક્ષિણ દિશા તેમજ વાયવ્ય દિશા તરફ રહેલા દેશ વિદેશોને વધુ તકલીફો કરાવે.**

વિક્રમ સંવત ૨૦૮૧માં રોજ પોષ વદ એકમને મંગળવારે તા.૧૪-૦૧-૨૦૨૫ના રોજ મકરસંક્રાંતિનો પ્રારંભ સવારે ૮ કલાક ૫૪ મીનીટથી થાય છે. આ દિવસે કર્ક રાશી છે. ચંદ્ર નક્ષત્ર પુનર્વસુ છે. વીષ કુંભ યોગ છે તેમજ બાલવ કરણ છે.

મકર સંક્રાંતિનું વાહન વાઘ છે. ઉપવાહન અશ્વ(ઘોડો)છે. પીળા રંગનું વસ્ત્ર ધારણ કરેલ છે. કેસરનું તિલક કરેલ છે. જાતી સર્પ છે. હાથમાં જુઈનું પુષ્પ છે. અવસ્થામાં કુમારી છે. મોતીના આભુષણ ધારણ કરેલ છે. રૂપાના પાત્રમાં દુધપાકનું ભોજન કરે છે. બેઠેલી સ્થિતીમાં છે. હાથમાં ગદા ધારણ કરેલ છે. સંક્રાંતિનું વાહન વાઘ હોવાથી વાઘને તકલીફ કરાવે. ઉપવાહન અશ્વ(ઘોડો)છે. અશ્વને તકલીફ કરાવે છે. પીળા વસ્ત્ર મોંઘા થાય, કેસરનું તીલક કરેલ છે તેથી કેસર મોંઘુ થાય. સર્પ(નાગ)ને તકલીફ કરાવે. જુઈનું પુષ્પ મોંઘુ થાય. મોતીનું આભુષણ ધારણ કરેલ છે તેથી મોતી મોંઘા થાય. સંક્રાંતી સમયે કુમારી અવસ્થા હોવાથી નાની કિશોરીને તકલીફ કરાવે.

સંક્રાંતિ સમયે મકર લગ્ન છે. મકર લગ્નમાં બુધ બારમાં ભુવનમાં છે. તેથી લોકોની આવક કરતા ખર્ચનું પ્રમાણ વધુ રહે. ભ્રષ્ટાચારની અંદર વધારો કરાશે. મંગળ નીરા રાશિમાં હોવાથી સામાન્ય પ્રજાને તકલીફમાં વધારો કરાવે.

**સંક્રાંતિ સમયે શું કરવું :**

સંક્રાંતિના પ્રણપકાળે તલ મિક્ષીત જલથી સ્નાન કરવુ, તલનું તેલ શરીરે લગાવવું, તલનો હોમ કરવો, તલ મિક્ષીત પાણી પીવું તેમજ ખાવા પીવામાં તલનો ઉપયોગ કરવો તેમજ તલના લાડુમાં સિક્કો અથવા સુવર્ણ ચાંદી નાખીને તેનું દાન કરવું. સંક્રાંતિના પુણપકાળે વડીલ વર્ગ પિતૃઓને પ્રસન્ન કરવા. શિવજીની પુજા કરવી, ભગવાન શિવને દુધનો અભિષેક કરવો તેમજ સુર્ય ભગવાનને દુધનો અભિષેક કરવો.

**રાશીવાર દાન કરવું**

મેષ રાશી : કાળુ કાપડ, કાળા તલ, અડદ, સ્ટીલનું વાસણનું દાન

વૃષભ રાશી : ઘઉં, ગોળ, લાલ વસ્ત્ર, તાંબાનું વાસણ, લાલ તલ

મિથુન રાશી : સફેદ કાપડ, સાકર, ઘી-ખાંડ, સફેદ તલ, રૂપાનું દાન

કર્ક રાશી : પીળુ વસ્ત્ર, ચણાની દાળ, પીતળના વાસણ

સિંહ રાશી : કાળુ કાપડ, કાળા તલ, અડધ, સ્ટીલનું વાસણ

કન્યા રાશી : પીળુ વસ્તર, ચણાની દાળ, પીતળનું વાસણ

તુલા રાશી : લાલ કાપડ, ઘઉં, ગોળ, તાંબુ વાસણ, લાલતલ

વૃશ્ચિક રાશી : સફેદ કાપડ, ઘી, ખાંડ, સાકર, સફેદ તલ, ચાંદીનું વાસણ

ધન રાશી : કાળુ કાપડ, કાળા તલ, કાળા અડધ, સ્ટીલનું વાસણ

મકર રાશી : લાલ વસ્ત્ર, લાલ તલ, ઘઉં, ગોળ, તાબાનું વાસણ

કુંભ રાશી : પીળુ કાપડ, પીતળનું વાસણ, ચણાની દાળનું દાન

મીન રાશી : સફેદ કાપડ, ચોખા, ઘી, ખાંડ, સાકર, ચાંદીનું દાન

લી.જયોતિષી દિનેશ અનંતરાય ભટ્ટ
પંચહાટડી ચોક, શારદા શેરી
મો.નં.૯૮૨૪૪ ૨૨૨૮૦, ૯૪૨૮૩ ૭૩૪૪૫

# રાવલમાં આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા પોષણ ઉત્સવની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

આઈ.સી.ડી.એસ. વિભાગ મારફતે પોષણ ઉત્સવ રાવલ મુકામે યોજવામાં આવ્યો હતો. જેમાં આઈ.સી.ડી.એસ. વિભાગમાંથી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ડો. ચંદ્રેશ ભાંભી, રાવલ નગર પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ, ચીફ ઓફીસર, જિલ્લા મહિલા મોરચા અને શહેર મહિલા મોરચા ઉપપ્રમુખ, નગર પાલિકાના સદસ્યો, આઈ.સી.ડી.એસ. કલ્યાણપુર ઘટક- ૨ ના સીડીપીઓ-એન.એન.એમ. સ્ટાફ, આરોગ્ય વિભાગમાંથી આયુષ મેડીકલ ઓફીસર અને આરોગ્ય સ્ટાફ, પ્રોજેકટ તુષ્ટિ ટીમ, રાવલ સેજાના આંગણવાડી કાર્યકર બહેનો તથા લાભાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા લાભાર્થીઓને પોષણ લગતું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. ઉપરાંત વાનગી સ્પર્ધાના અલગ-અલગ વિજેતાને પ્રમાણપત્રનું વિતરણ કરાયું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સત્ય માત્ર સૂચક નહીં, પ્રેરક પણ હોવું જોઈએ.

- રવિન્દ્રનાથ ટાગોર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. ૨જ્જબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ સુદ-૧૫ વ્રતની પૂનમ, પોષી પૂનમ, શાકંભરી પૂર્ણિમા, માઘસ્નાન આરંભ, અંબાજી પ્રાગટ્ય ઉત્સવ તા.૧૩ જાન્યુઆરી ૨૦૨૫, સોમવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૧૨, આર્દ્રા નક્ષત્ર, વૈધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), પરોઢે ૪:૧૮ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૩-૦૧-૨૦૨૫ થી ૧૯-૦૧-૨૦૨૫ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારીથી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે, ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય, આરોગ્ય એકંદરે સારૂં છતાં પણ બેચેની રહે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃહજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે, જીવનસાથી સાથે સમજદારી ભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. આરોગ્ય એકંદરે સારૂં રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિઘ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. તક ઝડપી લેવી હિતાવહ. કૌટુંબિક પ્રશ્નોને કારણે મન અશાંત રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. તેનો સહકાર પ્રાપ્ત થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિન તકો મળે તે વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારું કાર્ય અટકે નહીં. નોકરી-ધંધાક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટેનું આયોજન થાય. નોકરીયાત માટે સારૂં રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિઘ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુથી વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય. તબિયત જાળવવી હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથયશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વકનું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂં રહે. ઋતુગત બિમારીથી સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિકક્ષેત્રે સમય સાનુકૂળતાસભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**


આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકારભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૂં રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

# ગ્લાસ કોટેડ દોરી અને ચાઈનીઝ દોરી વેચનારા સામે છૂટાછવાયા પગલાં તો લીધા છે, પણ ઉત્પાદકો સામે તો કોઈ કાર્યવાહી કરી જ નથી ! હાઈકોર્ટ





અમદાવાદ, તા.૧૩

૧૪મી જાન્યુઆરીના રોજ પતંગ રસિકો ઉત્તારાયણનો તહેવાર ઉજવવા અને વધુને વધુ પેચ કાપવા માટે થનગની રહ્યા છે ત્યારે તેઓ મજબૂત દોરી ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે. પતંગ રસિકોના શોખને અંકે કરી લેવા ઉત્પાદકો દ્વારા ગેરકાયદેસર રીતે અત્યંત ઘાતક ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ દોરી તૈયાર કરી વેચવામાં આવે છે. જેના કારણે માણસોના આખા ગળા ચિરાઈને મરણ પામે છે અને મોટી માત્રામાં પક્ષીઓ મરણ પામે છે. ત્યારે હાઈકોર્ટે સરકારને ફટકાર લગાવી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, તમે આવી દોરી વેચનારા સામે છૂટાછવાયા પગલા તો લીધા છે પરંતુ ઉત્પાદકો સામે તો કોઈ કાર્યવાહી કરી જ નથી. ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ આ મેટર આવતા કોર્ટે ટકોર કરી હતી કે, તેઓએ ડિસેમ્બરથી જ ઉત્પાદન શરૂ કરીને વેચાણ કરવાનું શરૂ કરી દીધું હશે અને તમે જે એફિડેવીટ રજૂ કરી છે તેમાં ઉત્પાદકો સામે પગલા લેવાયા હોવાનો કોઈ ઉલ્લેખ નથી. ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ કે હાનીકારક મટીરીયલથી તૈયાર કરાયેલી દોરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે તો તેનો અમલ કેવી રીતે કરશો તેની માહીતી આપો. રાજ્ય સરકારના ગૃહ વિભાગના પરિપત્ર મુજબ દરેક જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનર પ્રતિબંધનો અમલ કરાવવા માટે બંધાયેલા છે તો તેમની એફિડેવીટ લાવો. બીજુ બાજુ રાજયના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, ભાવનગરજેવા મોટા શહેરોમાં આકરા પગલા લેવામાં આવશે અને ઉત્પાદકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી સરકારી વકીલે આપી હતી. ઉલ્લેખનીય છે કે, બે અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજીઓ કરીને ચાઈનીઝ દોરી અને ગ્લાસનો ભૂકો પીવડાવેલી પતંગની દોરીઓ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા માટે માગણી કરી હતી. આ અરજીની સુનાવણી હાલમાં નીકળી હતી. ત્યારે સરકારી વકીલ દ્વારા ગૃહ વિભાગના અધિકારીએ તૈયાર કરેલી એફિડેવીટ રજૂ કરીને આ બાબતે લેવામાં આવેલા પગલાની માહિતી આપી હતી. પરંતુ એડવોકેટ દ્વારા રજૂઆત કરાઈ હતી કે, આંકડા ગયા વર્ષના છે અને છેલ્લા અઠવાડિયાના જે આંકડા આપ્યા છે તેમાં પણ જે પગલા લેવામાં આવ્યા છે તે માત્ર એકાદ બે ફીરકી પકડીને જ લેવામાં આવ્યા છે. આથી સરકારી તંત્ર દ્વારા ખાલી બતાડવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હોય તેવું લાગે છે. આથી ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ માંજા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાવવો જોઈએ. ગત વર્ષ ૨૦૧૭માં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તો તેનો સત્તાવાળાઓએ સંપૂર્ણ અમલ કરવો જોઈએ.

# ગડકરીએ માર્ગ અકસ્માતનો ભોગ બનતા લોકો માટે કેશલેસ સારવાર યોજનાની જાહેરાત કરી

## સરકારે આસામ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને પુડુચેરીમાં આ યોજનાનું પરીક્ષણ કર્યું છે



નવી દિલ્હી, તા.૧૩

દેશમાં કેટલાક રાજ્યોમાં સફળ પાયલોટ પરીક્ષણ પછી, કેન્દ્ર માર્ગ અકસ્માતના પીડિતો માટે પ્રત્યેક રૂા. ૧.૫ લાખની કેશલેસ સારવારની સુવિધા માટે એક યોજના રજૂ કરશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આ જાહેરાત કરી છે. આ યોજના સાત દિવસ સુધી અથવા વધુમાં વધુ રૂા. ૧.૫ લાખ સુધીના તબીબી ખર્ચને આવરી લે છે અને અકસ્માત પછી આ સારવારની મંજૂરી માટે ૨૪ કલાકથી ઓછો સમય લાગશે. જો હિટ-એન્ડ-રન કેસમાં મૃત્યુ થાય છે, તો પરિવારને વળતર તરીકે ૨ લાખ રૂપિયા મળશે. સરકારે આસામ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને પુડુચેરીમાં આ યોજનાનું પરીક્ષણ કર્યું છે. રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન પ્રધાનો, સચિવો અને કમિશનરોની બે દિવસીય પરિષદના અંતે ગડકરીએ કહ્યું કે, અમે કેટલીક ખામીઓ જોઈ છે અને તેના આધારે અમે તેને સુધારવા માટે કામ કરી રહ્યા છીએ. તેનાથી પીડિતો અને તેમના પરિવારોને ફાયદો થશે. ગડકરીએ માહિતી આપી હતી કે સરકાર વાણિજ્યિક, અને ખાસ કરીને ભારે વાહનોમાં અકસ્માતોને રોકવા માટે ત્રણ સૂચનો અથવા સક્રિય સુરક્ષા પગલાં રજૂ કરવા ઉપર કામ કરશે. ટ્રક અને બસોમાં ઈલેક્ટ્રોનિક સ્ટેબિલિટી કંટ્રોલ, ઈમરજન્સી બ્રેકિંગ સિસ્ટમ અને ડ્રાઈવર સુસ્તી ઓડિયો-અલર્ટ મિકેનિઝમ માટે આ સૂચનો ક્રાંતિકારી છે. અને આ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે કોમર્શિયલ વાહન ચાલકો માટે કામના કલાકો વધારવાનો ઉલ્લેખ કર્યો છે અને વેહિકલ લોકેશન ટ્રેકિંગ ડિવાઈસ (VLTD) ડિવાઈસ અને આધારઆધારિત સિસ્ટમ સાથે મોનિટરિંગ ડ્યુટી ટાઈમિંગ દ્વારા આવી પ્રથાને રોકવાના વિકલ્પો વિચારણા હેઠળ છે. સરકાર વાહનવ્યવહારના મોડની સુરક્ષામાં સુધારો કરવા ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા ઈ-રિક્ષા માટે સેફ્ટી સ્ટાર રેટિંગ રજૂ કરવાની પણ યોજના બનાવી રહી છે. તાજેતરમાં જ તાલીમ અને પરીક્ષણ સુવિધાઓ માટે ક્લસ્ટર અભિગમ સહિત ડ્રાઈવિંગ તાલીમ સંસ્થાઓ (DTI)ની યોજના પણ શરૂ કરી છે. આ પહેલનો હેતુ કુશળ ડ્રાઈવરોને તાલીમ આપીને રસ્તાઓ ઉપર સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ઓટોમેટેડ ટેસ્ટ ટ્રેક્સ અને રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન અને વીડિયો સિસ્ટમ્સ જેવી અદ્યતન તકનીકો સાથે, સ્કીમ વૈજ્ઞાનિક અને પદ્ધતિસરની ડ્રાઈવિંગ તાલીમ માટે મોડલ DTI બનાવવા માટે દેશના દૂરના ખૂણાઓ સુધી તેની પહોંચ વિસ્તારવામાં આવી છે. મંત્રાલયે જાહેરાત કરી કે માર્ચ ૨૦૨૫ સુધીમાં ૯૦ રજિસ્ટર્ડ વ્હીકલ સ્ક્રેપિંગ ફેસિલિટી અને ૨૪૦ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન તૈયાર થઈ જશે.

# યાકુત્સ્ક શહેરનું સરેરાશ વાર્ષિક તાપમાન -૮.૦ ડિગ્રી રહે છે, જે શિયાળામાં -૬૨ ડિગ્રી સુધી ઘટી જાય છે

## દુનિયાનું સૌથી ઠંડુ શહેર, તાપમાન -૬૨ ડિગ્રી સુધી પહોંચે, કાર એકવાર સ્ટાર્ટ કરો તો બંધ ના કરી શકો

નવી દિલ્હી, તા.૧૧

ભારત જ નહીં પરંતુ વિશ્વના ઘણાં દેશો ભીષણ ઠંડીનો સામનો કરી રહ્યા છે. આ યાદીમાં કેટલાક નામ એવા છે, જ્યાં આખા વર્ષ દરમિયાન તાપમાન શૂન્યથી નીચે રહે છે. આમાંથી એક રશિયાનું યાકુત્સ્ક શહેર છે, જે વિશ્વના સૌથી ઠંડા સ્થળોમાંનું એક માનવામાં આવે છે. યાકુત્સ્ક શહેરનું સરેરાશ વાર્ષિક તાપમાન -૮.૦ ડિગ્રી રહે છે, જે શિયાળામાં -૬૨ ડિગ્રી સુધી ઘટી જાય છે. અહીંના લોકો ઠંડીથી બચવા માટે અનેક સ્તરના કપડાં પહેરે છે. આ ઉપરાંત પાર્ક કરેલી ગાડીઓ ફરી શરૂ થતી નથી અને બરફના ધુમ્મસને કારણે આ શહેરમાં વિઝિબિલિટી ઓછી છે. વર્ષ ૨૦૨૫ની શરુઆતમાં યાકુત્સ્કનું તાપમાન શૂન્યથી નીચે -૮૦.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું, જે બે દાયકાથી વધુ સમયનો સૌથી ઠંડો દિવસ હોવાનું નોંધાયું હતું. શિયાળામાં વાહનો પાર્ક કર્યા પછી તેમને બંધ કરવામાં આવતા નથી. જો કોઈ વાહન રસ્તા પર પાર્ક કરવામાં આવે, તો તેનું એન્જિન થીજી જવાનો ભય રહે છે. અહીં વાહન બંધ થયા પછી શરુ થતું નથી. કેટલાક લોકો હીટરથી સજ્જ ગેરેજમાં પોતાની કાર પાર્ક કરે છે. જેથી ઠંડી હવા વાહન પર અસર ન કરે અને તાપમાન એન્જિન માટે યોગ્ય રહે. આ ઉપરાંત, વાહન કવરનો પણ ઉપયોગ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, યાકુત્સ્ક શહેર ૧૨૨ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે. અહીંની વસ્તી અંદાજે ૩.૫૫ લાખ કરતાં થોડી વધુ હતી. આ શહેર ૧૬૩૨માં ખ્રિસ્તી સમુદાય દ્વારા વસાવવામાં આવ્યું હતું.

# કોંગ્રેસના નવા વડા મથક 'ઈન્દિરા ગાંધી ભવન'નું ૧૫ જાન્યુઆરીના રોજ ઉદ્‌ઘાટન થશે

## આ વડા મથકમાં કોંગ્રેસના તમામ સંગઠનો મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, NSUI સહિતના તમામ સંગઠનો અને વિભાગોને સમાવી લેવામાં આવશે, જે પક્ષની ભાવિ પ્રવૃત્તિઓ માટેનું મુખ્ય કેન્દ્રીય મથક બની રહેશે એ નિશ્ચિત છે



નવી દિલ્હી, તા.૧૩

કોંગ્રેસના નવા મથક 'ઈન્દિરા ગાંધી ભવન'નું ૧૫મી જાન્યુઆરીએ થનારૂં ઉદ્‌ઘાટન એક ભવ્ય સમારંભ બની રહેશે અને કોંગ્રેસ પક્ષના ૧૩૯ વર્ષના વારસાની ઉજવણી સમાન બની રહેશે. દિલ્હીના 9A કોટલા રોડ પર સવારે ૧૦ વાગ્યે ઉદ્‌ઘાટન સમારંભ શરૂ થશે અને કોંગ્રેસે સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી તથા કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સમારંભના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેશે. કોંગ્રેસનું અગાઉનું વડુમથક ૨૪ અકબર રોડ ઉપર ૧૯૭૮થી કાર્યરત રહ્યું છે. કોંગ્રેસના સૌથી વધુ મુશ્કેલી ભરેલા આ સમયે કટોકટીનો કાળ અને પછી ૧૯૭૭ની ચૂંટણીઓમાં પરાજય સહિતના કપરા સમયમાં પક્ષને આ જગ્યા ફાળવવામાં આવી હતી. ઉદ્‌ઘાટન સમારંભમાં કોંગ્રેસની કારોબારી સમિતિના સભ્યો તથા પક્ષના પૂર્વ મુખ્યપ્રધાનો અને પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ તેમજ સાંસદો, મહત્ત્વના નેતાઓ સહિત દેશભરમાંથી ૪૦૦થી વધુ નામાંકિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. પક્ષની વહીવટી તથા સંસ્થાકીય કામગીરી થઈ શકે અને વ્યૂહાત્મક પ્રવૃત્તિઓ થઈ શકે એ માટે તમામ આધુનિક સાધન સુવિધા સાથે ઈન્દિરા ગાંધી ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે ડિસેમ્બર ૨૦૦૯માં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અને સોનિયા ગાંધીના હસ્તે આ નવી ઈમારત માટે શીલારોપણ થયું હતું. ઈમારતના નિર્માણમાં ઘણી નાણાકીય તકલીફો પણ આવી હતી અને પડકારો પણ આવ્યા હતા અને રાજકીય રીતે પણ સમસ્યાઓ સામે આવી હતી પરંતુ હવે કોંગ્રેસનું આ નવું વડુમથક તૈયાર થઈ ગયો છે અને ઉદ્‌ઘાટન માટે તૈયાર છે. કોંગ્રેસના મહામંત્રી કે.સી. વેણુગોપાલે પોસ્ટ મૂકી હતી કે, અભૂતપૂર્વ અસાધારણ ભૂતકાળને સ્મરણાંજલિ સમયની સાથે આગળ વધવાનો અને નવા સમયને ગળે લગાડવાનો સમય આવી ગયો છે. પક્ષનું આ નવું આધુનિક ભવન પક્ષની અને તેના નેતાઓની તમામ જરૂરિયાતોને પહોંચી વળે એ રીતે તૈયાર કરવામાં આવ્યું છે જેમાં તમામ આધુનિક સુખ સુવિધાઓ છે અને તમામ વહીવટી તથા સંસ્થાકીય અને વ્યૂહાત્મક પ્રવૃત્તિઓ માટેની આધુનિક સગવડો છે. કોંગ્રેસના આપવાની સાથે સાથે પક્ષના ભાવિ દિશામાં આગળ વધતા રહેવાના વિઝનનું આ ભવ્ય ઈમારત પ્રતિક બની છે કોંગ્રેસ એવી પાર્ટી છે જેણે દેશના રાજકીય અને સામાજિક તાંતણાને નવું ક્લેવર આપ્યું છે અને તેનું ઘડતર કર્યું છે. ભારતના લોકશાહી માળખાના ઘડતર સાથેની પોતાની નવી મંજિલો તરફની આગેકુચ માટે આ નવી બિલ્ડિંગ એક નવા ઐતિહાસિક પ્રકરણ સમાન બની રહેશે.

# આસારામ બાપુને માર્ચ સુધી મેડિકલ જામીન; બધા આવા નસીબદાર નથી

નવી દિલ્હી, તા.૧૩

સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં જાતે બની બેઠેલ ગોડમેન આસારામ બાપુને બેમહિનાના વચગાળાના જામીન આપ્યા હતા. મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, આસારામ કે જે બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે જેમાં તેને ગુજરાતની અદાલતે દોષિત ઠેરવ્યો તો, તે ૩૧ માર્ચ સુધી મુક્ત રહેશે. જસ્ટિસ એમ.એમ. સુંદરેશઅને રાજેશ બિંદલેની ખંડપીઠે આ આદેશ પસાર કર્યો હતો. ખંડપીઠ આસારામને તેમના અનુયાયીઓ સાથે મળવાની મનાઈ ફરમાવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આસારામ માટે તેમના એડવોકેટ દેવદત્ત કામતે તેમની મોટી ઉંમર, હાર્ટ એટેકનો ઈતિહાસ અને મેડિકલ હિસ્ટ્રીને ટાંકીને દલીલ કરી હતી. કામતે એવી પણ દલીલ કરી હતી કે દોષિત ઠરાવ 'ફક્ત પુરાવા વગર ફરિયાદીની જુબાની ઉપર આધારિત હતો અને ફરિયાદ પક્ષના કેસમાં અસંગતતાઓ તરફ ધ્યાન દોર્યું હતું.' કોર્ટનો મેરિટમાં જવાનો ઈનકાર ગુજરાત રાજ્ય તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજીનો વિરોધ કર્યો હતો. એક્ટોબરના અંતમાં, સુપ્રીમ કોર્ટેનોંધ્યું હતું કે જો કોઈ કેદી બીમાર હોય કે અશક્ત હોય તો તેને જામીન આપી શકાય છે, પછી ભલેને તે ગમે તેટલા કડક કાયદા હેઠળ હોય. જો કે, દરેક જણ આ વિચાર અનુસાર રાહત પ્રાપ્ત થતી નથી. મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે ૨૦૨૩માં, કેવી રીતે ૩૮ વર્ષીય કાર્યકર્તાની ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા ઓક્ટોબરમાં કથિત માઓવાદી સંબંધોના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, ઉચ્ચ જોખમવાળી ગર્ભાવસ્થાના આધારે લખનૌની અદાલતે મેડિકલ કારણોસર જામીન માટેની તેણીની અરજી ફગાવી દીધાના એક અઠવાડિયા પછી જેલમાં કસુવાવડ થઈ હતી. એલ્ગાર પરિષદના ઘણા આરોપીઓ, જેમાં શોમા સેન, વરવરા રાવ, સુધા ભારદ્વાજ અને અન્યનાસમાવેશ થાય છે, તેઓએ તબીબી જામીન મેળવવાનો પ્રયાસ કરતા ઘણી વખત અદાલતો દ્વારા નિરાશ થયા હતા. આ કેસના આરોપીઓમાંના એક, ફાધર સ્ટેન સ્વામી, કોવિડ-૧૯ના ચેપ બાદ જેલમાં મૃત્યુ પામ્યા હતા. અદ્યતન પાર્કિન્સન રોગ સહિત અનેક ગંભીર પરિસ્થિતિઓ હોવા છતાં તેમને તબીબી જામીન નકારવામાં આવ્યા હતા. રાવના વકીલે સર્વોચ્ચ અદાલતને કહ્યું હતું કે તેમની તબીબી જરૂરિયાતો ઉપર ધ્યાન આપવામાં વિલંબ એ 'મૃત્યુઘંટ' સાબિત થશે. ગયા વર્ષના અંતમાં, સીબીઆઈ કોર્ટના ન્યાયાધીશ સંજીવ અગ્રવાલે બ્રિટિશ નાગરિક અને શસ્ત્રાગાર સલાહકાર, કેદમાં રહેલા ક્રિશ્ચિયન મિશેલ માટે તાત્કાલિક તબીબી હસ્તક્ષેપનો નિર્દેશ આપ્યો હતો, જેની તબીબી સ્થિતિનું કથિત રીતે ખોટું નિદાન થયું હતું અથવા પાંચ મહિના સુધી તેની અવગણના કરવામાં આવી હતી, તેને ન્યાયની અવગણના ગણાવી હતી. શિક્ષણવિદ જી.એન. સાઈબાબા, જે વ્હીલચેરવશ હતા અને ૯૦% થી વધુ વિકલાંગ હતા, તેમણે ૨૦૨૪ની શરૂઆતમાં તેમની મુક્તિ પછી કહ્યું હતું કે તે 'માત્ર તક દ્વારા' જ જેલમાંથી જીવતા બહાર આવી શક્યા હતા.

# મધ્યપ્રદેશમાં ભાજપના નેતાઓ અને તેમના લોકોના ઘરેથી બેનામી રોકડ અને સોના અંગેના ગેરકાયદેસર વ્યવહારો મળી રહ્યા છે

(એજન્સી) તા.૧૩

મધ્યપ્રદેશમાં રાજકારણીઓ અને તેમના નજીકના લોકોના ઘરેથી સોનું, ચાંદી, હીરા, મોતી અને રોકડ મળી આવી રહી છે. આવકવેરા વિભાગે તેના દરોડામાં મધ્યપ્રદેશના સાગર જિલ્લાના ભાજપના પૂર્વ ધારાસભ્ય હરવંશસિંહ રાઠોડ અને રાઠોડ (ભાજપ સાથે સંકળાયેલા) સાથે સંકળાયેલા વેપારીઓ પાસેથી માત્ર મોટી કરચોરી જ શોધી કાઢી નથી, પરંતુ રોકડ, સોનું, ઘરેણાં પણ જપ્ત કર્યા છે અને ગેરકાયદે વ્યવહારો અને બેનામી મિલકતના દસ્તાવેજો પણ મળી આવ્યા છે. રાઠોડ ઉપરાંત ઈન્કમટેક્સે ભાજપના પૂર્વ કાઉન્સિલર રાજેશ કેસરવાણી અને તેના ત્રણ સાથીઓના ઘરે પણ દરોડા પાડ્યા હતા. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા દરોડા બાદ કરચોરી અને રિકવર થયેલી સંપત્તિની વિગતો સામે આવી છે. પૂર્વ ધારાસભ્ય હરવંશસિંહ રાઠોડના ઘરેથી ૧૪ કિલો સોનું મળી આવ્યું છે. જ્યારે કેસરવાણીના પરિસરમાંથી ૪.૭૦ કિલો સોનું મળી આવ્યું છે. પૂર્વ ધારાસભ્ય રાઠોડના ઘરેથી મળેલા સોનામાં જ્વેલરીનો પણ સમાવેશ થાય છે. આ દરોડામાં આવકવેરાની ટીમને અત્યાર સુધીમાં ૩.૮૦ કરોડ રૂપિયા રોકડા મળ્યા છે. ટીમને અત્યાર સુધીની વિગતો પરથી રૂા.૨૦૦ કરોડથી વધુની સંપત્તિ મળી આવી છે. ઈન્કમટેક્સ ટીમને પૂર્વ કાઉન્સિલર રાજેશ કેસરવાણીના ઘરેથી મળેલા દસ્તાવેજોમાં ૧૪૦ કરોડ રૂપિયાના વ્યવહારોની વિગતો મળી છે. કેસરવાણીના ઘરેથી ૭ લક્ઝરી વાહનો પણ મળી આવ્યા છે. તમામ વાહનો કર્મચારીઓ અને અન્ય લોકોના નામે ખરીદવામાં આવ્યા છે. આવકવેરાની ટીમ વાહનોનું વેલ્યુએશન પણ કરાવી રહી છે. મોટી કરચોરીનો પર્દાફાશ થઈ રહ્યો હોવાનું આવકવેરા સૂત્રો જણાવી રહ્યા છે.

**ભાજપ સાથે જૂનો સંબંધ :** હરવંશસિંહ રાઠોડના પિતા હરનામસિંહ રાઠોડ ભાજપના જૂના નેતા હતા. વર્ષ ૨૦૧૫માં તેમનું અવસાન થયું હતું. તેઓ સાગર જિલ્લાની બાંદા વિધાનસભા બેઠક ઉપરથી ધારાસભ્ય હતા. હરનામસિંહ રાઠોડ ૨૦૦૩માં ઉમા ભારતીની સરકારમાં મંત્રી હતા. હરનામસિંહ રાઠોડના પુત્ર હરવંશસિંહ રાઠોડ ૨૦૧૩માં ભાજપની ટિકિટ ઉપર તેમના પિતાની પરંપરાગત બેઠક બાંદાથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. વર્ષ૨૦૧૮માં તેઓ કોંગ્રેસના તરબાર સિંહ સામે ચૂંટણી હારી ગયા હતા. આ પછી તેને ૨૦૨૩માં ટિકિટ મળી ન હતી.

**જિલ્લા પ્રમુખ પદ માટે દાવો :** મધ્યપ્રદેશમાં પણ ભાજપ સંગઠનની ચૂંટણી ચાલી રહી છે. ભાજપના સાગર જિલ્લા એકમના પ્રમુખ પદના મુખ્ય દાવેદારોમાં હરવંશસિંહ રાઠોડની ગણતરી કરવામાં આવી રહી છે. દરોડા બાદ હવે તેમનો દાવો પૂરો થયો હોવાનું માનવામાં આવે છે. મધ્યપ્રદેશના વરિષ્ઠ પત્રકાર દેવદત્ત દુબેએ જણાવ્યું કે, જ્યારે બુંદેલખંડમાં ભાજપનું નામ ન હતું ત્યારે હરનામસિંહ રાઠોડે સાગર પ્રદેશમાં ભાજપની સ્થાપના માટે પહેલ કરી હતી. એક સમયે સાગરમાં તેમના ઘરેથી પાર્ટી ચાલતી હતી. તેમણે તન, મન અને ધનથી પાર્ટીનું નિર્માણ કર્યું હતું. આજે આ સમગ્ર વિસ્તારની ગણતરી ભાજપના મજબૂત ગઢમાં થાય છે. હરનામસિંહના પિતા દુલીચંદ રાઠોડ બીડીના વેપારી હતા. રાઠોડ પરિવાર આજે પણ આ વ્યવસાય કરે છે. બદલાતા સમયની સાથે આ પરિવારે દારૂના ધંધા, ખાણકામ અને રિયલ એસ્ટેટમાં પણ મોટું રોકાણ કર્યું હોવાનો દાવો સૂત્રો કરી રહ્યા છે. બીજી તરફ ભાજપના પૂર્વ કાઉન્સિલર પણ રિયલ એસ્ટેટને લગતા મોટા બિઝનેસ ધરાવે છે. આ સાથે તેઓ સમગ્ર સાગર પ્રદેશમાં વ્યાજ ઉપર નાણાં કમાયા હોવાનું પણ કહેવાય છે. મધ્યપ્રદેશમાં છેલ્લા પખવાડિયામાં વિવિધ લોકોના ઘરો ઉપર પાડવામાં આવેલા દરોડામાં મોટી માત્રામાં સોનું, ચાંદી, ઘરેણાં, રોકડ અને વિશાળ સંપત્તિનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મધ્યપ્રદેશ લોકાયુક્તે ટ્રાન્સપોર્ટ વિભાગના પૂર્વ કોન્સ્ટેબલ સૌરભ શર્મા અને તેના સહયોગીઓ પાસેથી દરોડામાં કરોડો રૂપિયાની રોકડ સહિત સંપત્તિ સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા છે. લોકાયુક્તના દરોડા બાદ ઈન્કમ ટેક્સના દરોડામાં સૌરભ શર્માના સહયોગીની કારમાંથી ૪૦ કરોડની કિંમતનું ૫૪ કિલો સોનું અને ૧૦ કરોડની રોકડ પણ મળી આવી હતી. સૌરભ શર્માના પરિસરમાંથી અંદાજે ૨૫૦ કિલો ચાંદી અને હીરા, રત્ન અને અન્ય જ્વેલરી મળી આવી છે. સૌરભ શર્મા હજુ ફરાર છે. તેની આગોતરા જામીન અરજી ભોપાલ જિલ્લા કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ જામીન મળ્યા ન હતા. સૌરભ તેની પત્ની સાથે દુબઈમાં છૂપાયો હોવાની આશંકા છે. તેની શોધ ચાલુ છે.

# સંશોધન અને તાલીમ સહાયક બનવા ૧૯ જાન્યુઆરીએ મુખ્ય પરીક્ષા લેવાશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં સંશોધન અને તાલીમ સહાયક બનવા માટે ૧૯ જાન્યુઆરીના રોજ મુખ્ય પરીક્ષા લેવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૮ ડિસેમ્બરના રોજ પ્રાથમિક પરીક્ષા લેવામાં આવ્યા બાદ તેમાં ૫૦ ટકા ગુણ લાવનાર ઉમેદવારો હવે મુખ્ય પરીક્ષા આપશે. મુખ્ય પરીક્ષા માટેની હોલ ટિકિટ ૯ જાન્યુઆરીના રોજ વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ (જી.સી.ઈ.આર.ટી.) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં સંશોધન અને તાલીમ સહાયકની જગ્યાઓ ૧૧ માસનાં કરારથી કામગીરી માટે ભરતી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પગલે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ જગ્યા ઉપર ભરતી માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી અરજીઓ મંગાવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સંશોધન અને તાલીમ સહાયક પ્રાથમિક પરીક્ષા-૨૦૨૪નું આયોજન ૮ ડિસેમ્બર રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રાથમીક કસોટીમાં ૫૦% કરતાં વધુ ગુણ મેળવનાર ઉમેદવાર માટે હવે મુખ્ય પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. જેના માટે આવેદનપત્રો ભરવા માટે ઉમેદવારોને સૂચના આપવામાં આવી હતી. સંશોધન અને તાલીમ સહાયક મુખ્ય.પરીક્ષા ૨૦૨૫નુ આયોજન અમદાવાદ ગ્રામ્ય ખાતે ૧૯ જાન્યુઆરી રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પરીક્ષાની હોલ ટીકીટ ૯ જાન્યુઆરીના રોજ વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવી છે. ઉમેદવારો પરીક્ષાના દિવસ સુધી વેબસાઈટ ઉપરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

### પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવતા CM ભૂપેન્દ્ર પટેલ

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૫નો પ્રારંભ

## PM નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતનો પતંગોત્સવ વૈશ્વિક ઓળખ બન્યો છે : ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ, તા. ૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ના શુભારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તારાયણના આ તહેવારને 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. એટલું જ નહિ પતંગોના આ પર્વને આધુનિક આયામો આપ્યા અને સાથો સાથ પ્રવાસન સાથે આ ઉત્સવને પણ જોડ્યો છે. આમ, આ પતંગોત્સવ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ગયો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદથી તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દર વર્ષે દેશ અને દુનિયાના એમ્બેસેડર્સ આ પતંગ મહોત્સવ જોવા ગુજરાત આવે છે. આ વર્ષે કુલ ૧૧ જેટલા દેશોના એમ્બેસેડર ગુજરાત આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વોકલ ફોર વોકલ અભિયાન પતંગોત્સવમાં આવતા પ્રવાસીઓથી ખુબ મોટો વેગ મળ્યો છે. આ ઉત્સવ દરમિયાન ફૂડ સ્ટોલ અને ક્રાફ્ટ સ્ટોલ ધારકોને લાખો રૂપિયાની આવક થાય છે. એટલું જ નહિ, ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં ગયા વર્ષે સાડા પાંચ લાખથી વધુ લોકો જોડાયાં હતા.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવથી થયેલા ગુજરાતના પ્રવાસનના વિકાસ અને ગુજરાતના પતંગ ઉદ્યોગ અંગે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે, ગુજરાતીઓના પતંગ પ્રેમને કારણે સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે વિશ્વમાં ગુજરાતને ઓળખ મળી છે. અમદાવાદ, નડિયાદ, ખંભાત તેમજ સુરત કાઈટ મેન્યુફેક્ચરીંગના હબ બન્યા છે. એટલું જ નહિ, આજે દેશના પતંગ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતમાંથી દર વર્ષે પતંગો અમેરિકા, યુ.કે., કેનેડા જેવા દેશોમાં એકસપોર્ટ પણ થાય છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસતિ રાષ્ટ્ર બનાવવાની વડાપ્રધાનની નેમ છે, ત્યારે આ નેમને સાકાર કરવા ગુજરાતના વિકાસ પતંગને પર્યાવરણ અને પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને વિકાસ વિશ્વમાં ઊંચી ઊડાન ભરાવવાની એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે ઉત્તરાયણ પર્વની વાત કરતા મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, ઉત્તરાયણ ઉત્સવ દાન તેમજ ધર્મનું અને સૂર્ય નારાયણની ઉપાસનાનું પર્વ છે. એટલું જ નહિ, દાન-મહિમાની પરંપરા સાથે ઉજવાતા આ પર્વમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદના પણ સમાયેલી છે.

જીવમાત્રની સુરક્ષા માટે સંવેદના દર્શાવીને આ પર્વને સુરક્ષિત રીતે ઉજવવુ જોઈએ તેમજ પતંગ ઉડાડવામાં પણ ખુબ કાળજી રાખવી જોઈએ એવી રાજ્યના દરેક નાગરિકોને મુખ્યમંત્રી દ્વારા અપિલ કરવામાં આવી હતી. આ અવસરે મુખ્યમંત્રી એ ઉતરાયણ અને મકરસંક્રાંતિના પર્વની સૌને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ની વિગતવાર માહિતી આપતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ –૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૨૫'નું આયોજન કરાયું છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. જેમાં ૫૫ દેશોના ૧૫૩ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ૧૨ રાજ્યોના ૬૮ રાષ્ટ્રીય પતંગબાજો, ગુજરાતનાં ૨૩ શહેરોના ૮૬૫ પતંગબાજોએ ભાગ લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં -૨૦૨૫માં અર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બેલારુસ, બેલ્જિયમ, ભૂતાન, બ્રાઝિલ, બલ્ગેરિયા, કંબોડિયા, કેનેડા, ચીલી, કોલંબિયા, કોસ્ટા રીકા, ડેનમાર્ક , ઈજિપ્ત, એસ્ટોનીયા, ફ્રાન્સ, જર્મની , ગ્રીસ, હંગારી, ઈન્ડોનેશિયા, આયર્લેન્ડ, ઈટલી, ઈઝરાયલ, જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા, લેબાનોન, લીથું ઉનીયા, મલટા ,મેક્સિકો, નેધરલેન્ડ, ફિલિપાઈન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનીયા, રશિયન ફેડરેશન, સ્લોવાકિયા, સોલ્વેનિયા, સાઉથ આફ્રિકા, સ્પૈન, સ્વીઝરલેન્ડ, તુર્કી, યુક્રેન, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ, વીયેતનામના પતંગબાજો ભાગ લઈ રહ્યા છે.

# ચેરીટીતંત્રની કામગીરીમાં પારદર્શિતા વધારવા નિર્ણય

## કેસની સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી નાગરિકોનો કાનૂની પ્રક્રિયામાં વધુ વિશ્વાસ મજબૂત થશે : કાયદામંત્રી

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સરકાર દ્વારા ચેરીટીતંત્રના વહીવટમાં પારદર્શિતા લાવવાના હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ની કલમ-૮ હેઠળ ચેરીટીતંત્રની કચેરીઓમાં થતી ન્યાયીક અને અર્ધન્યાયીક કામગીરીમાં થયેલા અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે. સાથોસાથ આ નકલ પક્ષકારોને રજીસ્ટર્ડ એ.ડી.પોસ્ટ દ્વારા પણ મોકલવામાં આવશે.

વધુ વિગતો આપતા કાયદામંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધી હુકમોના માત્ર સારાંશની નકલ મોકલવામાં આવતી હતી, પરંતુ હાલની કાનૂની જરૂરિયાતોને અનુલક્ષીને હવેથી સમગ્ર હુકમની નકલ રજીસ્ટર્ડ એ.ડી.પોસ્ટ દ્વારા વિનામૂલ્યે મોકલવામાં આવશે. આ નિયમ તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવ્યો છે.

આ પહેલના અમલીથી ચેરીટીતંત્રના વહીવટમાં વધુ પારદર્શિતા આવશે તેમજ પક્ષકારો માટે ન્યાયની સુલભતા સુનિશ્ચિત થશે. પોતાના કેસની સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી નાગરિકોનો કાનૂની પ્રક્રિયામાં વધુ વિશ્વાસ મજબૂત થશે તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત ચેરીટીતંત્રના અધિકારીઓને પોતાના હુકમમાં આ વ્યવસ્થાનો ઉલ્લેખ કરવાનું અચૂકપણે પાલન કરવાની સૂચના પણ અપાઈ છે.

### વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે

# દુનિયાના ૫માં સૌથી મોટા ટેસ્ટ ટ્રેક પર ગડકરીએ કરી Ferrari ની સવારી

## નીતિન ગડકરીએ તાજેતરમાં મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં BAJA SAEINDIA 2025નું ઉદ્ઘાટન કર્યું

ભોપાલ, તા.૧૩

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ તાજેતરમાં મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં BAJA SAEINDIA 2025નું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન તેમણે દુનિયાના ૫માં સૌથી મોટા હાઈ-સ્પીડ ટ્રેક 'નેશનલ ઓટોમોટિવ ટેસ્ટ ટ્રેક' (NATRAX) પર Ferrari Roma સ્માર્ટ કારમાં સવારી કરી, તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં BAJA SAEINDIA 2025નું કેન્દ્રીય મંત્રી નીડિત ગડકરીએ ઉદ્ઘાટન કર્યું. જેમાં નીતિન ગડકરીએ Ferrariની સવારી કરી હતી, જેનો વીડિયો નીડિત ગડકરીના ઓફિસિયલ ઈન્સ્ટાગ્રામમાં શેર કરાયો હતો. જેમાં નીતિન ગડકરીએ ત્રણ બીમ ક્રેશ બેરિયરનું ટેસ્ટિંગ કર્યું હતું.

નીતિન ગડકરીએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, મધ્યપ્રદેશના ધારમાં NATRAX ખાતે દુનિયાના ૫માં સૌથી મોટા હાઈ-સ્પીડ ટેસ્ટ ટ્રેકનો અનુભવ કરવાની અને થ્રી બીમ ક્રેશ બેરિયરના અધારા ટેસ્ટિંગની સાક્ષી બનવાની તક મળી. NATRAX એ એક અત્યાધુનિક ઓટોમોટિવ પરીક્ષણ ગ્રાઉન્ડ છે. જ્યાં તમામ પ્રકારના ઓટોમોટિવ પ્રોડક્ટ્સ અને ઘટકોનું ઉદ્યોગના ધોરણો અનુસાર પરીક્ષણ કરવામાં આવે છે. ·ઙ્ઘછ્‌ઈછ૪ મધ્ય પ્રદેશના પીથમપુર, ધાર જિલ્લામાં સ્થિત એશિયાનું સૌથી લાંબુ ઓટોમોટિવ પરીક્ષણ ટ્રેક છે. જે દુનિયાનું પાંચમું સૌથું મોટું ટ્રેક પણ છે. અહીં ભારત સરકારના ભારે ઉદ્યોગ મંત્રાલયનો એક પ્રોજેક્ટ દ્વારા નેશનલ ઓટોમોટિવ ટેસ્ટિંગ અને આર એન્ડ ડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ હેઠળ ૧૧.૩ કિ.મી. લાંબો હાઈ-સ્પીડ ટ્રેક બનાવવામાં આવ્યો છે.

NATRAX ટેસ્ટ ટ્રેક પર જે કારમાં નીતિન ગડકરીએ સવારીનો આનંદ માણ્યો હતો તે Ferrari Roma સ્પોર્ટ્સ કાર છે. જેમાં ૩.૯ લીટરની ક્ષમતાવાળું V8 એન્જિનનો ઉપયોગ કરાયો છે. Ferrari Romaમાં ફક્ત લોકોની બેસવાની ક્ષમતા છે અને તેનું કેબિન કોઈ ફાયટરે જેટ જેવું જ લાગશે. જ્યારે ઈન્ડિયન માર્કેટમાં આ કારની કિંમત ૭.૩૬ કરોડ રૂપિયાથી શરૂ થાય છે. ૮-સ્પીડ ઓટોમેટિક ટ્રાન્સમિશન ગિયરબોક્સથી સજ્જ, આ કારની ટોપ સ્પીડ ૩૨૦ કિ.મી./કલાક છે. આ કાર માત્ર ૩.૪ સેકન્ડમાં ૦ થી ૧૦૦ કિમી/કલાકની ગતિ પકડી શકે છે.

### 'RRR' નો તોડ્યો રેકોર્ડ

# 'ગેમ ચેન્જર'એ પહેલા દિવસે રચ્યો ઈતિહાસ




મુંબઈ, તા.૧૩

સુપરસ્ટાર રામ ચરણની એકશન-થ્રિલર ફિલ્મ 'ગેમ ચેન્જર' ૧૦ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં આવી ગઈ છે. રિલીઝ થતાની સાથે જ આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી. 'ગેમ ચેન્જર'નો જલવો દેશમાં જ નહીં વિદેશોમાં પણ જોવા મળી રહ્યો છે. રામ ચરણની ફિલ્મે પહેલા જ દિવસે 'RRR'નો રેકોર્ડ તોડી નાખ્યો છે. ફિલ્મનું કલેક્શન પહેલા દિવસે ૧૫૦ કરોડ રૂપિયાને પાર કરી ગયું હતું. ચાલો તમને જણાવીએ કે, રામ ચરણની 'ગેમ ચેન્જર' એ પહેલા દિવસે વિશ્વભરમાં કેટલા કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.

ટ્રેડ એનાલિસ્ટ મનોબાલા વિજયબાલને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (Twitter) પર 'ગેમ ચેન્જર'ના વિશ્વવ્યાપી કલેક્શન વિશે માહિતી આપી છે. તેણે કહ્યું કે રામ ચરણની ફિલ્મે પહેલા દિવસે વિશ્વભરમાં ૧૮૬ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. તે વર્ષ ૨૦૨૫ની સૌથી વધુ ઓપનર ફિલ્મ બની ગઈ છે. ટાઈમ્સ નાઉમાં છપાયેલા અહેવાલ મુજબ 'ગેમ ચેન્જર'એ 'ઈઈઈ'ના પહેલા દિવસે

**ફિલ્મનું કલેક્શન પહેલા દિવસે ૧૫૦ કરોડને પાર થયું**

વિશ્વભરમાં કમાણીનો રેકોર્ડ તોડ્યો છે.એસએસ રાજામૌલીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'RRR' વર્ષ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. આમાં રામ ચરણ અને જુનિયર એનટીઆર મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. આ ફિલ્મે પહેલા દિવસે વિશ્વભરમાં ૧૩૩ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. જોકે, 'ગેમ ચેન્જર' અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨'ની શરૂઆતના દિવસની કમાણીનો રેકોર્ડ તોડી શકી નથી. તે જાણીતું છે કે સુકુમારની ફિલ્મ 'પુષ્પા ૨' એ પ્રથમ દિવસે વિશ્વભરમાં ૨૯૪ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જે એક મોટો રેકોર્ડ છે.

તમને જણાવી દઈએ કે, રામ ચરણની 'ગેમ ચેન્જર'નું નિર્દેશન એસ. શંકર, જે તેની પ્રથમ તેલુગુ ફિલ્મ છે. તેલુગુની સાથે આ ફિલ્મ તમિલ, હિન્દી, કન્નડ અને મલયાલમ જેવી પાંચ ભાષાઓમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મ એક IASની વાર્તા છે, જે રામ ચરણ દ્વારા ભજવવામાં આવે છે. 'ગેમ ચેન્જર'માં કિયારા અડવાણી, એસજે સૂર્યા, જયરામ અને વેનેલા કિશોર જેવા સ્ટાર્સ મહત્વની ભૂમિકામાં છે.

### રવિન્દ્ર જાડેજાએ બધાને ચોંકાવ્યા

# જાડેજાએ ઈન્સ્ટાગ્રામ પર એક એવી પોસ્ટ શેર કરી કે ખળભળાટ મચ્યો

નવી દિલ્હી, તા.૧૩

બોર્ડર ગાવસ્કર ટ્રોફી (BGT)માં ટીમ ઈન્ડિયાએ ૧-૩થી શર્મનાક હારનો સામનો કરવો પડ્યો, જેના પગલે ટીમ ઈન્ડિયાના દિગ્ગજ રોહિત શર્મા અને વિરાટ કોહલીની નિવૃત્તિની ચર્ચાઓ થવા લાગી. પરંતુ આ બધા વચ્ચે સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ બધાને ચોંકાવી દીધા છે. જાડેજાએ ઈન્સ્ટાગ્રામ પર એક એવી પોસ્ટ શેર કરી કે ખળભળાટ મચી ગયો. ફેન્સ જાડેજાની આ પોસ્ટ બાદ અનેક પ્રકારના અનુમાન કરતા જોવા મળી રહ્યા છે. ભારતના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક એવી તસવીર શેર કરી. આ ફોટામાં તેમણે પોતાની ટેસ્ટ જર્સીનો ફોટો શેર કર્યો અને આ પોસ્ટ હવે ટ્વિટર પર ખુબ વાયરલ થઈ રહી છે. ફેન્સ સવાલ કરી રહ્યા છે કે આ પોસ્ટનો શું અર્થ છે. અનેક લોકોનું કહેવું છે કે ક્યાંક તેમણે નિવૃત્તિ તો નથી લઈ લીધી ને? જો કે જાડેજાએ પોતાના આ પોસ્ટમાં કશું જ લખ્યું નથી.

### જીવનમાં સર્વોત્તમ મેળવવાની કળા

# પ્રાચીન ભારતની ઋષિ સંસ્કૃતિ પ્રમાણેની જીવન પધ્ધતિ શીખવતી સિધ્ધ સમાધિ યોગ શિબીરનો રાજકોટમાં પ્રારંભ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૩

જૂનાગઢમાં ઋષિ સંસ્કૃતિ વિધા કેન્દ્ર, બેંગ્લોર દ્વારા આયોજીત શારિરીક, માનસિક, આર્થિક, આધ્યાત્મિક અને સર્વાંગિક વિકાસ અંગે શ્રીનાથ ભવન, પાંચમો માળ, જીલ્લા પંચાયત સામે, રેસકોર્ષ, રાજકોટ ખાતે તા. ૧૨/૦૧/૨૦૨૫ રવિવારથી સિધ્ધ સમાધિ યોગ શિબિરનો પ્રારંભ થયેલ છે. શિબિરનો સમય સવારે ૯ થી ૧૧ કલાક સુધીનો છે. આપણી પ્રાચીન સંસ્કૃતિમાં પંચકોષ અને તેની શુધ્ધી કરવાની પ્રક્રિયાની વાત આવે છે જેના દ્વારા શારિરીક સ્વાસ્થય, માનસિક સંતુલન અને સમજણમાં વિધેયાત્મક પરિવર્તન આવે છે અને વ્યકિત વિના કારણ આનંદમાં રહે છે. જે બાબત સિધ્ધ સમાધિ યોગ એટલે એસ.એસ.વાય. શિબિર દ્વારા અનુભવાય છે.

એસ.એસ.વાય. એ અત્યંત સરળ, શકિતશાળી, અસરકારક અને પરિણામલક્ષી યોગનો પ્રકાર છે. તેના દ્વારા જીવનની પૂર્ણતાનો અનુભવ થાય છે. તેમજ સહજ, સમૃધ્ધ અને આનંદમય જીવન પ્રાપ્ત થાય છે. વ્યકિતનો જીવન પ્રત્યેનો દષ્ટિકોણ તદ્દન બદલાઈ જાય છે. વ્યકિત રચનાત્મક અને કુદરતી જીવન જીવતી થાય છે.

આ શિબિર દ્વારા શારીરિક તેમજ માનસિક ઘણાં પ્રકારના ફાયદાઓ થાય છે અને વ્યકિત સાહજીક જીવન જીવતો થાય છે. જીવન પ્રત્યેનો તેનો અભિગમ બદલાય જાય છે. વ્યકિતને કોઈપણ લેવલે ફાયદા થાય છે પછી તે વિદ્યાર્થી હોય કે સર્વીસમેન હોય કે ધંધાદારી વ્યકિત. ભલેને ગૃહિણી પણ હોય તેને જીવન જીવવાની નવી જ દિશા મળે છે.

આ પ્રકારની શિબિરો ગુજરાત ઉપરાંત ભારતના બીજા રાજયોમાં પણ યોજાય છે. સિધ્ધ સમાધિ યોગના મુળ ભારતીય સંસ્કૃતિના પાયામાં રહેલ બ્રહ્મોપદેશમ્ નામના સંસ્કારમાં રહેલ છે. આ સંસ્કાર વૈદિક કાળમાં ઘણોજ પ્રચલિત હતો જેના દ્વારા વ્યકિત પોતાનામાં રહેલ અમાપ શકિતઓનો અનુભવ માત્ર તાત્વીક રીતેજ નહિ પરંતુ અનુભવનાં સ્તરે પણ કરી શકતો. આ પૂર્વકાલીન બ્રહ્મોપદેશપ્રો આધુનિક, પધ્ધતિસરની અને પ્રાયોગિક અભિગમ, પરમ પૂજય યોગબ્રહ્મ ગુરૂજી શ્રી ઋષિ પ્રભાકરજીની માનવ સમાજને અમુલ્ય ભેટ છે.

તેઓશ્રી બેંગ્લોર યુનિવર્સીટીના ગોલ્ડ મેડાલીસ્ટ મીકેનેકલ એન્જીનીયર, કેનેડાની વિશ્વ વિખ્યાત વેસ્ટર્ન ઓન્ટેરીયો યુનિવર્સીટીના કોમ્પ્યુટર નિષ્ણાંત, એરોનોટીકલ એન્જીનીયર અને મેનેજમેન્ટનાં (એમ.બી.એ.) સ્નાતક હતા. તેઓશ્રી ધ્યાન, સજાગતા અને શિક્ષણનાં દુનિયાના શ્રેષ્ઠ શિક્ષકોમાના એક છે.

રોજબરોજનાં વ્યવહારિક જીવન દરમ્યાન આપણે કર્મોમાં એટલા બધા અટવાઈ પડીએ છીએ કે આંતરીક શાંતિનો અનુભવ કરી શકતાં નથી. પરંતુ એસ.એસ.વાય. ની તાલીમ દ્વારા સંસારમાં કર્તા થકા અકર્તાની સ્થિતિમાં કેમ જીવી શકાય એ વૈષ્કર્મની કળા શીખી શકાય છે. જીવનમાં કર્મ ચક્રને વિરામ આપી પોતાની ખરી જાતમાં પ્રસ્થાપિત થઈ શકાય છે. સામાન્ય રીતે બુધ્ધિનું કાર્ય વ્યકિત, વસ્તુ કે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનું છે. સારૂ—ખરાબ, લાભદાયક—હાનિકારક, ગમતુ—અણગમતું, ઉપયોગી—બિનઉપયોગી વિગેરે બુધ્ધિની ભેદભાવની પ્રક્રિયાને એસ.એસ.વાય. દ્વારા વિરામ મળે છે અને સ્થિતપ્રજ્ઞની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

આપણી તકલીફો, આપણું ભવિષ્ય, ભાગ્ય આ બધું જ આપણા મનમાં છે. એસ.એસ.વાય. આપણને આ બધું મેળવવામાં મદદ કરી શકે છે અને આપણામાં રહેલ સુષુપ્ત શકિતઓને જગાડી અને જીવનની પરિપૂર્ણતાનો અનુભવ કરાવે છે.

એસ.એસ.વાય. એ કોઈ ધાર્મિક પંથ નથી. તે વ્યકિતને સંપ્રદાય કે પંથની મર્યાદિત રેખાઓથી દૂર સર્વધર્મની ક્ષિતિજ સુધી લઈ જાય છે અને સર્વધર્મ સમભાવનો સંદેશો આપે છે.

એસ.એસ.વાય. કોર્સ કરી તેમાં દર્શાવેલ બાબતોની નિયમિત પ્રેકટીસ કરવાથી આપણા જીવનમાં આનંદ અને સાચા સુખની અનુભુતિ થાય છે. બી.પી., ડાયાબીટીસ, અસ્થમા, વા, માથાનો દુખાવો, એસીડીટી, કાયમી શરદી, શ્વાસ, અનિંદ્રા, હૃદય રોગ જેવા હઠીલા રોગો દૂર થાય છે. નાની મોટી મુશ્કેલીઓ તકમાં તબદીલ થાય છે. શરીર, મન અને બુધ્ધિ સ્વસ્થ રહી વ્યકિતત્વ વિકાસ પામે છે. આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ થાય છે. વજનમાં જરૂરી વધ—ઘટ થાય છે. શારીરીક સ્ફુર્તિનો અનુભવ થઈ, કાર્ય કરવાનો સ્ટેમીના અસાધારણ રીતે વધે છે. ચા, કોફી, પાન, બીડી, તમાકુ, દારૂ, ડ્રગ્સ જેવા નાના મોટા વ્યસનોમાંથી મુકિત મળે છે. મન શાંત થાય છે અને એકાગ્રતા વધે છે. ચિંતા ટેન્શન વાળો સ્વભાવ સુધરે છે. ડીપ્રેશનમાંથી બહાર આવી શકે છે. માનવીય સંબંધોમાં અદ્ભુત પરિવર્તન આવે છે. આસપાસની દુનિયા પ્રત્યેનો નકારાત્મક અભિગમ બદલાય જાય છે. અને ચેતનાના સ્તરે પરિવર્તન થવાથી બીજામાં રહેલા સારા ગુણો દેખાય છે. હંમેશા આનંદમય સ્થિતિમાં રહેવાય છે. જીવનના ગમે તે સ્તરે ફાયદા થાય છે. સિધ્ધ સમાધિ યોગમાં પંચકોષની શુધ્ધિની પ્રક્રિયા કરાવવામાં આવે છે. જેમાં અન્નમય કોષ (ભૌતિક શરીર), પ્રાણમય કોષ (જીવંત શકિત પ્રાણ), મનોમય કોષ (મન), વિજ્ઞાનમય કોષ (બુધ્ધિ) અને આનંદમય કોષ (સ્વ) નો શુધ્ધીકરણ થાય છે.


સમાધિ ધ્યાન આપણા શરીરની મન અને બુધ્ધીને વ્યવસ્થિત રીતે શુધ્ધ કરી વિકસીત કરે છે. શરીર અને મન એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. મન જયારે સતત વિચારોને કારણે સંતુલિત ન હોય ત્યારે તેની અસર શરીર ઉપર થાય છે. અને કેન્સરથી માંડી હૃદય રોગો જેવા અનેક પ્રકારના રોગો થઈ શકે છે. જેને સાયકોસોમેટીક ડીસીસ કહેવામાં આવે છે. આપણને થતા રોગોમાંથી ૭૫% ઉપરના રોગો આ પ્રકારના હોય છે.

સિધ્ધ સમાધિ યોગમાં સમાધિ ધ્યાન શીખવવામાં આવે છે. જેમાં સવાર – બપોર અને સાંજ એમ ત્રણ વખત ૧૫ મિનિટ સુધી કોઈ એક અનુકુળ જગ્યાએ આંખ બંધ કરી એસ.એસ.વાય. ના શિક્ષકની સુચના મુજબ બેસવાનું હોય છે. જેના પરિણામે માનસિક પ્રક્રિયાઓ આપોઆપ ઓછી થતી જાય છે. અને શરીર ૩ થી ૪ કલાકની ગાઢ ઉંઘ દ્વારા મળતા ઉંડા આરામનો અનુભવ કરે છે. એટલે કે વાસ્તવિક આરામ મેળવે છે.

દરેક દર્દ માટે આરામ એ પાયાનો ઉપાય છે. અને સમાધિ મેડીટેશન દ્વારા મળતો આરામ ઉંઘથી મળતા આરામ કરતા ત્રણ ગણો વધારે છે. સમાધિ મેડીટેશન સર્વેને ફાયદાકારક અને ઉપયોગી છે. તે રોગ પ્રતિકારક અને રોગ નિવારક ગુણ ધરાવે છે. તેથી જ તે સ્વાસ્થ્ય સુધારક, સ્વાસ્થ્ય વર્ધક અને પ્રાણદાયી જડીબુટ્ટી છે.

અસ્થમાં, આર્થરાઈટીસ, હાયપરટેન્શન, લો બ્લડપ્રેશર, પેરેલીસીસ વગેરે માટે સમાધિ યોગ અકસીર દવા સાબિત થાય છે. ઘણા દર્દીઓએ આ સમાધિ યોગ કર્યા પછી બાય પાસ સર્જરી કરાવવામાંથી મુકિત મળેલ છે. સમાધિ મેડીટેશન મનને એકાગ્ર અને શાંત બનાવે છે. બુધ્ધીને તીક્ષ્ણ બનાવે છે. અને સમજણને ઉર્ધ્વગામી બનાવે છે. સમાધિ યોગથી બુધ્ધિમતા અને સર્જનાત્મક શકિત વધે છે. માણસો શારિરીક કે માનસિક તણાવ વગર કામ કરી શકે છે.

સિધ્ધ સમાધિ યોગ એ વેદાંતોનું પ્રાયોગિક રૂપાંતર છે. એટલે કે વેદોએ આપેલ જીવન ઉપયોગી પ્રેકટીકલ અભિગમ છે. જેમાં જીવનના રોજબરોજના પ્રશ્નોથી દૂર જવાને બદલે તેને સમજી તેને તકમાં પરિવર્તિત



કરવાની શકિત આપે છે. આ શિબિરમાં ૧૫ વર્ષથી ઉપરના, ગમે તે ધર્મ પાળતા જ્ઞાતિ જાતિ કે વર્ણના સાવ અભણ કે ગમે તેટલું ભણેલા, ડોકટર, એન્જીનીયર, ઉદ્યોગપતિ, વિકલ, વેપારી, પ્રોફેસર, શિક્ષક, કોઈપણ નોકરીયાત, વ્યવસાય કરતી વ્યકિત, ગૃહિણી, વિદ્યાર્થી કે રમતવીર જોડાઈ દરેક સ્તરે લાભાન્વિત થઈ શકે છે.

આ શિબીરમાં જોડાવા માટે પ્રોગ્રામ અંગે વિગતવાર માહિતી માટે શ્રીનાથ કોમ્પલેક્ષ, પાંચમો માળ, જીલ્લા પંચાયત ચોક, રેસકોર્ષ, રાજકોટ. આ શિબિરમાં ભાગ લેવા માટે મો. ૯૪૨૬૯૮૬૧૦૯ અથવા ૯૩૨૭૯૫૦૨૫૯ ઉપર સંપર્ક કરવા ડો. બિનેશ પતાણીની યાદીમાં જણાવાયુ છે.

# ગીર સોમનાથના વડોદરા (ઝાલા) માં મળેલ બેઠકમાં એક જ સુર "ખેડૂતોનો એક જ નારો જાન-દેંગે, જમીન નહીં દેંગે"

## સોમનાથ-કોડીનાર-છારા નવી ઔદ્યોગિક રેલ્વે લાઈનનો વિરોધ ઉગ્ર બન્યો : હયાત વેરાવળ વાયા તાલાલા કોડીનાર લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરીત કરવા ખેડુતોએ સુચન કર્યુ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૩

ગીર સોમનાથમાં રેલવે તંત્ર દ્વારા સોમનાથ કોડીનાર છારા નવી ઔદ્યોગિક રેલ્વે લાઈન બનાવવાના વિરોધમાં ખેડુતોની જુદા જુદા ગામોમાં મીટીંગો થઈ રહી છે. સુત્રાપાડાના વડોદરા ઝાલા ગામે મહાબળબાપાની જગ્યામાં આજે ખેડૂત એકતા મંચના નેજા હેઠળ બાદલપરા બાદ બીજી મિટિંગ મળી હતી જેમાં ખેડૂતો દ્વારા વિરોધનો સુર વ્યક્ત કરી નવી રેલવે લાઈનનો પ્રોજેકટ રદ કરવા માંગ બુલંદ કરી છે. તેના બદલામાં હાલ હયાત વેરાવળથી વાયા તાલાલા, પ્રાચી, કોડીનાર રેલવે લાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવાનું સુચન સરકારને કર્યુ છે. વડોદરા ઝાલા ગામે મળેલ બેઠકમાં વેરાવળ, સુત્રાપાડા અને કોડીનાર તાલુકાના અસરગ્રસ્ત ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો અને આગેવાનો મળ્યા હતા. ખેડૂત એકતા મંચના અગ્રણી સાગરભાઈ રબારી, રમેશભાઈ બારડ, રામભાઈ વાઢેર, ભગીરથ ઝાલા સહિત આગેવાનો દ્વારા ખેડૂતોને નવી રેલ લાઈનના વિરોધ મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગામી સમયમાં ખેડૂતોનો વિરોધ ઉગ્ર આંદોલનનું સ્વરૂપ ધારણ કરે તેવી શકયતા વર્તાઈ રહી છે. ખેડૂતોની બેઠકમાં સાગર રબારી અને ખેડૂત એકતા મંચના ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ રમેશ બારડે જણાવ્યું હતું કે, માત્ર ચાર ઔદ્યોગિક એકમો માટે ખાસ માલવાહક ટ્રેન શરૂ કરવાની સરકારની યોજના તદન ગેરવ્યાજબી છે. નવી રેલ લાઈનના પ્રોજેકટમાં ત્રણેય તાલુકાના ૩૦ થી વધુ ગામોના અંદાજે ૪ હજારથી વધુ ખેડૂતોની જમીન સંપાદન થનાર છે જે પૈકી ૧ હજાર થઈ વધુ ખેડૂતો તો જમીન વિહોણા બની જશે. કારણ કે આ વિસ્તારમાં ટુકડાધારા અંતર્ગત મોટા ભાગના ખેડૂતો ટૂંકી જમીન ધરાવે છે. બીજી તરફ લીલી નાઘેરા ગણાતા આ વિસ્તારની જમીન અતિ ફળદ્રુપ છે અહીં બાગાયતી પાક ઉપરાંત તેલીબિયાં સહિતના અનેક પાકોથી આ વિસ્તારના ખેડૂતો પોતાનું જીવન નિર્વાહ ચલાવે અને માત્ર ચાર ઔદ્યોગિક એકમોના ફાયદા માટે કૃષિપ્રધાન દેશના ખેડૂતોની ફળદ્રુપ જમીનનું સંપાદન કરવું એ ક્યાંનો ન્યાય..? આ વિસ્તારના તમામ ખેડૂતોએ મક્કમ નિર્ધાર કર્યો છે કે જાન દઈશું પરંતુ જમીન નહીં દઈએ... અને કોઈ પણ ભોગે આ રેલ યોજના એ અમારા વિસ્તારમાં અમલી નહીં જ થવા દઈએ. આગામી દિવસોમાં ખેડૂતો દ્વારા ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર અને એસ.પી.ને લેખિત આવેદનપત્ર પાઠવી ખેડૂતો માટે હાનિકારક આ રેલ પ્રોજેક્ટ માટે કોઈ જાહેરનામું પ્રસિદ્ધ ના કરવા તેમજ પોલીસ દ્વારા કોઈ સ્થિતિને સમજ્યા વિના પોલીસ રક્ષણ ના આપવા રજુઆત કરવામાં આવશે. આ ઉપરાંત ત્રણેય તાલુકાના ખેડૂતો દ્વારા આગામી દિવસોમાં વિશાળ ખેડૂત રેલીનું પણ આયોજન કરવામાં આવશે. સોમનાથ કોડીનાર છારા નવી ઔદ્યોગિક રેલ્વે લાઈનના વિરોધમાં ખેડુતોની મળેલી બેઠકમાં જબરદસ્ત વિરોધ જોવા મળ્યો હતો. બધા ખેડૂતોનો એકજ નારો 'જાનદેંગે જમીન નહીં દેંગે.! અગાઉ આ રેલ્વે લાઈનનું તા. ૨૦/૦૧/૨૦૧૯માં જાહેરનામુ બહાર પાડયું હતું. એ વખતે બધા ખેડુતોએ ૪ હજાર વાંધા અરજીઓ આપેલ, રેલ્વે મંત્રી, રેલ્વે જી.એમ. અને જિલ્લા કલેકટર સાથે મીટીંગો કરી આવેદનપત્ર આપેલા છે. ખેડુતોની એકજ માગ છલ્લકે વેરાવળથી વાયા તાલાળા, પ્રાચી, કોડીનારને બ્રોડગેજમાં રૂપાંતર કરે. આમા સાસણગીરના પર્યટન ઉદ્યોગને પણ ફાયદો થશે. જેથી આ નવી રેલ્વે લાઈન કેન્સલ કરે અન્યથા આ ઉગ્ર આંદોલન કરીશું.

# વેરાવળમાં એસીબીના છટકામાં ૨૦ હજારની લાંચ લેતો પોલીસકર્મી રંગેહાથ ઝડપાયો

## આરોપી પોલીસકર્મીએ ચાર્જશીટ કરી ધક્કા નહી ખવડાવવાના અવેજમાં લાંચ માંગેલ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

વેરાવળમાં ટાવર ચોક પાસે આવેલ પોલીસ ચોકીમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારીએ નેગોશીએબલ કેસ પાછો ખેચી આપવા તથા ઝડપથી ચાર્જશીટ કરી ધક્કા નહી ખવડાવવાના અવજ પેટે રૂા.૨૦ હજારની લાંચ લેતા એ.સી.બી.ની ટીમે રંગે હાથ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ એક જાગૃત નાગરીકે માસીક ૧૨ ટકા લેખે વ્યાજે રૂા.૮૭,૦૦૦ ઉછીના લીધેલા તેની સીક્યુરીટી પેટે માંગરોળ એસ.બી.આઈ. બેંકના બે કોરા ચેક આપેલ જે નાણાં વ્યાજ સહિત ચુકવી દીધેલ તેમ છતાં ફરીયાદીએ આપેલા ચેક પરત આપેલ નહી અને વ્યાજે આપનાર વ્યક્તિએ બે ચેકમાં રકમ ભરી બેંકમાં નાખેલા પરંતુ ફરીયાદીના ખાતામાં બેલેન્સ ન હોવાથી બંને ચેક બાઉન્સ થતાં ફરીયાદી વિરૂદ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની ૧૩૮ મુજબ સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરેલ હતો. જેથી ફરીયાદીએ સામાવાળા વિરૂધ્ધ વેરાવળ પોલીસમાં અરજી આપતા પોલીસે તા.૨૩/૧૨/૨૦૨૪ના ગુનો દાખલ કરેલ હતો. આ ગુના તથા અરજી તપાસના કામે ફરીયાદી વિરૂધ્ધની નેગોશીએબલ કેસ પાછો ખેચી આપવા તથા ઝડપથી ચાર્જશીટ કરી તને ધક્કા નહી ખવડાવવાના અવજ પેટે આરોપીએ રૂા.૨૦,૦૦૦ લઈ આવવા એ.એસ.આઈ. ભરત ઠાકરશીભાઈ મકવાણા ઉ.વ.૪૬ એ જણાવતા લાંચના નાણાં ફરિયાદી આપવા માંગતા ન હોય જેથી જૂનાગઢ એ.સી.બી. પોલીસમાં ફરીયાદ કરેલ જેના આધારે પોલીસ ઈન્સ. જે.બી.કરમુર તથા ઈન્ચાર્જ મદદનીશ નિયામક, એ.સી.બી. જુનાગઢ ના બી.એમ.પટેલ સહીતની ટીમ દ્વારા ગોઠવાયેલ લાંચના છટકા દરમ્યાન આરોપી એ.એસ.આઈ. ભરત ઠાકરશીભાઈ મકવાણા ઉ.વ.૪૬ એ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂા.૨૦,૦૦૦ ની લાંચની માંગણી કરી લાંચના નાણાં પંચની હાજરીમાં વેરાવળમાં શકિત ડીપાર્ટમેન્ટ સ્ટોરની પાછળ, જલારામ ઓટો કન્સલ્ટન્સી સામે સ્વીકારતા રંગે હાથે પકડાઈ ગયેલ જેની સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# વેરાવળમાં મીઠી નજર હેઠળ વેચાતો દારૂનો જથ્થો ઝડપાયો, કુખ્યાત બુટલેગર નાસી છુટયો

## એલસીબીએ દરોડા પાડતા એક હાથમાં આવ્યો જયારે બાકીના પાંચ શખ્સો નાસી છુટતા ઝડપવા ચક્રો ગતિમાન કર્યા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

વેરાવળમાં ચોરી છુપે અમુક જવાબદારોની મીઠી નજર હેઠળ વિદેશી દારૂનો વેપલો ચાલતો હોવાના નામ સાથે પ્રસિધ્ધ થયેલા અખબારી અહેવાલ સાચા ઠર્યા છે. જે મુજબ ગઈકાલે એલસીબીની ટીમે દરોડો પાડીને વેરાવળમાંથી દારૂનો જથ્થો ભરવા આવેલા સુત્રાપાડાના શખ્સને રંગેહાથ ઝડપી લીધેલ જયારે દરોડા દરમ્યાન નાસી ગયેલા વેરાવળનો કુખ્યાત બુટલેગર સહિત પાંચ શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પ્રાપ્ત વિગતોનુસાર ગઈકાલે દારૂ ભરવા એક કાર આવી હોવાની મળેલ બાતમીના આધારે એલસીબીના નટુભા બસીયા, દેવદાનભાઈ, ગોવિંદ વંશ સહિતના સ્ટાફે વેરાવળ ડાયમંડ ટોકિઝ પાછળની ગલીમાં દરોડો પાડતા સ્થળ પર એક કાર અને બર્ગમેન મોપેડ પડેલ હોય જેની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૩૮૪ કી.રૂ.૧૯,૨૦૦ ની મળી આવેલ હતો. કારમાં બેસેલ ગોવિંદ મનુભાઈ વાઢેર રહે.રાખેજ વાળાની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો વેરાવળના કોળીવાડામાં રહેતો રોહિત ઉર્ફે રેમ્બોનો હોય અને તેના ત્રણ માણસો કારમાં મુકી ગયા હતા. જેના આધારે પોલીસે દારૂનો જથ્થો, કાર, મોપેડ સહિત રૂ.૧.૨૯ લાખના મુદામાલ સાથે આરોપી ગોવિંદ વાઢેરની ધરપકડ કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે દરોડા દરમ્યાન નાસી ગયેલ રોહિત ઉર્ફે રેમ્બો અને તેના ત્રણ માણસો તથા રમેશ નોંધણ ઝાલાને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

**મીઠી નજર હેઠળ ચાલતા ગોરખધંધાથી ઉચ્ચ અધિકારીઓ પણ અજાણ....**

વેરાવળ સોમનાથ શહેર માં છેલ્લા ત્રણેક માસ થી રોહિત રેમ્બો, ગિરીશ, પપ્પુ જેવા ચોક્કસ બુટલેગરો ચોક્કસ લોકો ની મીઠી નજર હેઠળ શહેરમાં ચોરી છુપીથી વિદેશી દારૂ નો વેપલો ચલાવી રહ્યા છે. પરંતુ અમુક લોકો ને સાચવી ને ઠાલવાતો વિદેશી દારૂ ના જથ્થા અંગે તંત્ર માં જ છેલ્લા ઘણા સમયથી આંતરિક ગણગણાટ શરૂ થયો હતો જિલ્લા પોલીસ વડા પણ સમગ્ર ગતિવિધિથી અજાણ હતા. ત્યારે ગઈકાલે એલસીબીએ પકડેલા દારૂના જથ્થા એ વેરાવળ સોમનાથ માં ચોરી છુપીથી અમુક ચોક્કસ લોકોની સાંઠગાંઠથી ચાલતા ગોરખધંધાનો પર્દાફાશ થયાનું પોલીસ બેડામાં જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે. શહેરમાં આવા ત્રણ બુટલેગર પૈકી હજુ એક જ ઝડપાયો છે જ્યારે બાકીના ગિરીશ, પપ્પુ જેવા બુટલેગરો હજુ પણ પોલીસ પક્કડથી દુર છે.

# વેરાવળમાં સંસ્થા ચલાવતા યુવકના ત્રાસમાંથી મુકત કરાવવા યુવતી પોલીસના શરણે

## પોલીસે નિરાધારનો આધાર આશ્રમના સંચાલકની ધરપકડ કરી તપાસનો ધમધમાટ હાથ ધર્યો : સંસ્થાના સંચાલકએ પ્રેમજાળમાં ફસાવ્યા બાદ ત્રાસ ગુજારતો હોવાના યુવતીએ આક્ષેપ કર્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

વેરાવળના ડારી ટોલ નાકા પાસે કાર્યરત નિરાધારનો આધાર આશ્રમ ચલાવતા સંચાલકે એક યુવતી સાથે મિત્રતા બાંધી લગ્ન કરવાની લાલચ આપી બહારગામ ફરવા લઈ જઈ બળજબરી પુર્વક શારીરીક છેડછાડ કરી સંબંધો બાંધવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં યુવતીએ લગ્ન કરવાની ના પાડતા સંચાલક યુવકએ ત્રાસ ગુજારવાનું શરૂ કરીને ધમકાવતો હોવાથી ડરી ગયેલ યુવતી પોલીસની શરણે પહોંચી હતી. જ્યાં યુવતીએ આશ્રમના સંચાલક અને તેના મિત્ર સામે શારીરીક છેડછાડની ફરીયાદ નોંધાવતા પોલીસે બંન્નેની ધરપકડ કરી તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળ નજીક આવેલ ડારી ટોલનાકાની બાજુમાં આવેલ નિરાધારનો આધાર આશ્રમના સંચાલક મુળ ભરૂચનો જનક અરૂણભાઈ પારેખના પરીચયમાં ચારેક વર્ષ પુર્વે આવેલ એક યુવતી સાથે મિત્રતા થઈ હતી. બાદમાં જનક યુવતીના ઘર નજીક રહેવા આવી ગયેલ હતો. બાદમાં જનક અવાર નવાર આવી ઘરે આવીને યુવતીને તેની સાથે લગ્ન કરશે તેવી લાલચ આપી શારીરીક છેડછાડ કરી શારીરીક સંબંધ બાંધવાની કોશિશો કરી હતી. બાદમાં ૨૦૨૩ માં જનકના જન્મદિવસ નિમીતે બંન્ને કચ્છ ફરવા ગયેલ ત્યારે જનકે કહેલ કે હુ તારી સાથે લગ્ન કરીશ તેવી લાલચ આપી બળજબરી કરી યુવતી સાથે સબંધ બાધવાની કોશીશ કરતા લગ્ન કર્યા બાદ સંબંધ બાંધશુ તેવું યુવતીએ જણાવ્યુ હતુ. ત્યારપછી એક દિવસ યુવતીએ લગ્ન કરવાની વાત કરતા જનક એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. જેથી વ્યથિત યુવતીએ વાતો કરવાનું બંધ કરી તમામ સંબંધો પુરા કરી દીધા હતા. થોડા દિવસો બાદ જનકે યુવતીના ઘરે જઈ જો તું મારી સાથે લગ્ન નહીં કરીશ તો તને હું જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. દરમ્યાન ગત તા.૯ જાન્યુ.ના રોજ જનક સાથે રહેતા ધ્રુવે પોતાની કાર લઈને યુવતીનો પીછો કરી ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમથી ડરી ગયેલ યુવતીએ જનકમાં ત્રાસમાંથી મુક્ત થવા પોલીસ સમક્ષ ઉપરોકત વિગતો સાથે જનક અને ધ્રુવ સામે ફરીયાદ કરી હતી. જેને લઈ પોલીસે બી.એન.એસ.ની કલમ ૭૫(૧)(ii), ૭૮(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ હેઠળ ગુનો નોંધી બંન્ને આરોપીઓની ધરપકડ કરી ચક્રો ગતિમાન કર્યા છે.

# નાટ્યાત્મક રીતે ઉત્તરાયણની ઉજવણી કરી જૂનાગઢમાં આપનેતા પ્રવીણ રામ દ્વારા નોંધાયો ઈકોઝોનનો અલગ રીતે વિરોધ



જૂનાગઢ તા.૧૩

ગીરમાં છેલ્લા ત્રણ મહિનાથી સતત ઈકોઝોનનો વિરોધ વધી રહ્યો છે, જેમ જેમ શિયાળામાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે એમ એમ ગીરમાં ઈકોઝોનની આગ દિવસેને દિવસે વધતી જાય છે, દિવાળી, નવરાત્રી બાદ હવે ઉત્તરાયણમાં વિરોધના સુર જોવા મળી રહ્યા છે, ઉત્તરાયણમાં ઈકોઝોન વિરૂદ્ધના નારા સાથેની પતંગો ચગાવી ગીરના દરેક ગામડામાં ઈકોઝોનનો વિરોધ થાય એ માટે ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામે પ્રોગ્રામો જાહેર કર્યા છે. ત્યારે આ પ્રોગ્રામ અંતર્ગત આજ રોજ જૂનાગઢ ખાતે પ્રવીણ રામે નાટ્યાત્મક રીતે ઉત્તરાયણની ઉજવણી કરી ઈકોઝોનનો વિરોધ નોંધાવ્યો, આ વિરોધના પ્રોગ્રામમાં આમ આદમી પાર્ટીના પ્રવીણ રામ, રાજુભાઈ બોરખતરીયા, હરેશભાઈ સાવલિયા, કિશોરભાઈ, પ્રવીણભાઈ, મહેન્દ્રભાઈ, નિર્મલભાઈ તેમજ ગીરની સામાન્ય જનતાએ ભાગ લીધો, ઉત્તરાયણની થીમ ઉપરના આ નાટકમાં ગીરની જનતા અને ભાજપ વચ્ચે સવાંદ સર્જાયો, જેમાં ભાજપે ઈકોઝોન નાબૂદ કરવાની ના પાડતા ભાજપને મત આપનાર ગીરની જનતાએ ભાજપની પતંગ કાપી નાખી અને આમ આદમી પાર્ટીના ફુગ્ગા હાથમાં લઈ લીધા. આ પ્રોગ્રામ બાબતે આપનેતા અને ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામે જણાવ્યું કે આ રીતે ઉત્તરાયણની નાટ્યાત્મક રીતે ઉજવણી કરી અમે ભાજપ સરકારને ઈકોઝોન મુદ્દે સ્પષ્ટ સંદેશ આપવાનો પ્રયત્ન કર્યો, આ પ્રોગ્રામથી અમે ભાજપ સરકારને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો ભાજપ હકીકતમાં ઈકોઝોન નાબૂદ નહીં કરે તો જેમ નાટકમાં ગીરની જનતાએ ભાજપની પતંગ કાપી નાખી એમ વાસ્તવિકતામાં પણ ગીરની જનતા ગીરમાં સગતી ભાજપની પતંગને કાપી આમ આદમી પાર્ટીની પતંગ ચગાવી દેશે.

આમ ગીરમાં રેલીઓ,સભાઓ તો ઠીક પરંતુ તહેવારોમાં ઈકોઝોનનો વિરોધ જોવા મળી રહ્યો છે, દિવાળીમા ફટાકડામાં ઈકોઝોનના સ્ટીકર લગાવી ફટાકડા ફોડાયા, નવરાત્રીમા ઈકોઝોન નાબૂદના બેનરો સાથે ગરબા રમાયા અને હવે ઉતરાયણ ઉપર ઈકોઝોનો વિરોધ નોંધાતા ભાજપ સરકારની ચિંતામાં વધારો થયો છે.

### માંગરોળમાં મુરલીધર વાડી ખાતે યોજાયેલ સે નો ટુ ડ્રગ્સના થીમ પોસ્ટર કોમ્પિટેશનમાં

# દર્શાંગીબેન વંદુર પ્રથમ ક્રમાંક મેળવી ખારવા સમાજનું ગૌરવ વધાર્યુ



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૧૩

માંગરોળ ડોક્ટર એસોસિએશન અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન માંગરોળ શાખા દ્વારા સે નો ટુ ડ્રગ્સના થીમ સાથે મુરલીધર વાડી ખાતે એક ભવ્ય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના અલગ અલગ શાળાઓના ૮૫૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં જૂનાગઢ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ ખાસ ઉપસ્થિત રહી તમામ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. ત્યારે આ ચિત્ર સ્પર્ધાના વિભાગ-બીમાં ભાગ લેનાર માંગરોળ બંદરના પરમેશ વિદ્યાલયમાં ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની



દર્શાંગીબેન પરસોતમભાઈ વંદુરે પ્રથમ નંબર મેળવી તેમના પરિવાર અને ખારવા સમાજનું ગૌરવ વધાર્યુ છે.

પ્રથમ ક્રમાંક મેળવવા બદલ ડોક્ટર એસોસિએશન દ્વારા રોકડ પુરસ્કાર પ્રમાણપત્ર એનાયત કરી અભિનંદન પાઠવ્યા હતા.

### વેરાવળ શહેરમાં મકરસંક્રાંતિના પર્વે જીવદયા પ્રેમીઓઓ દ્વારા

# મુંગા પશુઓને ઘાસચારો ખીચડો ઘૂઘરી વગેરે ખવડાવતા હોય : બગાડ ન થાય તે માટે સ્વસ્તિક સેવા મંડળ દ્વારા ડેપો શરૂ કરાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૨

વેરાવળમાં ધર્મપ્રેમી જનતા આગામી મકરસંક્રાંતિના પાવન પર્વ નિમિત્તે શેરી સોસાયટી તેમજ રસ્તા ઉપર ગાય તથા અન્ય પ્રાણીઓને ઘાસચારો ખીચડો ઘૂઘરી વગેરે ખવડાવતા હોય ત્યારે તેમાં ઘણો બગાડ થાય છે અને બગડેલો ખોરાક ખાવાથી અબોલ પશુઓ બીમાર થાય છે. માટે આ બગાડ અટકાવવા તથા ઘાસનો સદુપયોગ થાય તે હેતુથી સ્વસ્તિક સેવા મંડળ શ્રી રામ ગૌ સેવા મંડળ, જય સોમનાથ ગૌ સેવા હોસ્પિટલ તથા બાળ ગોપાલ ગૌસેવા મંડળ તેમજ જીવદયા પ્રેમીઓ દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે ઘાસ ડેપો શરૂ કરવામાં આવનાર હોય તેથી દાનની રકમ તેમજ ઘાસ કપાસીયા ભુશો આ ડેપો ઉપર જમા કરવા અનુરોધ કરેલ છે. આ ડેપો ઉપર જમા થયેલ ઘાસ વેરાવળ મહાજન પાંજરાપોળમાં ગોપાલ વાડી, ઉંબાવાડી, બાપા સીતારામ ગૌશાળા, ભવાની ગૌશાળા કદવાર, ગાયત્રી મંદિર ગૌશાળા, મોટી હવેલી ગૌશાળા, તેમજ જરૂરિયાત વાળી ગૌશાળાએ પહોંચાડી દાનનો સદુપયોગ થઈ શકે તેમજ માનવસેવા રોકડ અથવા વિવિધ વસ્તુઓ સ્વરૂપે જેવા કે બિસ્કીટ તલસાકરી, મમરાના લાડુ, ફ્રુટ, ઘઉં, ચોખા વગેરે સ્વીકારી વેરાવળની જરૂરિયાતવાળી વ્યક્તિને પહોંચાડતી કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ જીવ દયા પ્રેમીઓને તથા ભગીરથ કાર્યમાં સહયોગ (દાન) આપવા માટે સ્વસ્તિક સેવા મંડળ દ્વારા એક યાદીમાં જણાવેલ છે. આ ઉપરાંત વેરાવળમાં કાશી વિશ્વનાથ મંદિર પાસે આવેલ શ્રી બાલ ગોપાલ ગૌશાળા હોસ્પિટલ માં અંધ-અપંગ, અશકત, દાઝેલી તથા અકસ્માત થયેલી ગાયોને વિના મુલ્યે રાખવામાં આવે છે અને તેની સાર-સંભાળ રાખવામાં આવે છે. આ સેવા કાર્ય માટે યોગ્ય દાન, રોકડ, ચેક અથવા ઓનલાઈન પણ મોકલી શકાય તેવી વ્યવસ્થા હોવાનું અરૂણભાઈ સોનીએ જણાવેલ છે.

# કડીયાવાડ વેપારી એશોસિએસનના પ્રમુખ તરીકે કિશનભાઈ સોંદરવાની વરણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

કડિયાવડ વેપારી એશોસીયેસન દ્વારા શાકભાજીના વેપારીઓ તથા વાલ્મીકિ સમાજે સર્વ સંમતિથી કિશનભાઈ સોંદરવાને પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી હતી સાથે જ ૨૦૦ કાર્યકરીને લયને ભાજપમાં જોડાતાં આવકારવામાં આવેલ. હાટકેશ્વર મંદિર ખાતે ગઈકાલે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કડિયવડ વિસ્તારના મહિલા સહિતના લોકોએ આવકરેલ અને ભોજનનો કાર્યક્રમ યોજાયો હતો.

# સુરજકરાડી ચિત્રકુટધામ ખાતે સંતશ્રી બજરંગદાસ બાપાની ૪૮મી પુણ્યતિથી ધાર્મિકતાથી ઉજવાશે

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

દ્વારકાનાં સુરજકરાડી ખાતે આવેલ ચિત્રકુટધામમાં દર વર્ષની જેમ સંતશ્રી બજરંગદાસ બાપાની ૪૮મી પુણ્યતિથી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો રાખેલા છે. તા.૧૭-૧-૨૦૨૫ને શુક્રવારે સવારે ૯ વાગે ગુરૂ પૂજન, ૧૦ વાગે શ્રીસત્યનારાયણ ભગવાનની કથા, બપોરે ૧૨ વાગે સૌ ધાર્મિક જનતા માટે મહાપ્રસાદ, ૫ વાગે ભજન કીર્તન અને ૭ વાગે બાપાની મહાઆરતી. ઉપરોક્ત ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપી ધર્મ લાભ લેવા આયોજક ઉમેશભાઈ મજીઠીયાએ નિમંત્રણ પાઠવેલ છે.

# સંજીવની નેચર ફાઉન્ડેશન માંગરોળ દ્વારા કરૂણા અભિયાન

(નિલેશ રાજપરા દ્વારા)


ઘાયલ પક્ષીઓની સારવાર માટે માંગરોળમાં જુદી જુદી ટીમો બનાવાઈ છે. ટીમ દ્વારા પક્ષીઓને સારવાર આપવામાં આવશે. માંગરોળમાં સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા ઘાયલ પક્ષીઓની સારવાર માટેનું અભિયાન હાથ ધર્યુ છે. ઉત્તરાયણની મજા પક્ષીઓ માટે સજા બની જતી હોય છે. પક્ષીઓના ગળામાં દોરો ફસાઈ જવાના, મોત થવાના અનેક કિસ્સાઓ બનતા હોય છે. ત્યારે આવામાં અનેક સેવાભાવી સંસ્થાઓ ઉત્તરાયણમાં ૨૪ કલાક સેવા આપે છે. જ્યાંથી પણ કોલ આવે ત્યાં મદદ કરવા પહોંચી જાય છે. ત્યારે મંગરોલની સંજીવની નેચર ફાઉન્ડેશન પણ પક્ષીઓના સારવાર માટે તૈયાર છે. ઘાયલ પક્ષીઓની સારવાર માટે માંગરોળમાં જુદી જુદી ટીમો બનાવાઈ છે. ઘાયલ પક્ષીઓને સારવાર આપવામાં આવશે. જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં શ્રી સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા મકરસંક્રાંતિના પર્વ ને લઈને વિશેષ ઘાયલ પક્ષીઓ માટે વીશેષ નિસ્વાર્થ સેવાઓની જાહેરાત કરવામાં આવી છે. માંગરોળ તેમજ આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત અને ૨૪×૭ કલાક નિસ્વાર્થ સેવા આપતી સંસ્થા એટલે સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા પશુ પક્ષીઓ તેમજ પર્યાવરણની જાળવણી માટે રાત દિવસ અથાગ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આવનારા મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ ઘાયલ પક્ષીઓની સારવાર માટે એક વિશેષ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં માંગરોળ સહિત આજુબાજુના દરેક વિસ્તારને આવરી ઘાયલ પક્ષીઓની સારવાર માટે એક વિશેષ વ્યવસ્થા

### ઘાયલ પક્ષીઓની સારવાર માટે તૈયાર છે આ ટીમ : આ નંબર ઉપર કરી શકો છો સંપર્ક

કરી દરેક સારવાર કેન્દ્રના મોબાઈલ નંબરની જાહેરાત પણ કરવામાં આવી છે. જેથી કરીને ઘાયલ મૂંગા અને અબોલ એવા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે અને તેનો જીવ બચી જાય તેવા પ્રયાસો શ્રી સંજીવની નેચર ફાઉન્ડેશનના પ્રમુખ નરેશગીરી ગોસ્વામી તેમજ ઉપપ્રમુખ નીલેશભાઈ રાજપરાના સુંદર આયોજન અને માર્ગદર્શન દ્વારા શરૂ કરવામાં આવેલ છે. ઘાયલ બિમાર પક્ષી નજરે પડે તો આ મોબાઈલ નંબર માંગરોળ : ૯૨૨૭૬૧૭૧૦૦/ ૯૮૨૪૪૦૫૭૫૬, માધવપુર : ૯૮૯૮૧૫૫૬૫૮/ ૯૮૯૮૯૦૭૮૦૨, શીલ : ૯૦૧૬૯૬૦૮૮૮/ ૯૯૨૫૯૮૯૬૮૨, આજક : ૭૩૫૯૧૮૭૮૭૮/ ૭૬૦૦૦૨૦૦૮, તલોદ્રા : ૯૯૨૪૧૧૦૧૦૮/ ૯૯૨૪૨૪૩૩૧૬, જરીયાવાડા : ૭૨૮૩૯૨૭૫૪૬, મક્તુપુર : ૯૨૨૮૨૪૫૯૯૪/ ૭૩૫૯૯૭૬૨૧૫, શાપુર : ૮૭૮૦૩૫૬૯૩૨/ ૯૬૬૪૯૬૬૮૩૮, શેરીયાજ : ૮૭૫૮૮૪૪૯૬૧/ ૮૧૪૦૫૩૨૫૭૪, આરેણા : ૯૪૦૮૩૬૩૯૪૩/ ૯૧૦૬૭૧૦૫૪૫, કુકસવાડા : ૯૫૭૪૩૮૪૭૫૦/ ૯૯૯૮૮૫૨૬૯૯, ચોરવાડ : ૭૭૭૯૦૩૩૧૬૩, ગોરેજ : ૯૬૬૨૧૧૬૩૩૩, ચંદવાણા : ૯૯૭૯૫૧૮૬૬૫, માંગરોળ બંદર : ૯૯૨૪૨૩૫૦૦૨/ ૯૧૭૩૧૭૮૯૯૯, ઢેલાણા : ૯૯૯૮૬૪૧૪૨૨ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

### જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ભારે ઉત્સાહ

# આવતીકાલે ઉત્તરાયણ : રંગબેરંગી પતંગોથી આકાશ ઉભરાશે






જૂનાગઢ તા.૧૩

આવતીકાલે મકરસંક્રાતી પર્વની જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. સુર્યનાં મકરરાશીમાં પ્રવેશના પર્વને મકરસંક્રાતિ કહેવામાં આવે છે.

મકરસંક્રાતિનું પર્વ પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ ધામધુમ અને ઉત્સાહપુર્વક મનાવવામાં આવશે. આવતીકાલે મકરસંક્રાતિ પર્વે સવારથી જ લોકો પરીવાર સાથે પોત પોતાના મકાન, ધાબા, અગાશી ઉપર પહોંચી જશે અને નાના બાળકોથી લઈ યુવા વર્ગ, વડીલો અને પરિવારજનો દિવસભર પતંગ ઉડાવવાની મોજ માણશે. તલસાકરી, ખજુર પાક, તલના લાડુ, મમરાનાં લાડુ વગેરે આરોગતા અને સ્ટીરીયો ઉપર ગીતોનાં ગુંજારવ વચ્ચે દિવસભર લોકો પતંગ ઉડાડવાની મોજ માણશે. લગભગ દરેક પતંગના રસીયાઓ પતંગનાં પેચ લડાવશે અને પતંગબાજો પેચ લડાવે ત્યારે કોઈ પતંગ કટ થાય ત્યારે વાતાવરણમાં હર્ષની ચીચીયારી સાથે એ.. કાઈ પો... છે ના નારા ગુંજી ઉઠશે. શીયાળાનાં ઠંડીના માહોલમાં ભગવાન સુર્યનારાયણનાં હુંફાળા તડકા વચ્ચે પતંગ ઉડાડવાની મોજ માણશે. આ સાથે જ પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, ફાર્મ હાઉસ વગેરેમાં પણ પાર્ટીઓ યોજાતી હોય છે. આખો દિવસ પતંગ ઉડાડવાની મોજ માણ્યા બાદ રાત્રીનાં અગાશી ઉપર ઉંધીયા પાર્ટી, પાઉંભાજી, ભજીયા પાર્ટીની મોજ માણશે. મકરસંક્રાંતિનાં પર્વને હર્ષભેર, ઉલ્લાસભેર અને ઉત્સાહભેર મનાવવા માટે ભારે ઉત્સાહ લોકોમાં જોવા મળે છે. ગુજરાતના વિવિધ શહેરોમાં આવતીકાલ સુધી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવાઈ રહયો છે. મકરસંક્રાતિનાં પર્વના દિવસે લોકો પતંગ ઉડાવવાની મજા તેમજ ઉંધીયાની પણ મોજ માણશે અને આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જશે. વિશેષમાં મકરસંક્રાતિનું પર્વ દાન પુણ્યનું પણ પર્વ હોય જેથી સવારથી જ લોકો દાન, પુણ્યના કાર્યક્રમો પણ યોજવામાં આવશે. ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિ પર્વની સાથે કમુરતા પણ પુરા થતાં હોય જેથી શુભ કાર્યો અને લગ્નગાળાની સીઝન પણ શરૂ થશે.

## જૂનાગઢ : આરએફઓની નોકરી અપાવવાની લાલચ આપી લાખોની છેતરપીંડી કરનાર ૩ ઝડપાયા

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં સરકારી નોકરી અપાવવાના નામે મોટી છેતરપિંડી સામે આવી છે. વન વિભાગમાં આરએફઓની સીધી નોકરી અપાવવાના બહાને યુવાનો પાસેથી લાખો રૂપિયા પડાવતી ગેંગનો પર્દાફાશ થયો છે. પોલીસે આ મામલે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

જૂનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલીયા એ જણાવ્યું હતું કે જૂનાગઢ સરદારબાગ નજીક વન વિભાગના ડીસીએફની કચેરી આવેલી છે. જ્યાંથી આરએફઓ એ સી ડિવિઝન પોલીસને જાણ કરી હતી કે વન વિભાગ ની ઓફિસે કોઈ શંકાસ્પદ વ્યક્તિ હલનચલન કરી રહી છે. જેને લઈ શ્રી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વત્સલ સાવજ વન વિભાગ કચેરી ખાતે પહોંચ્યા હતા.જ્યાં મધ્યપ્રદેશનો દીપક શ્યામલાલ સેન આ કચેરીએ આરએફઓના ઈન્ટરવ્યૂ લેવા માટે આવ્યો હતો તેવું પોલીસને જાણવા મળ્યું હતું. ત્યારે મધ્યપ્રદેશના આ ઈસમ સાથે કેટલા લોકો સંકળાયેલા છે તે દિશામાં સી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી હતી.ફરિયાદી નાથાભાઈ સોલંકી અને પરબતભાઈ પિઠીયાએ ૪,૫૦,૦૦૦ તેના દીકરાને સીધી આરએફઓની નોકરી મળે તે માટે આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાય છે. આ બાબતે ફરિયાદી કાળાભાઈ કરસનભાઈ સોલંકી, નાથાભાઈ સોલંકી અને પરબતભાઈ પિઠીયા અને ખીમજીભાઈ સોલંકીએ તેઓના દીકરાઓ માટે આરએફઓ ની સિધી નોકરી માટે ૨૫ લાખ રૂપિયા ગાંધીનગરના વિનોદ ઉર્ફે વિનય બાબુલાલ ગઢવીને આપ્યા હતા. તેમજ વિનય ગઢવી સાથે ઓળખાણ કરાવનાર ધનજીભાઈ રાંક સાથે સંપર્કમાં આવ્યા હતા. આરોપીઓએ આરએફઓની સીધી ભરતી કરી નોકરી અપાવવાની લાલચ આપી એક ઉમેદવાર દીઠ ૨૫ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. આ મામલે શ્રી ડિવિઝન પોલીસે દીપક શ્યામલાલ સેનનો મોબાઈલ તપાસતા તેમાંથી અલગ અલગ વિભાગના ડમી કોલલેટર મળી આવ્યા હતા. જેમાં ઈન્કમટેક્સ, પોસ્ટ ઓફિસ રેલવે વિભાગ, વન વિભાગ ,જેવા સરકારી વિભાગોના ડમી કોલ લેટર મળી આવ્યા હતા. આ છેતરપિંડી કરનાર ગેંગ નો મુખ્ય સૂત્રધાર મુંબઈનો આશિષ શાહુ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. દિપક સેન્ડ દ્વારા પોલીસને જણાવ્યા મુજબ આશિષ શાહુ ઈન્દોર મુંબઈ તેમજ અલગ અલગ શહેરોમાં પોતાની ઓફિસ બનાવી દિપક સેન જેવા લોકોને તેની સાથે રાખી અલગ અલગ જગ્યાએ છેતરપિંડી કરવા ઈન્ટરવ્યૂ લેવા મોકલતો હતો.આશિષ શાહ વન વિભાગની ડુપ્લીકેટ વેબસાઈટ બનાવી લોકોને છેતરવા આરએફઓના ડમી કોલ લેટરો મોકલતો હતો. પોલીસે દીપકસેનને ઝડપી તેના મોબાઈલની તપાસ કરતા નોકરી અપાવવાની લાલચ આપતા મધ્યપ્રદેશના દીપક સેન, વિનોદ ઉર્ફે વિનોદ બાબુલાલ ગઢવી, અને બાબુભાઈ ધનજીભાઈ પટેલ નામના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.પોલીસે ત્રણે આરોપીઓને ઝડપી પકડાયેલ આરોપીની વધુ પૂછપરછ માટે કોર્ટ પાસે રિમાન્ડની માંગણી કરતા કોર્ટ દ્વારા ચાર દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા છે. ત્યારે આ છેતરપિંડી કરતી ગેંગની પૂછપરછ કરતા વિસાવદરના નિકુંજ ભટ્ટ નામના યોગ સાથે પણ આ છેતરપિંડી આચરતી ગેંગ દ્વારા ખોટી રીતે સરકારી નોકરી આપવાની લાલચ આપી ૧૪ લાખ રૂપિયા આંગળી અને બે મારફત ટ્રાન્સફર કરાવ્યાનું સામે આવ્યું છે.

## જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પિસ્ટલ સાથે શખ્સને દબોચ્યો

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગત તા. ૧૮ ડિસેમ્બરના રોજ શહેરના રામદેવપરાનો સલમાન ઉર્ફે સલીયો ઉર્ફે સલીમ તૈયબ વિશળની આગેવાનીની ૯ શખ્સની સંગઠીત ગુન્હાહિત ગેંગ વિરુધ્ધ ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. અને તેની સાથે ૫ શખ્સને પ્રારંભમાં અને બાદમાં ૩ શખ્સને દબોચી લીધા હતા. રામદેવપરા વિસ્તારની ગેંગનો લીડર સલમાન ઉર્ફે સલીયો ઉર્ફે સલીમ તૈયબ ફરાર હતો. જેને પકડવા માટે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ જે. જે. પટેલની ટીમ તપાસમાં હતી તે દરમિયાન આરોપી સલમાન તૈયબ હથિયાર સાથે સાબલપુર તરફ આટા મારતો હોવાની હકીકત મળતા ધસી જઈને દબોચી લીધો હતો તેની પાસેથી ૫૦,૦૦૦ની દેશી હાથ બનાવટની પિસ્ટલ, ૮૦૦ની કિંમતના ૮ જીવતા કારતુસ, મોબાઈલ ફોન રૂપિયા ૧,૮૩૦ની રોકડ, આધાર કાર્ડ ચૂંટણી કાર્ડ રેલવેની ટિકિટ અને બે સીમકાર્ડ સહિતનો રૂપિયા ૫૯૬૩૦નો મુદ્દામાલ મળી આવતા કબજે લીધો હતો. તેમજ આ પિસ્ટલ અને કાર્ટીસ મુળ બિહાર અને હાલ જેતપુર રહેતા દુર્ગા મારફતે મંગાવ્યાનું ખુલતા પોલીસે બંને આરોપીઓ વિરૂધ્ધ આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધાયેલ છે.

વધુમાં ગુજસીટોકનો મુખ્ય આરોપી સલમાન ઉર્ફે સલીમ ઉર્ફે સલીયો તૈયબને હથિયાર સાથે ઝડપી લઈ હથિયાર મુદ્દે પૂછપરછ કરતા સાબલપુરના હસન ઉર્ફે ટીપુડો હાસમ લિંગરીયા સાથે મન દુઃખ ચાલતું હોય અને તે મારી નાખે તેમ હોય તેથી તેને મારી નાખવા પિસ્ટલ સાથે રાખતો હોવાનું જણાવતા જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં રખિયાર ધારણાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૪ સુધીમાં ગેંગના શખ્સો સામે કુલ ૧૫૩ એફઆઈઆર દાખલ થઈ હતી. જેમાંથી ખુન, ખુનની કોશીષ, ચોરી, લૂંટ, રાયોટીંગ, ખંડણી ઉઘરાવવા, અપહણ, ગેરકાયદેરાર અટકાયત, મારા-મારી, ઈજા, ધાક ધમકી આપવાના, હથિયાર ધારા, પ્રોહીબીશન, જુગાર સહિતના ૨૧ ગુનાઓમાં ગેંગના આરોપીઓ એકબીજા સાથે સંકળાયેલ હતા.

## કેશોદના ગ્રામ્ય વિસ્તારનાં ત્રાંતિક વિધિના નામે પરિણીત મહિલા ઉપર દુષ્કર્મ આચર્યુ : પોલીસ ફરીયાદ

### કેશોદ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી

(પ્રિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૩

કેશોદ પોલીસ સ્ટેશનમાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક પરિણીત મહિલા સાથે તાંત્રિક વિધી કરવા નામે એક શખ્સ ઘરમાં ઘુસી જઈ મહિલાને માર મારી તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપીને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક કેશોદ ડિવીઝનના ચાર્જમાં રહેલાં માંગરોળ ડીવાયએસપી ડી. વી. કોડિયાતરના જણાવ્યાં મુજબ હજુ ઘણા ખરા આર્થિક નબળા પરિવાર સુખ, શાંતિ, આર્થિક સધ્ધરતાં મેળવવા અંધશ્રધ્ધાના નામે તાંત્રિક વિધી કરાવવા પ્રેરાય છે. જયારે તેને ખ્યાલ આવે ત્યાં સુધીમાં તેમની સાથે ન થવાનું થઈ જાય છે. આ ઘટના કેશોદના ગ્રામ્ય પંથકની છે. જયાં એક પરિણિત મહિલા તેના પતિ સાથે રહેતી હોય આર્થિક સ્થિતી નબળી હોય પતિ - પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતાં હોય સુખ શાંતિ મળે તેવા સંજોગોમાં એક તાત્રિક વિધી કરતાં શખ્સના સંપર્કમાં આવી હતી. આથી મહિલા અને આ શખ્સ વચ્ચે તાંત્રિક વિધી માટે થયેલ વાતચીત મુજબ જયારે મહિલાનો પતી રાત્રીના જમીને બહાર જતાં આ શખ્સ મહિલાની એકલતાનો લાભ લઈ તાંત્રિક બહાને મહિલાના ઘરે પહોંચ્યો હતો. અને મહિલાના ઘરમાં પ્રવેશ કરી, ઘરનું બારણું બંધ કરી, તાંત્રિક વિધીના નામે દિવો પ્રગટાવી રૂમ બંધ કરી મહિલાને ધાક ધમકી આપી માર મારી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના અંગે પીડિત મહિલાએ તેની જેઢાણી અને પતિને વાત કરી હતી. આ દુષ્કર્મની ઘટના બાદ મહિલાને કેશોદ સરકારી દવાખાને સારવાર આપવામાં આવી હતી. પોલીસે મહિલાની ફરિયાદ આધારે પંચાળા ગામના રણજીત બધાભાઈ પરમાર વિરૂધ્ધ ૬૪ (૧) ૧૧૫ (૨) હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના અંગે કેશોદ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એ. જાદવ તપાસ ચલાવી રહ્યું છે.

### કેશોદ અને કરેણીમાં અપમૃત્યુના બે બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

કેશોદ પંથકમાં બે અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

કેશોદના માંગરોળ રોડ પર આઈટીઆઈ પાસે કાનાભાઈ રામાભાઈ ગરચર (ઉ.વ.૪૯) રહે.ઢેલાણાવાળાએ કોઈ કારણોસર જીંદગીથી કંટાળો આવતો હોવાથી સેલફોર્સની દવા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના ભાઈ દિલીપભાઈએ કેશોદ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી જયારે કેશોદના કરેણી ગામે રહેતા અજયભાઈ વાલાભાઈ મકકા (ઉ.વ.૨૦)એ કોઈ અગમ્ય કારણોસર ઝેરી ટીકડા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના ભાઈ યાજ્ઞિકભાઈએ કેશોદ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## ચોરવાડ : બાઈક હડફેટે રાહદારીનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ચોરવાડ બાયપાસ ઉપર આવેલ ઓવરબ્રીઝ પર ચાલીને જતા રાહદારીને બાઈક ચાલકે હડફેટે લેતા મોત નિપજયાનું ચોરવાડ પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે વિપુલભાઈ કાળાભાઈ ડોડીયાએ મોટર સાયકલ નં.જીજે-૧૧-સીઆર-૮૩૮૪ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના દાદા રાયસીંગભાઈ ચોરવાડ ઓવરબ્રીજની બાજુમાં ચાલીની જતા હતા ત્યારે આરોપીએ પોતાના હવાલાવાળુ બાઈક બેદરકારીપુર્વક ચલાવી હડફેટે લઈ માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ કરતા સારવાર દરમ્યાન મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કેશોદમાં પત્રકાર ઉપર હુમલો : ૯ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

કેશોદ-જૂનાગઢ બાયપાસ ચોકડી પાસે ગેરકાયદેસર બાયોડીઝલના વેચાણનું વીડીયો શુટીંગ કરવા ગયેલ પત્રકાર પર હુમલો કરી ઢીકાપાટુનો મારમાર્યાની ૯ શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે તેજન્દ્રસિંહ ઉર્ફે તેજુભા જાડેજાએ ઉદય, હીરેન, બાપુ, વેજાભાઈ, જગાભાઈ યાદવ, દેવાભાઈ, લાલો, દિપકભાઈ અને ભાવેશભાઈ રહે.બધા કેશોદવાળાઓ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા સાહેદો પત્રકાર હોય અને તેઓ કેશોદ બાયપાસ ચોકડી પાસે બાયોડીઝલના એક પંપ ઉપર ગેરકાયદેસર બાયોડીઝલનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે વીડીયો શુટીંગ કરવા ગયેલ ત્યારે તમામ આરોપીઓએ એકસંપ કરી ફરીયાદી તથા સાહેદો સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો મારમારી, ફોર વ્હીલ કારના ટાયરોની હવા કાઢી નાખ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે કેશોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નાસતા ફરતા આરોપીને પકડી પાડતી જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોડ

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિર્દેશક નિલેશ ઝાંઝડીયાની સુચના તેમજ ઈ.પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોડે બાતમીના આધારે નાસતો ફરતો આરોપી સદામ હુસેન પલેજા (ઉ.વ.૩૦) રહે. સોનારડી તા. વંથલીને ઝડપી પાડેલ છે.